સીટી માટે...
પાનાં: ૨૦+૧૬ કિંમત: રૂ. ૫-૦૦** તા. ૧૩ ઓક્ટોબર ૨૦૨૬ મંગળવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

# ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▸ સંવત ૨૦૮૨ શકે ૧૯૪૮ આસો સુદ - ૩ વર્ષ : ૯૪, અંક : ૨૭૮ ▸ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▸ http://www.gujaratsamachar.com AHMEDABAD
મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▸ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧▸ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1-2-3-4

વાંચન વિશેષ
સહિયર




## દેશમાં પહેલી વખત સુપ્રીમ કોર્ટ સુધી 'લોકશાહી બચાવો' માર્ચ, જ્ઞાનેશ કુમાર સામે પિટિશન દાખલ

# સરકાર સામે આક્રોશ, વિશાળ રેલી યોજી વિપક્ષનું શક્તિ પ્રદર્શન

નવી દિલ્હી, તા. ૧૨

વોટ ચોરી, કરોડો મતદારોના નામ યાદીમાંથી રદ કરવાના આરોપોનો સામનો કરી રહેલા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે કાયદાકીય પગલા સહિતની માગણીઓ સાથે સોમવારે વિપક્ષના નેતા રાહુલ ગાંધીની આગેવાનીમાં દિલ્હીમાં વિશાળ રેલી યોજાઈ હતી. લોકશાહી બચાવો માર્ચમાં વિદ્યાર્થી સંગઠનો, વિપક્ષના નેતાઓ સહિત હજારોની સંખ્યામાં લોકો જોડાયા હતા. આ રેલી કનોટ પ્લેસ અને બારાખંભા રોડથી સુપ્રીમ કોર્ટ નજીક પહોંચી હતી. બાદમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે સુપ્રીમ કોર્ટમાં વિપક્ષ દ્વારા પિટિશન દાખલ કરાઈ હતી.



દિલ્હીમાં સોમવારે અભૂતપૂર્વ ભીડ જોવા મળી. ચીફ ઈલેક્શન કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે શરૂ થયેલા વિપક્ષના પ્રદર્શનો સુપ્રીમ કોર્ટના દ્વાર સુધી પહોંચ્યા હતા. રસ્તામાં ચારે તરફ માણસો જ માણસો. તમામની એક જ માંગ જ્ઞાનેશ કુમાર રાજીનામું આપે. આ પ્રદર્શનો, ભીડ જોઈને ઘણા સવાલ ઉઠાવી રહ્યા છે. કહી રહ્યા છે કે, આ તો ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકામાં બેઠા બેઠા ભારતમાં વિરોધની આગ લગાવી રહ્યા છે. આ તો શી જિનપિંગ ચીનમાં બેઠા બેઠા આગ લગાવી રહ્યા છે. આ તો પુતિનને કોઈ નિર્ણય ન ગમ્યો એટલે. અરે ભાઈ... દેશમાં છેલ્લા ૧૨ વર્ષથી ભાજપની સરકાર છે. કોઈ જગ્યાએ એન્જિન ડબલ છે તો કોઈ જગ્યાએ ટ્રીપલ એન્જિન છે. કોઈ જગ્યાએ એન્જિન જ નહોતું ત્યાં સામા પક્ષનું આખેઆખું એન્જિન ઉઠાવી લેવામાં આવ્યું છે. હવે, આટલી હદે ભારતમાં તમારી સત્તા હોય. ત્યારે, ટ્રમ્પ, જિનપિંગ કે પુતિન શું કરી શકે? જો ટ્રમ્પ ૩૦૦૦ કિમી દૂર બેઠા બેઠા બધું કરાવતા હોય તો તમે અહીં બેઠા શું કેવા પ્રકારનું શાસન ચલાવી રહ્યા છો? હાલ, દેશમાં સૌથી મહત્ત્વપૂર્ણ સવાલ છે કે, આપણે કેવા પ્રકારની લોકશાહી જોઈએ છે? શી જિનપિંગે ચીનમાં આપી છે એવી? પુતિન રશિયામાં આપી રહ્યા છે તેવી? કે પછી વોટિંગના આધારે કિમ જોંગ ઉનને કોરિયાના લોકલાડીલા નેતા ગણવામાં આવી રહ્યા છે? આ બધાને લોકશાહી ન કહેવાય. લોકશાહીમાં તો દરેક માણસને મતાધિકાર હોય. ભારતમાં ૧-૨ નહીં ૧૩ કરોડ નાગરિકો પાસેથી રાતોરાત મતાધિકાર છીનવી લેવામાં આવ્યો. આ મુદ્દે કોઈ કાર્યવાહી ન કરવામાં આવી. હવે, કાર્યવાહીની માંગ કરવામાં આવી રહી છે. જનતા અવાજ ઉઠાવી રહી છે કે, અમને અમારો મતાધિકાર પાછો આપો તો તે નાગરિક અવાજ નથી ઉઠાવી રહ્યો. એ તો અમેરિકાથી ટ્રમ્પનો દોરી સંચાર છે. વાહ...દિલ કે ખુશ રખને કો ગાલિબ યે ખ્યાલ અચ્છા હૈ...

## મોદી સરકારના ૨૦૦ અધિકારી મારા સંપર્કમાં જ્ઞાનેશ કુમાર રાજીનામું આપી સાક્ષી બની જાવ : રાહુલ ગાંધી

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ, ટીએમસીના મમતા બેનરજી, સીપીઆઈના ડી રાજા, આરજેડીના તેજસ્વી યાદવ, જેન-ઝી આંદોલનો ચહેરો બની ગયેલ વિદ્યાર્થી સંગઠનની નેતા નેહા બોરા, પ્રિયંકા ગાંધી વગેરેએ હજારો સમર્થકો સાથે દિલ્હીમાં કેન્દ્ર સરકાર સામે શક્તિ પ્રદર્શન કર્યું હતું. આશરે બે કિમી સુધી રેલી ચાલી હતી, જોકે સુપ્રીમ કોર્ટથી ૫૦૦ મિટર દૂર તેને અટકાવી દેવામાં આવી હતી. આ દરમિયાન વોટ ચોરી મુદ્દે જ્ઞાનેશ કુમાર અને કેન્દ્ર સરકાર સામે ભારે સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. બાદમાં સુપ્રીમ કોર્ટમાં વિપક્ષ દ્વારા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે પિટિશન ફાઈલ કરવામાં આવી હતી. જેની હવે સુપ્રીમ કોર્ટ દ્વારા સુનાવણી કરવામાં આવશે.

રેલી પહેલા રાહુલ ગાંધીએ કોંગ્રેસના હેડક્વાર્ટર ઈન્દિરા ભવન પર

(અનુસંધાન ૧૩મે પાને)

### જ્ઞાનેશ કુમાર પછી હવે મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતના રાજીનામાની કેરળ કોંગ્રેસની માગ

### કાયદો-વ્યવસ્થા મારા અધિકાર ક્ષેત્રમાં નથી : સીજેઆઈ સૂર્યકાંત

સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતને વિપક્ષનું ડેલિગેશન મળવા માગતું હતું પરંતુ તેમણે મળવાની ના પાડી દીધી હતી, સાથે જ મુખ્ય ન્યાયાધીશે એમ પણ કહ્યું હતું કે કાયદો અને વ્યવસ્થા મારા અધિકાર-ક્ષેત્રમાં નથી. વિજ્ઞાનભવનમાં રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના સ્થાપનાને ૩૩ વર્ષની ઉજવણીમાં સામેલ થતી વખતે તેમણે આ નિવેદન તાજેતરમાં દિલ્હીમાં થઈ રહેલા વિરોધ પ્રદર્શનોને ધ્યાનમાં રાખીને આપ્યું હતું. આ કાયદો અને વ્યવસ્થાનો મુદ્દો છે, આ મારો વિષય નથી તેવી તેમની ટિપ્પણી સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી, જેને સોશિયલ મીડિયા પર જાહેર કરીને કેરળ કોંગ્રેસે કહ્યું હતું કે પ્રિય સૂર્યકાંત, જો કાયદો અને વ્યવસ્થા તમારા અધિકાર ક્ષેત્રમાં ના હોય તો હવે રાજીનામુ આપી દો, કાયદો વ્યવસ્થા જાળવી શકે તેવો તમારો વિકલ્પ અમે શોધી લઈશું.

## શાસક પક્ષ ઉજવણીમાં મસ્ત, વિપક્ષ વિરોધમાં વ્યસ્ત, પ્રજા મોંઘવારીના મારથી ત્રસ્ત

# તહેવારો પૂર્વે જ માઝા મૂકતી મોંઘવારી : રિટેલ ફુગાવો ૫.૫૪ ટકા, ૨૩ મહિનાની ટોચે

નવી દિલ્હી, તા.૧૨

દેશમાં એકબાજુએ દુષ્કાળના ડાકલા વાગ્યા છે ત્યારે બીજી બાજુએ કાળઝાળ મોંઘવારીનો માર પડતો હોય તેમ રિટેલ ફુગાવો છેલ્લા ચાર વર્ષમાં પહેલી જ વખત પાંચ ટકાને વટાવી જતાં સપ્ટેમ્બરના અંતે ૫.૫૪ ટકા થયો હતો, જે અગાઉના મહિને ૪.૮૨ ટકા હતો. બીજી બાજુએ ખાદ્ય ફુગાવો સપ્ટેમ્બરના ૫.૯૭ ટકાથી વધીને ૭.૭૪ ટકા થયો હતો. આ બતાવે છે કે જીવનજરૂરી ખાદ્ય ચીજવસ્તુઓ જેવી કે ડુંગળી, આદુ, લસણ અને લીંબુના ભાવ કેવા આકાશને આંબવા લાગ્યા છે. આ સંજોગોમાં શાસક પક્ષ ઉજવણીમાં મસ્ત, વિપક્ષ વિરોધમાં વ્યસ્ત તો સામાન્ય પ્રજા મોંઘવારીથી ત્રસ્ત છે.

## ગરીબોની ડુંગળી ૧૦૯ ટકા, આદુ ૬૩ ટકા, લસણ ૫૪ ટકા, લિંબુ ૩૬ ટકા મોંઘા થયા : સપ્ટેમ્બરમાં ખાદ્યાન્ન ફુગાવો ૭.૭૪ ટકા થયો

રિટેલ ફુગાવાના નવો આંકડા ૨૦૨૪ના આધાર વર્ષના આધારે લેવાયા છે. આ આંકડા દર્શાવે છે કે શહેરી વિસ્તારોની તુલનાએ ગ્રામીણ વિસ્તારોમાં ફુગાવો ઘણો વધારે છે. ગ્રામીણ ફુગાવો ઓગસ્ટના ૫.૨૪ ટકાથી વધીને સપ્ટેમ્બરમાં ૬.૦૮ ટકા થયો છે. જ્યારે શહેરી વિસ્તારોમાં ફુગાવો ૪.૩૧ ટકાથી વધીને ૪.૮૮ ટકા થયો છે. આમ તહેવારો પહેલા ભારતીયો પર બરોબર કાળઝાળ મોંઘવારીનો માર ઝીંકાયો છે.

ગ્રામીણ ભારતમાં ખાદ્યાન્ન ફુગાવો ૮.૦૬ ટકા પર છે. જ્યારે શહેરી ભારતમાં ખાદ્યાન્ન ફુગાવો ૭.૧૮ ટકા છે. આ બતાવે છે કે ચાલુ વર્ષે અલ નીનોના લીધે વરસાદ ઓછો પડ્યો છે તેની અસર ગ્રામીણ વિસ્તારોમાં મોટાપાયા પર વર્તાઈ રહી છે. જ્યારે શહેરી વિસ્તારોમાં પણ તેની અસર પડી છે, પરંતુ ગ્રામીણ વિસ્તારોની તુલનાએ ઓછી પડી છે.

ડુંગળી જેવી જીવનજરુરી ચીજવસ્તુના ભાવ જોઈએ તો ઓગસ્ટમાં તેના ભાવમાં ૪૮.૭૮ ટકા તો સપ્ટેમ્બરમાં તેના ભાવમાં ૧૦૮.૬૮ ટકાનો વધારો થયો છે. લોકોએ ડુંગળી લેતા જાણે રાતા પાણીએ રોવાનો વખત આવ્યો છે. આદુના ભાવમાં ૬૨.૮૫ ટકાનો, લસણના ભાવમાં ૫૪.૬૨ ટકાનો અને લીંબુના ભાવમાં ૩૬.૪૧ ટકાનો વધારો થયો છે.

જો કે બટાટાના ભાવમાં વાર્ષિક ધોરણે ૧૧.૫૦ ટકા, ટામેટાના ભાવમાં ૮.૬૨ ટકા, ભીંડાના ભાવમાં ૪.૪૮ ટકા અને કોકોનટના ભાવમાં ૩.૯૯ ટકાનો ઘટાડો થતાં ગ્રાહકોએ થોડી રાહત અનુભવી છે. ફૂડ ઈન્ફ્લેશન રેસ્ટોરા અને અન્ય વિસ્તારોમાં પણ પડ્યું હતું. સપ્ટેમ્બરમાં આ ફુગાવો વધીને ૯.૩૬ ટકા થયો હતો.

(અનુસંધાન ૧૧મે પાને)

### મોંઘવારી શહેરોમાં ૪.૮૮ ટકા, ગામડામાં ૬.૦૮ ટકાને પાર ફુગાવાએ પાંચ વર્ષમાં પહેલી વખત પાંચ ટકાનો આંક વટાવ્યો

### દેશમાં દુષ્કાળના વાગતા ડાકલાની વચ્ચે ફુગાવો વધતાં મોંઘવારીમાં વધારાથી લોકોનું જીવવું દોહ્યલું બન્યું

### બેધડક -મંજુલ



જનતા અમારી સાથે ના હોય તો પણ અમને કોઈ ફરક પડતો નથી. અમને ઈડી, સીબીઆઈ, ચૂંટણી પંચ, પોલીસ, સુપ્રીમ અને મીડિયામાં પૂરો વિશ્વાસ છે.

## સંસદ નજીક આવેલા જંતર મંતરના દરવાજાને આંદોલન માટે કાયમી તાળા

# જેન-ઝીથી સરકાર ડરી : આંદોલન સ્થળોમાંથી જંતર મંતરની બાદબાકી

નવી દિલ્હી, તા. ૧૨

દેશની રાજધાની દિલ્હીનું પ્રખ્યાત સ્થળ જંતર મંતર વર્ષો સુધી આંદોલનનું પ્રતીક રહ્યું, જુલાઈમાં હજારો યુવાનોએ આ સ્થળેથી જ આંદોલન કર્યું અને શિક્ષણમંત્રી પદેથી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામુ આપવું પડ્યું હતું. જોકે હવે જ્યારે ફરી યુવાનો રસ્તા પર ઉતર્યા છે અને જંતર મંતર પર આંદોલન કરવાની છૂટ માગી રહ્યા છે ત્યારે સરકારે આ સ્થળને આંદોલનો માટે ફાળવાયેલા સ્થળોની યાદીમાંથી જ કાઢી નાખ્યું છે.

## હવે સંસદથી દૂર રામલીલા મેદાન, બુરાડી ગ્રાઉન્ડ અને સીબીડી ગ્રાઉન્ડમાં જ દેખાવો કરી શકાશે : દિલ્હી પોલીસ

કોકરોચ જનતા પાર્ટી, વિદ્યાર્થી સંગઠનોના વિરોધ પ્રદર્શનોને કારણે હાલ દિલ્હીનું જંતર મંતર દેશભરમાં હોટ સ્પોટ બની ગયું છે. ઘણા વર્ષોથી આ સ્થળને સરકાર સુધી પોતાનો અવાજ પહોંચાડવા માટે એટલે કે આંદોલન સ્થળ તરીકે જ ઓળખવામાં આવે છે. કેમ કે જંતર મંતરથી સંસદ માત્ર બે કિમી જ દૂર છે. સાથે જ નજીકમાં નવી દિલ્હી રેલવે સ્ટેશન પણ આવેલું છે, બહારથી આવનારા પ્રદર્શનકારીઓ માટે ત્યાં પહોંચવું સરળ છે. આ તમામ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હવે સરકારે જંતર મંતરને આંદોલન માટે ફાળવાયેલા સ્થળોની યાદીમાંથી બહાર કરી દીધુ છે. એટલે કે હવે જંતર મંતર પર કોઈ પણ સંજોગોમાં દિલ્હી પોલીસ દ્વારા વિરોધ પ્રદર્શનો માટે મંજૂરી આપવામાં નહીં

(અનુસંધાન ૧૩મે પાને)

### સમગ્ર દેશને જંતર મંતર બનાવી દઈશું : અભિજીત રામલીલા મેદાનનું ભાડું જ ૧.૨૧ લાખ, બૂકિંગ ફુલ

## ૭ રાજ્યોમાં નવા રાજ્યપાલોની નિમણૂંક

નવી દિલ્હી, તા. ૧૨

૭ રાજ્યોમાં નવા રાજ્યપાલોને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. રાષ્ટ્રપતિ ભવન દ્વારા જારી પ્રેસ રિલીઝ મુજબ ઓમ પ્રકાશ માથુરને કેરળથી સિક્કિમ, રાજેન્દ્ર વિશ્વનાથ અર્લેકરને કેરળથી તમિલનાડુમાં મોકલવામાં આવ્યા છે. હરિયાણાના ભાજપના નેતા સુધા યાદવને કર્ણાટકના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે. બ્રજ મોહન રામને ઓડિશા, ઢાલસિંહ બિસેનને ઉત્તરાખંડ, દુષ્યંત ગૌતમને સિક્કિમની જવાબદારી સોંપવામાં આવી છે, દુષ્યંત ગૌતમે આરએસએસ અને ભાજપ માટે પાંચ દસકા સુધી કામ કર્યું છે.




### દિલ્હીની વાત

### રાહુલનો મોટો દાવો, ૨૦૦ અધિકારીઓ અમારા સંપર્કમાં છે

નવીદિલ્હી, તા.૧૨

લોકસભામાં વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધીએ ફરીથી સરકારને ભીંસમા લેવાની કોશિષ કરી છે. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, 'છેલ્લા કેટલાક દિવસોથી દિલ્હીમાં વોટ ચોરી વિરુદ્ધ પ્રદર્શન થઈ રહ્યું છે. સવાલ એ છે કે દિલ્હીને જેલમાં શા માટે પરિવર્તિત કરી નાખવામાં આવ્યું. લોકોને શહેરમાં આવવા દેવામાં આવતા નથી. ટ્રેનો અને બસો રોકી રાખવામાં આવે છે. દિલ્હીને એક કિલ્લામાં બદલી નાખવામાં આવ્યું છે. અમે ઈચ્છીએ છીએ કે રસ્તાઓ પર ૨૦ હજારથી ૩૦ હજાર પોલીસ કર્મચારીઓ ડ્યુટી પર હોય. સરકાર મોટી ભૂલ કરે

(અનુસંધાન ૧૧મે પાને)

## મોંઘવારીના કારણે દિવાળી ફિક્કી પડશે તેવી નિષ્ણાતોની ચેતવણી

# સુપર અલ નીનોથી ખેત ઉત્પાદન ઘટતાં એક વર્ષ સુધી મોંઘવારી બેફામ બનશે

નવી દિલ્હી, તા. ૧૨

સુપર અલ નીનોના કારણે વરસાદ થયો નહીં. પરિણામે ખેત ઉત્પાદન ઘટ્યું છે અને તેની સીધી અસર આવતા એક વર્ષ સુધી બજારમાં રહેશે. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે મોંઘવારીની અસર આગામી તહેવારો સુધી જ નહીં, આવતા એક વર્ષ સુધી રહેશે. ખાંડથી લઈને તેલ, કઠોળ, શાકભાજીના ભાવમાં વધારો થઈ શકે છે. આખી સપ્લાય ચેઈનને અલ નીનો પ્રભાવિત કરશે એટલે સરવાળે ભોજન મોંઘું થશે.

## કર્ણાટક, મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં વરસાદના અભાવે શેરડીનું ઉત્પાદન ઘટતાં ખાંડ મોંઘી થશે : કઠોળ, અનાજ, શાકભાજીના ભાવ પણ વધશે

દેશના ખાંડ ઉત્પાદકોને ટાંકીને રજૂ થયેલા અહેવાલોમાં કહેવાયું કે ૨૦૨૬-૨૭નું વર્ષ ખાંડના ઉત્પાદકો માટે ભારે રહેશે. એટલું જ નહીં ૨૦૨૭-૨૮ના વર્ષમાં પણ તેની અસર દેખાશે. તેનાથી ખાંડના ભાવમાં વધારો થશે. છેલ્લાં કેટલાય સમયથી ખાંડના ભાવ વધારાની ફરિયાદ ઉઠી છે. આ ફરિયાદ આગામી એક વર્ષ સુધી રહેશે. ૨૦૨૬-૨૭માં બફર સ્ટોક ઘણો ઓછો થતો જાય છે. તેનાથી દિવાળીમાં તો અસર રહેશે, પરંતુ સ્ટોક ઘટશે તો આયાત કરવાની નોબલ આવશે ને તેના પરિણામે આવતા વર્ષ સુધી ખાંડના ભાવમાં ઘટાડો થવાની શક્યતા નહીંવત છે.

પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના પૂર્વ સચિવ માધવન રાજીવને ચિંતા વ્યક્ત કરી હતી કે આવતો શિયાળો ગરમ રહેશે. આવતા ચોમાસા પહેલાં પણ ખૂબ ગરમી પડશે. હીટવેવના દિવસો વધશે

(અનુસંધાન ૧૩મે પાને)

## એકાગ્રતા વધારવા લેપટોપનો ઉપયોગ મર્યાદિત કરાયો

# AIના યુગમાં બ્રિટનની પ્રતિષ્ઠિત કોલેજનો કાગળ અને પેન પર ભાર

લંડન, તા.૧૨

બ્રિટનની હેમ્પશાયર સ્થિત પ્રતિતિ વિન્ચેસ્ટર કોલેજે લેપટોપ અને અન્ય ડિજિટલ સ્ક્રીનનો ઉપયોગ ઘટાડ્યો છે. તેમણે પેન, પેપર અને ટેક્સ્ટ બુક્સ દ્વારા અભ્યાસને પ્રાથમિકતા આપવાની નીતિ અપનાવી છે. વર્ષ૧૩૮૨માં સ્થાપિત કોલેજમાં ૧૩થી ૧૮ વર્ષની ઉંમરના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. સપ્ટેમ્બર ૨૦૨૫થી શિક્ષકોને લેપટોપનો ઉપયોગ ત્યારે જ કરવાનું કહેવામાં આવ્યું છે, જ્યારે તેની ખાસ જરૂર હોય. ધોરણ ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓએ તેમનું હોમવર્ક પેન અને કાગળથી જ કરવાનું હોય છે. વિન્ચેસ્ટર કોલેજના જણાવ્યા અનુસાર, લેપટોપ પર એકસાથે અનેક પ્રવૃત્તિઓ કરવાથી વિદ્યાર્થીઓનું ધ્યાન ભટકે છે. દિવસના પહેલા ક્લાસ દરમિયાન ઘણા વિદ્યાર્થીઓ ઈમેઈલ ચેક કરવામાં સમય વિતાવતા હતા. આ ફેરફાર બાદ વિદ્યાર્થીઓની એકાગ્રતામાં સુધારો જોવા મળ્યો છે. હોમવર્ક પણ ઓછા સમયમાં પૂરું થતું હોવાનું જણાવાયું છે. ગણિતમાં ૩ડી મોડેલિંગ, ભૂગોળમાં હવામાન અને

(અનુસંધાન ૧૧મે પાને)

### ૧૩૮૨માં સ્થાપિત કોલેજના વિદ્યાર્થીઓએ હોમવર્ક પેન અને પેપરથી જ કરવાનું હોય છે : માર્ક્સમાં સુધારો જોવા મળ્યો



નશો છોડાવવા માટે સારવાર લેનારા મોટાભાગના દર્દીઓ યુવા વયના

# ગુજરાતમાંથી દરરોજ સરેરાશ ૩૪૪ને નશો છોડાવવાની સારવાર લેવી પડે છે

અમદાવાદ, સોમવાર

ગુજરાતમાં દારૂ-ડ્રગ્સનો નશો કરનારાના પ્રમાણમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. ગુજરાતની સરકારી માનસિક આરોગ્યની હોસ્પિટલોમાં 'સબ્સ્ટન્સ રીલેટેડ ડિસઓર્ડર્સ' એટલે કે થયો છે. આમ, ૬ વર્ષમાં ૬૫ ટકાનો વધારો જોવા મળ્યો છે.

નશાની શરૂઆત ઘણી વાર મિત્રોની સંગત, ઉત્સુકતા, તણાવમાંથી રાહત મેળવવાની ઈચ્છા કે માત્ર એક વાર અજમાવવાના વિચારથી થાય છે. પરંતુ ક્ષમતા, લાગણીઓ, સંબંધો, રોજગાર અને સમગ્ર પરિવારના જીવન પર પડી શકે છે.

આ સમસ્યાને સમજવા માટે સૌથી પહેલાં એ જાણવું જરૂરી છે કે નશિલા પદાર્થનોઅર્થ માત્ર દારૂ કે ડ્રગ્સનું વ્યસન નથી. તેમાં દારૂ, તમાકુ, ગાંજો, અફીણ લાગે છે, સેવન પરનો કાબૂ ગુમાવાય છે અને તેના કારણે જીવનમાં મુશ્કેલીઓ ઊભી થવા છતાં તે સેવન ચાલુ રાખે છે. જોકે, દરેક પદાર્થ માટે નિદાનનાં માપદંડ અલગ હોઈ શકે છે.

નશાની સમસ્યામાંથી બહાર આવવું કાઉન્સેલિંગ, વર્તણૂક આધારિત સારવાર, દવાઓ અને પરિવારનો સહકાર ઉપયોગી બની શકે છે. સારવાર દરમિયાન ફરીથી

## નશાની આદત છોડાવવા કેવા પ્રકારની સારવાર અપાય છે?

**તબીબી તપાસ-નિદાન :** સૌપ્રથમ મનોચિકિત્સક અથવા વ્યસનમુક્તિ નિષ્ણાત વ્યક્તિ કયા પદાર્થનું-કેટલા પ્રમાણમાં-કેટલા સમયથી સેવન કરે છે તેની તપાસ કરે છે.

**તબીબી સારવાર :** દારૂ કે અન્ય પદાર્થોનું સેવન અચાનક બંધ થવાથી ધ્રુજારી, બેચેની, ઊંઘ નહીં આવવી જેવી સ્થિતિ ઊભી થઈ શકે છે. આવા કિસ્સામાં તબીબી દેખરેખ હેઠળ નશો છોડાવવાની સારવાર અપાય છે..

**કાઉન્સેલિંગ :** વ્યક્તિને નશો કરવાની ઈચ્છા ક્યારે અને શા માટે થાય છે તે સમજવામાં મદદ કરવામાં આવે છે.

**દવાઓથી સારવાર :** પદાર્થના પ્રકાર પ્રમાણે દવાઓ અલગ હોય છે. દારૂની લત માટે કેટલીક દવાઓ નશો કરવાની ઈચ્છા ઘટાડવામાં મદદ કરે છે.

**પરિવારનો સાથ :** પરિવારને વ્યસન વિશે સમજ અપાય છે અને દર્દીને દોષિત ઠેરવવાને બદલે સારવારમાં સહકાર આપવા પ્રોત્સાહિત કરાય છે.

નશાકારક અથવા મન પર અસર કરતા પદાર્થોના સેવન સાથે સંકળાયેલા કેસનો આંકડો ૨૦૧૯-૨૦માં ૭૬,૦૯૮ હતો, જે ૨૦૨૫-૨૬માં વધીને ૧.૨૫ લાખ ધીમે ધીમે આદત એટલી મજબૂત બની શકે છે કે વ્યક્તિ ઈચ્છા હોવા છતાં તેનું સેવન છોડી શકતી નથી. તેની અસર માત્ર શરીર પર જ નહીં, પરંતુ વિચારવાની અને અન્ય નશાકારક પદાર્થોના સેવનથી ઊભી થતી વિવિધ સમસ્યાઓનો સમાવેશ થઈ શકે છે. કેટલાક કિસ્સામાં વ્યક્તિને પદાર્થનું સેવન કરવાની તીવ્ર ઈચ્છા થવા

### નશાની આદત છોડાવવા માનસિક આરોગ્યની સારવાર

| વર્ષ | સારવાર |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૭૬,૦૯૮ |
| ૨૦૨૦-૨૧ | ૮૩,૬૯૮ |
| ૨૦૨૧-૨૨ | ૯૦,૩૪૫ |
| ૨૦૨૨-૨૩ | ૯૪,૯૯૬ |
| ૨૦૨૩-૨૪ | ૧,૦૦,૦૪૫ |
| ૨૦૨૪-૨૫ | ૧,૧૦,૦૪૫ |
| ૨૦૨૫-૨૬ | ૧,૨૫,૪૫૨ |
| ૨૦૨૬-૨૭* | ૬૮,૯૯૮ |

(*ઓગસ્ટ ૨૦૨૬ સુધીના આંકડા.)

શક્ય છે. મનોચિકિત્સક, વ્યસનમુક્તિ નિષ્ણાત અને તાલીમપ્રાપ્ત કાઉન્સેલરની મદદથી વ્યક્તિ માટે યોગ્ય સારવાર નક્કી કરી શકાય છે. જરૂરિયાત પ્રમાણે

### ગુજરાતમાં નશાનો કરોડોનો કારોબાર

ગુજરાતમાં છેલ્લા એક દાયકામાં ડ્રગ્સનું સેવન કરનારાના પ્રમાણમાં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે. ખાસ કરીને યુવાનોને ડ્રગ્સના રવાડે ચઢાવવા માટેનું સુવ્યવસ્થિત નેટવર્ક ચાલી રહ્યું છે. ગુજરાતમાંથી દર વર્ષે કરોડો રૂપિયાનું ડ્રગ્સ ઝડપાતું હોય છે. પરંતુ તે માત્ર હિમશીલાની ટોચ છે. જે ડ્રગ્સ ઝડપાય છે તેમાંથી માત્ર ૧૦ ટકા જ જાહેર કરીને ૯૦ ટકા વેચવા માટે મૂકી દેવાય છે. ડ્રગ્સના આ નેટવર્કમાં રાજકારણીઓની પણ સંડોવણી હોવાનું ચર્ચાય છે.

સેવન શરૂ થઈ જાય તો તેને નિષ્ફળતાનું પ્રમાણ માનીને વ્યક્તિને દોષ આપવાને બદલે સારવારની યોજના ફરી તપાસવી જોઈએ.

## ગુજરાતમાં દારૂ-ડ્રગ્સનું સેવન કરનારાનું પ્રમાણ ચિંતાજનક વધ્યું ૬ વર્ષ અગાઉ રોજના ૨૦૮ દર્દી સારવાર માટે આવતા હતા

ફસાયેલા પૈસા પાછા મેળવવા ક્રિકેટરોની હાઈકોર્ટમાં રિટ

# ક્રિકેટરો હર્ષલ પટેલ, તેવટીયા અને જયંત યાદવના કરોડો BZ ગ્રુપમાં ડૂબ્યા

અમદાવાદ, સોમવાર

પ્રખ્યાત ભારતીય ક્રિકેટરો હર્ષલ પટેલ, રાહુલ તેવટીયા અને જયંત યાદવના કરોડો રૂપિયા મહાઠગ ભૂપેન્દ્ર ઝાલાની બીઝેડ ગ્રુપની પોન્ઝી સ્કીમોમાં ફસાયા છે. જેના પગલે તેમણે પોતાના કરોડો રૂપિયા પાછા મેળવવા ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા છે. આઈપીએલ ફ્રેન્ચાઈઝી ગુજરાત ટાઈટન્સના પૂર્વ મેનેજર ધવલ શાહે આ ક્રિકેટરોને ભૂપેન્દ્ર પટેલની પોન્ઝી સ્કીમમાં કરોડો રૂપિયા નાણાં રોકાવડાવ્યા હતા. પરંતુ બાદમાં ભૂપેન્દ્ર પટેલના કરોડો રૂપિયાના બીઝેડ ગ્રુપના કરોડો રૂપિયાના કૌભાંડનો પર્દાફાશ થતાં આ ત્રણેય ભારતીય ક્રિકેટરોના નાણાં ડૂબી ગયા હતા. જેથી ક્રિકેટર હર્ષલ પટેલ તરફથી હાઈકોર્ટમાં કરાયેલી રિટ અરજીમાં જસ્ટિસ મોક્ષા કે.ઠક્કરે સીઆઈડી ક્રાઈમ અને બોડકદેવ પોલીસને સમગ્ર મામલે સૂચના મેળવી અદાલતને જાણ કરવા નિર્દેશ કર્યો છે.

## હાઈકોર્ટે સીઆઈડી ક્રાઈમ, બોડકદેવ પોલીસનો જવાબ માંગ્યો ગુજરાત ટાઈટન્સના ધવલે શાહે વચેટીયા તરીકે કરોડો રોકાવડાવ્યા

ઉલ્લેખનીય છે કે, હર્ષલ પટેલ, રાહુલ તેવટીયા અને જયંત યાદવના મળી આશરે ચાર કરોડથી વધુ રૂપિયા બીઝેડ ગ્રુપની પોન્ઝી સ્કીમમાં સલવાયા છે અને તે પાછા મેળવવા ભારતીય ટીમના ક્રિકેટર હર્ષલ પટેલ તરફથી ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કરાયેલી રિટ અરજીમાં એ મતલબની રજૂઆત કરાઈ હતી કે, આઈપીએલ ફ્રેન્ચાઈઝીના મેનેજર જે તે વખતે ધવલ શાહ હતા, અને તેથી તેઓ તેમના સંપર્કમાં આવ્યા હતા. ધવલ શાહે મિડલમેન અરજદાર ક્રિકેટરોને ભૂપેન્દ્ર પટેલની સ્કીમોમાં સારું રોકાણ કરાવી આપવાની અને ખૂબ ઓછા સમયમાં બહુ ઊંચું વળતર અપાવવાની લોભામણી લાલચ આપી હતી અને ગમે તેમ કરી તેમાં પૈસા રોકાવડાવ્યા હતા. ત્રણેય ક્રિકેટરોના મળી આશરે ચાર કરોડથી વધુ રૂપિયા બીઝેડ ગ્રુપની પોન્ઝી સ્કીમોમાં રોકાણ કરાયા હતા.

જો કે, બાદમાં ભૂપેન્દ્ર પટેલના હજારો કરોડ રૂપિયાના કૌભાંડનો પર્દાફાશ થતાં અને સમાચાર માધ્યમો મારફતે તેની ખબર પડતાં આ ત્રણેય ક્રિકેટરોએ પોતાના પૈસા પાછા મેળવવાનો પ્રયાસ કર્યો પરંતુ ધવલ શાહ અને તેના માણસોએ હાથ ઉંચા કરી દીધા હતા. જેથી ક્રિકેટરો તરફથી બોડકદેવ-બોપલ પોલીસમથકનો સંપર્ક કરી આ મામલે ફરિયાદ નોંધાવવાનો પ્રયાસ કરાયો હતો. જો કે,પોલીસે જવાબ આપ્યો હતો, આ મામલામાં સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ નોંધાઈ ગઈ છે, તેથી હવે ફરિયાદ નોંધી શકાય નહી. જેથી અરજદાર ક્રિકેટરોએ હાઈકોર્ટનું ધ્યાન દોર્યું હતું કે, આ બહુ ગંભીર ગુનો અને કરોડો રૂપિયાનો સવાલ છે, તેથી પોલીસે આ મામલામાં અલગથી એફઆઈઆર દાખલ કરવી પડે. વળી, સીઆઈડી ક્રાઈમમાં જે ફરિયાદ નોંધાઈ છે, તેમાં તેઓ સાક્ષી નથી કે તેમને કંઈ ખબર પણ નથી. હાઈકોર્ટે આ મામલામાં જરૂરી દરમિયાનગીરી કરી અરજદાર ક્રિકેટરોના ફસાયેલા નાણાં પાછા મળે તે પ્રકારની રાહત આપવી જોઈએ. અરજદારપક્ષની રજૂઆતો ધ્યાને લઈ હાઈકોર્ટે ઉપરોક્ત નિર્દેશ સાથે કેસની વધુ સુનાવણી બુધવારે રાખી હતી.

### ક્રિકેટરો કઈ રીતે કૌભાંડમાં 'ક્લિનબોલ્ડ' થયા?

ગુજરાત ટાઈટન્સના તત્કાલીન મેનેજર ધવલ શાહે ક્રિકેટરોને ક્રિકેટરોને ભૂપેન્દ્ર પટેલની સ્કીમોમાં સારું રોકાણ કરાવી આપવાની અને ખૂબ ઓછા સમયમાં બહુ ઊંચું વળતર અપાવવાની લોભામણી લાલચ આપી હતી. ત્રણેય ક્રિકેટરોના મળી આશરે ચાર કરોડથી વધુ રૂપિયા બીઝેડ ગ્રુપની પોન્ઝી સ્કીમોમાં રોકાણ કરાયા હતા. બાદમાં આ બીઝેડ કૌભાંડનો પર્દાફાશ થતાં ધવલ શાહે હાથ ઊંચા કરી દીધા હતા અને ક્રિકેટરોના નાણા સલવાયા હતા.

ફૂડ કલર, તેલની ગુણવત્તા ચકાસવા ૪૧ નમૂના લેવાયા

# નવરાત્રી મહોત્સવોમાં ૧૪૮ ફૂડ સ્ટોલની તપાસ, ૪૧ રજિસ્ટ્રેશન વગરના મળ્યા

અમદાવાદ, સોમવાર

અમદાવાદના નવરાત્રી મહોત્સવોમાં વેચાઈ રહેલા ખાદ્ય પદાર્થોની ગુણવત્તા ચકાસવા મ્યુનિ.ના ફૂડ વિભાગ દ્વારા તપાસ હાથ ધરાઈ હતી. આ દરમિયાન ગોતા, ઘાટલોડિયા, વસ્ત્રાપુર, નિકોલ સહિત વિવિધ વિસ્તારના ૧૫ કાર્યક્રમોમાં ૧૪૮ ફૂડ સ્ટોલની ચકાસણી કરાઈ હતી. જે પૈકી ૪૧ સ્ટોલ એફએસએસએઆઈના રજિસ્ટ્રેશન વગર જ ધમધમતા હોવાનું સામે આવ્યું હતું. બીજી બાજુ હાનિકારક ફૂડ કલર, તેલની ગુણવત્તા મામલે ફરસાણ, ફાસ્ટ ફૂડના ૪૧ નમૂના લેવાયા હતા.

## સબ સલામતનો દાવો : નિયમ ભંગ કરનાર એકમોને સ્થળ પર જ તાત્કાલિક રજિસ્ટ્રેશન કરાવી અપાયું

તહેવારોમાં ભેળસેળિયા તત્વો બેફામ બનતા હોય પ્રથમ નોરતે મ્યુનિ.ના ફૂડ વિભાગ દ્વારા વિવિધ વિસ્તારના ૧૫ ગરબા મહોત્સવમાં ૧૪૮ ફૂડ સ્ટોલની તપાસ કરાઈ હતી. જેમાં ૪૧ એકમો કોઈ પણ પ્રકારના રજિસ્ટ્રેશન વગર ચાલી રહ્યા હતા. ત્યારે નિયમ ભંગ કરનાર ખાણીપીણીના એકમોને મ્યુનિ. દ્વારા તાત્કાલિક ધોરણે રજિસ્ટ્રેશન કરી અપાયું હતું. હેલ્થ-ફૂડ વિભાગના જણાવ્યા અનુસાર, કામચલાઉ સ્ટોલ માટે એફએસએસએઆઈના લાયસન્સની જરૂર હોતી નથી. સ્વચ્છતા, ખાદ્ય પદાર્થોની ગુણવત્તા, ટર્નઓવર જેવા વિવિધ માપદંડોને આધારે સ્થળ પર જ તેમની નોંધણી કરાઈ હતી. બીજી બાજુ ફરસાણ અને ફાસ્ટ ફૂડમાં હાનિકારક ફૂડ કલર, તેલ કેટલી વખત ગરમ કરાયું છે?

તેવી બાબતો ચકાસવા ૪૧ નમૂના લેવાયા હતા. જેમાંથી ટેસ્ટ કિટથી ૩૫ નમૂનાની સ્થળ પર જ તપાસ કરાઈ હતી. જેમાં સબ સલામત હોવાનો દાવો કરાયો છે. જ્યારે ૭ નમૂના વધુ તપાસ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા.

### કયા નવરાત્રી મહોત્સવમાં તપાસ કરાઈ?

- * રાસલીલા નવરાત્રી, ગોતા
- * મણિયારો ગરબા, ગોતા
- * વાઈબ્રન્ટ નોરતા, ગોતા
- * સાંસ્કૃતિક શેરી ગરબા, ચાંદલોડિયા
- * આધ્યશક્તિ ગરબા, ઘાટલોડિયા
- * પંડાલ ગરબા, ગોતા
- * ક્રિષ્નામય રાસ, ગોતા
- * બી-૧થી બી-૨૫ (પ્રવાસન વિભાગ), વસ્ત્રાપુર
- * કર્ણાવતીનો ગરબો, રામોલ
- * શ્યામબાગ રાસ ગરબા, રામોલ
- * કેસરિયા તાલ ગરબા, વસ્ત્રાલ
- * લેઉવા પાટીદાર યુવા સંગઠન, નિકોલ
- * ખોડલધામ ગરબા, નિકોલ
- * રોક એન્ડ ઢોલ, વાસણા

કુલ ૧૫૮ શરણાર્થીને ભારતીય નાગરિકતા અપાશે

# આજે ૧૨૬ 'વિદેશી' CAA હેઠળ ભારતીય નાગરિક બનશે

અમદાવાદ,સોમવાર

અમદાવાદ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આવતીકાલે સિટિઝન્સ એમેન્ડમેન્ટ એક્ટ (સીએએ) હેઠળ ૧૨૬ અને કલેક્ટર કચેરી દ્વારા ૩૨ એમ કુલ ૧૫૮ શરણાર્થીઓને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર એનાયત કરાશે.

## અમદાવાદ જિલ્લામાંછેલ્લા ૯ વર્ષમાં કુલ ૧૨૯૫ 'વિદેશીઓ' ભારતીય નાગરિક બન્યા

ભારત સરકાર દ્વારા ૨૦૧૬ અને ૨૦૧૮ના ગેઝેટથી અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનના લઘુમતી સમુદાયોના લોકોને 'સિટીઝનશિપ એક્ટ-૧૯૫૫'ની કલમ-૫ અને ૬ અન્વયે નાગરિકતા આપવા અંગેની સત્તાઓ જિલ્લા કલેક્ટરને એનાયત કરાઈ છે, જેમાં વર્ષ ૨૦૧૭થી ૨૦૨૫ સુધીમાં ૧૨૦૦થી વધુ અરજદારોને ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર આપીને અમદાવાદ જિલ્લો સમગ્ર દેશમાં મોખરે રહ્યો છે.

પાકિસ્તાન-બાંગ્લાદેશ-અફઘાનિસ્તાનમાંથી ભારતમાં આવેલા હિન્દુ-શીખ-બૌદ્ધ-જૈન-પારસી-ખ્રિસ્તીને ભારતીય નાગરિકતા મેળવવા માટે વિશેષ કાનૂની માર્ગ પૂરો પડાય છે. જેના માટે અરજદારે ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ અથવા તે અગાઉ ભારતમાં પ્રવેશ કર્યો હોવો જોઈએ. આ ઉપરાંત અરજદારે પાસપોર્ટ કાયદા અથવા વિદેશી નાગરિકો સંબધિત કાયદા હેઠળ લાગુ પડતી નિર્ધારિત મુક્તિની શરતો પણ પૂરી કરવી જરૂરી છે.

### અમદાવાદ જિલ્લો : કયા વર્ષમાં કેટલા વિદેશીઓને નાગરિકતા અપાઈ?

| વર્ષ | નાગરિકતા |
|---|---|
| ૨૦૧૭ | ૧૮૭ |
| ૨૦૧૮ | ૨૫૬ |
| ૨૦૧૯ | ૨૦૫ |
| ૨૦૨૦ | ૬૫ |
| ૨૦૨૧ | ૨૧૨ |
| ૨૦૨૨ | ૧૧૦ |
| ૨૦૨૩ | ૧૧૪ |
| ૨૦૨૪ | ૭૩ |
| ૨૦૨૫ | ૭૩ |

ગાંધીનગર કોર્પોરેશન ચૂંટણી પૂરી થયા બાદ હિસાબ શરૂ

# પોલીસ મથકે હંગામો કરવા બદલ જીગ્નેશ મેવાણી સામે બે ગુના દાખલ

ગાંધીનગર,સોમવાર

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીના બે દિવસ અગાઉ પેથાપુર પોલીસ મથકે પહોંચીને કોંગ્રેસના ઉમેદવારને પૂછપરછ દરમિયાન જ બહાર લઈ જઈ કોંગ્રેસના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી દ્વારા સમર્થકો સાથે હંગામો કરવામાં આવ્યો હતો ત્યારે હવે ચૂંટણી પૂરી થતાં તેમની અને તેમના સમર્થકો સામે ગાંધીનગરના પેથાપુર અને સેક્ટર ૭ પોલીસ મથકમાં બે અલગ અલગ ફરિયાદ નોંધાવા પામી છે.

## સરકારી ફરજમાં રૂકાવટ, ધાકધમકી અને આચારસંહિતા ભંગ અંગે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર કોર્પોરેશનના ચૂંટણી પ્રચાર દરમિયાન થયેલી બોલાચાલી અને ધમકી અંગે મળેલી અરજીના અનુસંધાને પેથાપુર પોલીસે વોર્ડ નંબર ૪ ના કોંગ્રેસ ઉમેદવાર યુનુસ પરમારને પૂછપરછ માટે બોલાવ્યા હતા. તે સમયે ધારાસભ્ય જીગ્નેશ મેવાણી આશરે ૨૦ જેટલા લોકોના ટોળા સાથે ગેરકાયદેસર મંડળી રચીને પેથાપુર પોલીસ સ્ટેશનમાં ધસી આવ્યા હતા અને પોલીસની કામગીરીમાં અડચણ ઊભી કરી હોબાળો મચાવ્યો હતો. આ ઉપરાંત, મતદાન ક્ષેત્રમાં જાહેર પ્રચારનો સમય પૂર્ણ થઈ ગયો હોવા છતાં અને બહારના વિસ્તારોના વ્યક્તિઓએ વિસ્તાર છોડી દેવાનો નિયમ હોવા છતાં, મેવાણીએ પેથાપુર કસ્બા વિસ્તારમાં કોંગ્રેસ ઉમેદવારનો જાહેર પ્રચાર કરી આચારસંહિતાનો ભંગ કર્યો હોવાનો આક્ષેપ છે. આ અંગે પોલીસે જીગ્નેશ મેવાણી, સૂર્યસિંહ ડાભી, અજયસિંહ ડાભી સહિતના અજાણ્યા શખ્સો સામે ગુનો દાખલ કર્યો હતો.

બીજી ઘટનામાં, સેક્ટર-૭ પોલીસ સ્ટેશન હેઠળ આવતી સેક્ટર-૧૩ પોલીસ ચોકીમાં પણ મોડી રાત્રે હોબાળો થયો હતો. વોર્ડ નંબર ૪ના કોંગ્રેસ ઉમેદવારના સમર્થક મુનાફ પઠાણને પૂછપરછ અર્થે ચોકી પર લાવવામાં આવ્યો હતો, ત્યારે જીગ્નેશ મેવાણી, સાકીર રાઠોડ, નાસીર ઉર્ફે પિન્ટુ મેમણ સહિતના ટોળાએ ચોકીમાં ઘસી જઈ અહીંના ઈન્ચાર્જ કોણ છે, મુનાફને કેમ લાવ્યા છો, તમારી દાદાગીરી કાઢી નાખીશ કહી બૂમાબૂમ કરી પૂછપરછ ચાલુ હોવા છતાં મુનાફને બળજબરીથી બહાર લઈ ગયા હતા. આ ઉપરાંત પોલીસ સ્ટેશન બહાર બેસીને ઉશ્કેરણીજનક સૂત્રોચ્ચાર કરી તેનો વીડિયો ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક પર વાયરલ કર્યો હતો. જે અંગે પણ અલગથી ગુનો દાખલ કરવામાં આવ્યો છે. કોર્પોરેશનની ચૂંટણી પૂરી થતાં હવે ચૂંટણી દરમિયાન હંગામો કરનાર કોંગ્રેસના કાર્યકરો અને નેતાઓ સામે પોલીસે હિસાબ શરૂ કર્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે.

શેઠની શિખામણ ઝાંપા સુધી, આરસીસી રોડની સરકારની સૂચના વચ્ચે

# અમદાવાદ મ્યુનિ.ની મનસૂફી, રૂ. ૧૩૬ કરોડના મોડલ રોડ પણ ડામરના જ બનશે!

અમદાવાદ, સોમવાર

ચોમાસામાં માર્ગોની બિસ્માર હાલત જોઈ મુખ્યમંત્રી દ્વારા આંતરિક રસ્તા પણ હવેથી ડામરના બદલે કોન્ક્રીટના બનાવવાની સૂચના અપાઈ હતી. પરંતુ શેઠની શિખામણ ઝાંપા સુધી હોય તેમ આંતરિક માર્ગો તો દૂરની વાત, અમદાવાદ મ્યુનિ. તંત્ર મોડલ રોડ પણ સીસીના બદલે ડામરના બનાવવા મક્કમ છે. રિંગ રોડ અને એસજી હાઈવેને જોડતા સાતેક મોડલ રોડ પૈકી ફક્ત બે રોડ કોન્ક્રીટના બનાવાશે. જ્યારે રૂ. ૧૩૬ કરોડના આ પ્રોજેક્ટના બાકીના મોડલ રોડ ડામરના જ બનશે!

## સાતેક મોડલ રોડમાંથી ફક્ત નાના ચિલોડા અને એસજી હાઈવે પાસે બે સીસી રોડ બનશે, બાકી માર્ગો ડામરના

વરસાદમાં અમદાવાદના માર્ગો પર પાંચ હજારથી વધુ ખાડા પડ્યા હતા. રાજ્યના હાઈવે સહિત અનેક માર્ગોની આવી જ દુર્દશા થઈ હતી. જેને પગલે રાજ્ય સરકાર દ્વારા આંતરિક માર્ગો પણ હવે સીસી એટલે સિમેન્ટ કોન્ક્રીટના બનશે તેવી ગુલબાંગો હાંકવામાં આવી હતી. પરંતુ સરકારની આ સૂચનાના સ્માર્ટ સિટીમાં જ લીરેલીરાં ઉડી રહ્યા છે. અમદાવાદ મ્યુનિ. દ્વારા રિંગ રોડ અને એસજી હાઈવે જેવા મુખ્ય વિસ્તારોને જોડતા પાંચથી સાત માર્ગ મોડલ રોડ તરીકે વિકસાવવાનું આયોજન કરાયું છે. ત્યારે નોંધનીય બાબત એ છે કે, સાત પૈકી ફક્ત નાના ચિલોડા કરાઈ રિંગ રોડ અને પ્રહલાદનગર ફાયર સ્ટેશનથી એસજી હાઈવેને જોડતા બે મોડલ રોડ જ કોન્ક્રીટના બનાવાશે. જ્યારે બાકીના મોડલ રોડ ડામરના જ બનશે! રૂપિયા ૧૩૬.૫૯ કરોડના ખર્ચે આ કામગીરી નરનારાયણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સોંપવા રોડ એન્ડ બિલ્ડિંગ કમિટી સમક્ષ દરખાસ્ત મુકાઈ છે. અગાઉ કયા મટીરિયલના રોડ બનાવવા? તે સ્પષ્ટ ન હોવાથી આ દરખાસ્ત પરત કરાઈ હતી. હવે ૨૩. ૪૯ ટકા વધુ ભાવે આ કામ કોન્ટ્રાક્ટરને સોંપવા કવાયત ચાલી રહી છે. ડામરના રસ્તા કરતા સીસી રોડ ૩૦થી ૪૦ ટકા મોંઘા હોવા છતાં પહેલાં કોઈ પણ સ્પષ્ટતા વગર કામ સોંપી દેવાની તૈયારી હતી. ઉપરાંત હવે રસ્તાના પ્રકારના નક્કી કરાયા બાદ પણ તે મુજબ કુલ ખર્ચમાં કોઈ ઘટાડો કરાયો નથી!

લાલ બસની સવારી જોખમી, પાંચ માસમાં ત્રીજી ઘટના

# જમાલપુર પાસે દારુના નશામાં AMTS બસ ચાલકે અકસ્માત સર્જ્યો

અમદાવાદ, સોમવાર

અમદાવાદમાં મ્યુનિ.ની લાલ બસની સવારી લોકો માટે જોખમી બની રહી છે. જમાલપુર પગથિયા પાસે દારુના નશામાં ધૂત એએમટીએસ બસ ચાલકે અકસ્માત સર્જ્યો હોવાની ઘટના સામે આવી છે. જે બદલ એજન્સીને દંડ તેમજ ડ્રાઈવરને નોકરીમાંથી કાઢી તેની સામે એફઆઈઆર નોંધાવાઈ છે.

## એજન્સીને ૫૦ હજારનો દંડ કરાયો, ડ્રાઈવરને નોકરીમાંથી કાઢી FIR નોંધાવાઈ

અમદાવાદના માર્ગો પર બેફામ દોડતી એએમટીએસ બસ અકસ્માતો માટે કુખ્યાત બની ગઈ છે. તેવામાં ગઈ કાલે જમાલપુર પગથિયા પાસે ૧૪૩ રૂટ નંબરની સારંગપુરથી કુબડથલ ગામની બસે રાહદારીઓને અડફેટે લીધા હોવાની ઘટના સામે આવી છે. સ્થાનિકોએ બસના ડ્રાઈવર સુરેશ રાજપૂતને બહાર કાઢતા તે દારુ પીધેલી હાલતમાં લથડિયા ખાતો હતો. જેને પગલે એજન્સી અર્હમ ટ્રાન્સપોર્ટેશનને રૂપિયા ૫૦ હજારનો દંડ કરાયો હતો. જ્યારે ડ્રાઈવરને બરતરફ કરાયો છે. જો કે આવી ઘટના પહેલી વખત બની નથી. અગાઉ પણ નશામાં ધૂત ડ્રાઈવર રસ્તો ભૂલી જતા બસ રિવરફ્રન્ટમાં ઘુસાડી દીધી હતી. તેમજ નારણપુરામાં પણ દારુના નશામાં ડ્રાઈવરે ગંભીર અકસ્માત સર્જ્યો હતા. છેલ્લાં પાંચેક મહિનામાં આવી ત્રણથી ચાર ઘટના સામે આવી ચૂકી છે. તેમ છતાં મ્યુનિ. તંત્રએ મુસાફરોની સલામતી એજન્સીઓના ભરોસે છોડી દીધી છે. દર વખતે એજન્સીઓ મામૂલી દંડ ભરીને છૂટી જાય છે. ત્યારે ડ્રાઈવરની યોગ્ય તપાસ અને ડ્રાઈવિંગ પહેલાં બ્રેથ એનલાઈઝર ટેસ્ટ કરાય તેવી મુસાફરોમાંથી માંગ ઉઠી છે.

રાજ્યના ગૃહ વિભાગ અને DGPને નોટિસ

# પોલીસ ભરતીમાં ટ્રાન્સજેન્ડર કેટેગરીને સમાવવા રિટ કરાઈ

અમદાવાદ,સોમવાર

ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા વર્ગ-૩ની ચાલી રહેલી ભરતી પ્રક્રિયામાં ટ્રાન્સજેન્ડરને અલગ કેટેગરી બનાવી નોકરીમાં તક પૂરી પાડવા દાદ માંગતી ભાવનગરની એક ટ્રાન્સજેન્ડર દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં રિટ અરજી કરાઈ હતી. જેની સુનાવણીમાં હાઈકોર્ટે અરજદાર ટ્રાન્સજેન્ડર પૂરતી ભરતીમાં એક જગ્યા ખાલી રાખવા ગુજરાત પોલીસ ભરતી બોર્ડને હુકમ કર્યો છે. હાઈકોર્ટે જણાવ્યું હતું કે, સુપ્રીમકોર્ટે પણ ટ્રાન્સજેન્ડરને થર્ડ જેન્ડર તરીકે ઓળખ આપી તેમને અનામત અને અન્ય હકો આપ્યા છે.

## ભરતીમાં ટ્રાન્સજેન્ડરની કેટેગરી જ નહીં હોવાથી અરજદારે આધારકાર્ડ મુજબ મહિલા તરીકે ફોર્મ ભર્યું

પ્રસ્તુત કેસમાં પોલીસની વર્ગ-૩ની ભરતીમાં ટ્રાન્સજેન્ડર માટે કોઈ અલગ કેટેગરીને કે જોગવાઈ રાખવામાં આવી નથી, તેથી અરજદાર પૂરતી એક જગ્યા ખાલી રાખવી. કેસની વિગત મુજબ, ભાવનગરના ૩૫ વર્ષીય અરજદારના આધાર કાર્ડમાં તેમની ઓળખ મહિલા તરીકે દર્શાવવામાં આવી છે. જો કે, તેમણે ટ્રાન્સજેન્ડર પર્સન્સ એક્ટ, ૨૦૧૯ના નિયમ હેઠળ ડિસ્ટ્રિક્ટ કલેક્ટર દ્વારા જારી કરાયેલું ઓળખનું પ્રમાણપત્ર મેળવેલું છે. અરજદારે હાઈકોર્ટમાં રિટ કરી જણાવ્યું હતુ કે, તેમણે ગુજરાત પોલીસની ચાલુ ભરતી પ્રક્રિયા દરમિયાન બિનહથિયારી કોન્સ્ટેબલ અને પોલીસ સબ-ઈન્સ્પેક્ટરની પોસ્ટ માટે અરજી કરી હતી. પોતે ત્રીજી જાતિથી હોવાથી અને ફોર્મમાં માત્ર પુરુષ અને મહિલા કેટેગરી જ ઉપલબ્ધ હોવાથી, તેમણે અરજી કરતી વખતે ડીજીપી ઓફિસમાં પૂછપરછ કરી હતી કે, તેમણે કઈ કેટેગરીમાં અરજી કરવી જોઈએ. ત્યારે તેમને આધાર કાર્ડમાં જણાવ્યા મુજબની જાતિની કેટેગરીમાં અરજી કરવા સલાહ અપાઈ હતી.

જેથી તેમણે તેમણે મહિલા કેટેગરીમાં અરજી કરી હતી. તેમણે ફિઝિકલ સ્ટાન્ડર્ડ ટેસ્ટ અને ફિઝિકલ એફિશિયન્સી ટેસ્ટ પાસ કરી લીધી હતી. લેખિત પરીક્ષામાં તેમને ૯૪ માર્ક્સ મળ્યા હતા, જ્યારે એસઈબીસી મહિલા કેટેગરીનું કટ-ઓફ મેરિટ ૯૮.૫ માર્ક્સ હતું. તા. ૧૧ જુલાઈના રોજ મેરિટ લિસ્ટ જાહેર કરવામાં આવ્યું હતું. અરજદારે સત્તાધીશોને રજૂઆત કરી હતી કે, તેમની ઉમેદવારીને પુરૂષ કે મહિલા કેટેગરીને બદલે ત્રીજી જાતિની કેટેગરીમાં ધ્યાનમાં લેવામાં આવે. પરંતુ સત્તાવાળાઓ તરફથી તેમને કોઈ જવાબ અપાયો નથી.

### નારોલમાં ગેરકાયદે સંગ્રહ કરેલું યુરિયા ખાતર મળ્યું

અમદાવાદ, સોમવાર

નારોલ વિસ્તારમાં આવેલી મિલમાં ગેરકાયદેસર રીતે સંગ્રહ કરેલું સરકારી સબસીડીવાળું યુરિયા ખાતર પોલીસે ઝડપી પાડ્યું છે. જેમાં પીપળજ પીરાણા રોડ પર આવેલાં કાજલ ટેક્સટાઈલ મિલ નામની કંપનીમાંથી ૩૧ હજારનો ૧૧૯ બોરી યુરિયા ખાતરનો જથ્થો મળી આવ્યો હતો. શખ્સે ગેરકાયદેસર રીતે ખાતરનો સંગ્રહ કરી તેનો ખેતીના બદલે ઔદ્યોગિક ઉપયોગ કરતો હતો. જેથી ગુનામાં સંડોવાયેલા જુબેર પાલીવાલ અને કંપનીના માલિક ઐયુબ સુરતી વિરૂદ્ધ પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

જમીનનું ધોવાણ, રણીકરણની સમસ્યા ગંભીર સપાટીએ

# ગુજરાત પર 'રણ'નો પંજો : ૧.૦૨ કરોડ હેક્ટર જમીન બિનઉપજાઉ બની

અમદાવાદ,સોમવાર

ગુજરાતમાં જમીનનું ધોવાણ, ક્ષારનું વધતું પ્રમાણ અને રણીકરણની સમસ્યા અત્યંત ગંભીર સપાટીએ પહોંચી ગઈ છે. આ કારણોસર ૧ કરોડ કરતાં વધુ જમીન બિન-ઉપજાઉ અને રણ બનવાની પ્રક્રિયાનો સામનો કરી રહી છે. આ ચિંતાજનક પરિસ્થિતિને જોતાં કૃષિ ક્ષેત્ર માટે પર જોખમ મંડરાયુ છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ભૂગર્ભ જળના વધુ પડતા ખેંચાણને લીધે આગળ વધી રહેલી ખારાશ અને અનિયમિત હવામાનને કારણે જમીનની ફળદ્ પતા ઝડપથી ઘટી રહી છે, જે ખેતી માટે ખતરો સાબિત થઈ શકે છે. છેલ્લા આઠથી દસ વર્ષના ટૂંકા ગાળામાં જ રાજ્યના રણ અને બિન-ઉપજાઉ વિસ્તારમાં આશરે ૧.૮૫ લાખ હેક્ટરનો મોટો વધારો નોંધાયો છે.

ગુજરાતમાં દરિયાનું ખારું પાણી જમીનમાં પ્રવેશી રહ્યા છે, જેના કારણે ભાલ, સૌરાષ્ટ્ર અને કચ્છની જમીન વધુ ખારી અને બિન-ઉપજાઉ બની રહી છે. આ ઉપરાંત વધુ પડતા ભૂગર્ભજળના ખેંચાણને લીધે જમીન સૂકી અને રેતાળ બની રહી છે.કેમિકલ યુક્ત ખાતરો અને જંતુનાશક દવાના આડેધડ વપરાશથી જમીનની કુદરતી ફળદ્ પતા નાશ પામી રહી છે. જમીન વિરાન થવાની રેસમા મહારાષ્ટ્ર અને રાજસ્થાન પછી ગુજરાત ત્રીજા ક્રમે રહ્યું છે.

બીજી તરફ, રાજ્યમાં અંધાધૂંધ ઔદ્યોગિકરણ અને ઝડપી શહેરીકરણની સીધી અસર ખેતીલાયક જમીન પર પડી રહી છે. છેલ્લા પાંચેક વર્ષમાં જ ગુજરાતની આશરે ૨.૨૮ લાખ હેક્ટર ફળદ્ પ જમીન બિન-ખેતીલાયક બની છે. સૌથી ચોકાવનારી વાત એ છે કે, સૌથી વધુ ખેતીલાયક જમીન રહેણાંક અને વાણિજ્યિક બાંધકામો માટે બિન-ખેતીમાં ફેરવાઈ ગઈ છે.

કૃષિ અને પર્યાવરણના નિષ્ણાતોના મતે, રણીકરણ અને ખારાશ ગુજરાત માટે લાલ બત્તી સમાન છે. જો ઓર્ગેનિક ખેતી, દરિયાઈ વિસ્તારોમાં ખારાશ નિયંત્રણ, વ્યાપક વૃક્ષારોપણ અને પાણીના યોગ્ય સંચય માટે માઈક્રો-ઈરિગેશન જેવા નક્કર પગલાં તાત્કાલિક ધોરણે લેવામાં નહીં આવે, તો રાજ્યમાં અન્ન અને ખેતી લાયક જમીનની ભારે અછત સર્જાશે તે દિવસો દૂર નથી.

### જમીન બિન-ઉપજાઉ બનવાના મુખ્ય કારણો

- * વરસાદી પાણીના વહેણને લીધે ફળદ્ પ માટીનું ધોવાતાં જમીનની ગુણવત્તા બગડે છે.
- * દરિયાના ખારુ પાણી પ્રવેશે છે જેથી જમીન બિન-ઉપજાઉ બની રહે છે
- * કેમિકલ યુક્ત ખાતર અને જંતુનાશક દવાના વપરાશથી જમીનની ફળદ્ પતા નાશ પામે છે
- * ભૂગર્ભ જળના વધુ પડતા ખેંચાણને લીધે જમીન સૂકી અને રેતાળ બની છે
- * ખેતરોમાં પાણી ભરાઈ જતાં જમીનમાં ક્ષારનું પ્રમાણ વધે છે જે પાક માટે નુકસાનકારક છે.
- * ફેક્ટરીઓનું કેમિકલયુક્ત દૂષિત પાણી છોડવાથી જમીન બિનઉપયોગી બને છે.
- * જમીનની ફળદ્ પતા ઘટવાથી પાકના ઉત્પાદનમાં ઘટાડો થાય છે.



અંધાધૂધ ઔદ્યોગિકરણ-શહેરીકરણની કૃષિક્ષેત્ર પર અસર જો આ સ્થિતી રહી તો, ખેતીલાયક જમીનની અછત સર્જાશે

## જમીન વેરાન થવાની રેસમાં મહારાષ્ટ્ર અને રાજસ્થાન પછી ગુજરાતઃ ખારાશ અને હવામાનને લીધે જમીનની ફળદ્રુપતા ઘટી

## અમદાવાદ સાયબર ક્રાઈમની કામગીરી

# મહિલાઓને બદનામ કરવાના નવ ગુનાઓમાં મહિલા સહિત ૧૨ ઝડપાયા

અમદાવાદ,સોમવાર

અમદાવાદ સાયબર ક્રાઇમ સેલ ખાતે નવ જેટલા ગુના નોંધાયા હતા. જેમાં સોશિયલ મીડિયા પર મહિલાઓ અને યુવતીઓને બદનામ કરવાના ઇરાદે નકલી આઇડી બનાવીને વાંધાજનક પોસ્ટ તેમજ ફોટો અપલોડ કરાયા હતા. આ તમામ કેસમાં પોલીસે મિશન સાયબર રક્ષિકા અભિયાન હેઠળ તમામ ગુનાઓમાં સંડોવાયેલા કુલ ૧૨ આરોપીઓની ધરપકડ કરી હતી. જેમાં ત્રણ સગીર બાળકો અને એક મહિલાનો સમાવેશ થાય છે.

## પોલીસે તમામ વાંધાજનક પોસ્ટર અને એકાઉન્ટ ડીલીટ કરાવ્યાઃ આઈપી એડ્રેસથી આરોપીઓને ટ્રેસ કર્યા

મહિલાઓ અને યુવતીઓને સોશિયલ મિડીયા પર ટારગેટ કરીને તેમની ફેક પ્રોફાઇલ દ્વારા બિભત્સ વિડીયો, વાંધાજનક લખાણ મોકલીને તેમને પરેશાન કરવાના કુલ નવ જેટલા ગુના અમદાવાદ સાયબર ક્રાઇમ સેલમાં નોંધાયા હતા. ત્યારે મહિલાઓને મિશન સાયબર રક્ષિકા અભિયાન હેઠળ સુરક્ષા આપવા માટે પોલીસની વિશેષ ટીમ તૈયાર કરીને તમામ ગુનાઓની ટેકનીકલ એનાલીસીસ તેમજ ગ્રાઉન્ડની પુછપરછ કરીને તપાસ શરૂ કરવામાં આવી હતી. જેના આધારે અમદાવાદ, સાબરકાંઠા, ભાવનગર અને મહારાષ્ટ્રથી કુલ ૧૨ જેટલા આરોપીઓની ધરપકડ કરી હતી. જેમાં ત્રણ સગીર, એક મહિલાનો સમાવેશ થાય છે.સાયબર ક્રાઇમના ડીસીપી લવીના સિન્હાએ જણાવ્યું હતું કે ત્રણ સગીરોએ તેમના ઇન્સ્ટાગ્રામમાં પોતાના લાઇક્સ અને ફોલોઅર્સ વધારવા માટે યુવતીના ગરબા રમતા વિડીયોમાં છેડછાડ કરીને અપલોડ કર્યો હતો. એક કિસ્સામાં તેની ભાભી બાબત સામે આવી હતી કે યુવતીને કોઇ વ્યક્તિ સાથે આડા સંબંધ છે. તેવી પોસ્ટ મુકવામાં આવી હતી. તપાસ કરતા જાણવા મળ્યું હતું કે આરોપીએ માતા સાથે ફરિયાદી યુવતીને વાહન અથડાઇ જવા બાબતે તકરાર થઇ હતી. જેના કારણે આરોપી વિરૂદ્ધ કેસ નોંધાયો હતો અને ધરપકડ થતા જામીન લેવા પડ્યા હતા. જેની અદાવત રાખીને બોગસ પ્રોફાઇલ બનાવીને યુવતીને બદનામ કરી હતી. જ્યારે કેટલાક કિસ્સામાં યુવતીએ પ્રેમસંબધ રાખવાની ના પાડતા કે લગ્ન ન કરવાનું કહેતા વાંધાજનક ફોટો ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરાયા હતા. આમ, અંગત અદાવતને પગલે આ પ્રકારના કૃત્ય કરીને મહિલાઓ-યુવતીઓને બદનામ કરવામાં આવી હતી.

## કિર્તીદાનના ગરબામાં

(છેલ્લા પાનાનું ચાલુ)

એસી ડોમમાં ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઓનલાઇન પ્લેટફોર્મ પર ટિકીટના ૯૯૯, ૧૩૯૯ અને ૨૪૯૯ જેટલી કિંમત રાખવામાં આવી હતી અને એસી ડોમ હોવાથી મોટાભાગના ખેલૈયાઓએ એડવાન્સમાં ટિકિટ ખરીદી હતી. ત્યારે હવે એસી ડોમ નવરાત્રીના બે દિવસ પહેલાં જ તુટી પડતા પ્રથમ નવરાત્રીએ ગરબાનું આયોજન શક્ય બન્યુ નહોતું અને બીજા દિવસે સોમવારે ગરબા શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. સાથે સાથે આયોજકોએ એવી પણ જાહેરાત કરી હતી કે ગરબા ખુલ્લામાં યોજવામાં આવનાર હોવાથી ટિકિટના દર પણ અડધા થશે. જેથી એડવાન્સમાં ટિકિટ ખરીદનારાઓએ રીફંડની માંગણી કરી હતી. પરંતુ, ઓનલાઇન નાણાં ચુકવાનારને રીફંડની ના પાડવામાં આવતા હોબાળો થયો હતો. જેથી કેટલાંક લોકોને રીફંડ આપવાની ખાતરી આપીને રોષ શાંત કરવા માટે પ્રયાસ કરાયો હતો. તેમ છતાંય, આયોજકોએ એસી ડોમની ટિકિટ લઇને ખુલ્લામાં ગરબા યોજીને અનેક લોકો પાસેથી બમણી રકમ વસુલી હતી.

એટલું જ ઓનલાઇન પ્લેટફોર્મ પર ટિકિટની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો નહોતો અને ૯૯૯, ૧૩૯૯ અને ૨૪૯૯ રૂપિયા જ વસુલવામાં આવતા હતા. આમ, આયોજકો દ્વારા છેતરપિંડી કરાયાનો આરોપ ખેલૈયાઓએ લગાવ્યો હતો.

## સિંગતેલમાં વધુ

(છેલ્લા પાનાનું ચાલુ)

સિંગતેલ ઉપરાંત જેના ભાવ નિયંત્રણના કથિત પગલા તરીકે કસ્ટમડ્યુટીમાં મોટો ઘટાડો કરાયો, આયાત નિયંત્રણો ઓછા કરાયા તેવા સૂર્યમુખી તેલના ભાવમાં ઉલ્ટા વધારાનો સિલસિલો શરુ થયો છે. ગુરુવારે રૂ.૨૫૦૫-૨૫૩૫ના ભાવે વેચાતું સૂર્યમુખી તેલ આજે વધુ રૂ.૨૦ના વધારા સાથે રૂ.૨૫૬૫-૨૫૯૫એ પહોંચ્યું છે,

## વાત વાતમાં

# આ છે 'સચોટ' સત્યો !

'પૃથ્વી ગોળ છે' અને 'સૂર્ય પૂર્વમાંથી ઊગે છે' એ તો બહુ જાણીતાં સત્યો છે. પરંતુ અમુક સત્યો એવાં છે જેની તમને 'જાણ' તો હતી પણ એની 'જરૂર' જ નહોતી ! બોલો.

* * *

સત્ય (૧)
ટ્રેનના પૈડાંમાં કદી પંચર પડતાં નથી.



(હા, પણ એ જાણીને શું કરવાનું ?)

* * *

સત્ય (૨)
તમે જો વગર ટિકીટે વિમાનમાં બેસી જાવ તો તમને કોઇ અધવચ્ચે ઉતારી શકવાનું નથી !
(હવે, આ જાણકારી કામની ખરી કે નહીં ?)

* * *

સત્ય (૩)
પેરેશૂટ એક જ એવી પ્રોડક્ટ છે જેમાં કદી 'ટ્રાયલ પિરિયડ' હોતો નથી.
(અને 'મની બેક ગેરંટી' ? એમાં એવું છે કે ખામીયુક્ત પ્રોડક્ટના બદલામાં સાવ નવી પ્રોડક્ટ ફ્રીમાં આપે છે !)

* * *

સત્ય (૪)
તમે બગાસું અને ખાંસી એકસાથે ખાઇ શક્તા નથી. (ઉપવાસ કર્યો હોય તો પણ.)

* * *

સત્ય (૫)
તમે પાણીના કોગળા કરતી વખતે 'કો...' બોલી શકો છો, 'ગ...' પણ બોલી શકો છો પરંતુ 'ળા...' બોલી શકતા નથી!
(ટ્રાય કરી જોજો.)

* * *

સત્ય (૬)
'૨૦ ટકા એકસ્ટ્રા ટુથપેસ્ટ' અને '૨૦ ટકા એકસ્ટ્રા પરફ્યુમ' આ બે ચીજો એવી છે જેમાં ખરેખર વીસ ટકા એકસ્ટ્રા છે કે નહીં તે તમે કદી માપી શકવાના નથી !
(આ પણ ટ્રાય કરી જોજો !)

* * *

સત્ય (૭)
'લખી રાખજો...' 'તમે લખી રાખજો...' એવું વારંવાર કહેનારા લોકો પોતે કશું પણ લખીને રાખતા નથી.
(આ લખી રાખજો.)

* * *

સત્ય (૮)
મોટે ભાગના લોકો બ્રશ કર્યા પછી પણ મોં 'બગાડી' શકે છે !
(બોલો, આ ખબર હતી ?)

* * *

સત્ય (૯)
એમ તો આર્મીની ટેન્કોમાં પણ પંચર પડતાં નથી !
(આ તો જસ્ટ યાદ આવી ગયું એટલે...)

- મન્નુ શેખચલ્લી

## તુવેરના ભાવમાં

(છેલ્લા પાનાનું ચાલુ)

તુવેરનું ઉત્પાદન વર્ષ ૨૦૨૪-૨૫માં ૩૬.૨૪ લાખ ટન અને ગત વર્ષ ૨૦૨૫-૨૬માં ૩૫.૯૨ લાખ ટન એટલે કે સતત બે વર્ષ અગાઉના વર્ષો કરતા વધુ, વા ષક ૩૬ લાખ ટનનું ઉત્પાદન જળવાઈ રહ્યું છે.ઉલ્લેખનીય છે કે તુવેર સહિત કઠોળ મેથી-કોથમીર જેવા નથી કે જે પાક્યા પછી જે તે સમયે જ વેચવા પડે.

આમ છતાં યાર્ડમાં ગત વર્ષ ૨૦૨૫ની નવરાત્રિથી દિવાળી વચ્ચેના સમયે તુવેરદાળ જથ્થાબંધમાં પ્રતિ ૨૦ કિલો રૂ.૯૦૦થી ૧૩૦૦ના ભાવે વેચાતી હતી ,બે મહિના પહેલા મહત્તમ ભાવ વધીને રૂ.૧૫૦૦ આસપાસ થયો , ગત સપ્ટેમ્બર-૨૦૨૬ના અંતમાં પણ રૂ.૧૨૦૦-૧૭૨૫નો ભાવ થયો અને આજે ૨૦૦૦ને પાર થઈને રૂ.૧૪૮૦-૨૦૨૨ની ઉંચી સપાટીએ પહોંચી ગયા

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ
Regd. NI. GAMC 28

Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah
Regd.NI.GAMC 28

# ડબલ એન્જીનથી ચાલતી મોંઘવારીની ચક્કીમાં દરેક જીવનજરુરી ચીજો મોઘી

રાજકોટ,ગુરુવાર

વેપારી સૂત્રો અનુસાર જેની ખરીદી વગર કોઈ પણ પરિવારને ચાલે નહીં, જીવવા માટે જે અનિવાર્ય છે તેવી દરેક ખાદ્યચીજોના ભાવ વધી રહ્યા છે. જેમ કે પ્રતિ કિલો ચોખામાં રુ.૧૦નો, તલમાં રુ.૪૦નો, મગ અને ચણામાં કિલોએ રુ.૨૫નો, સિંગતેલમાં રુ.૮૦થી ૯૦નો વધારો થયો છે. લગભગ તમામ કઠોળ,અનાજના ભાવ વધ્યા છે.ઉપરાંત નવરાત્રિમાં પ્રસાદ, નૈવેદ્ય માટે લાપસી માટે સાકર-ખાંડ, ગોળના ભાવ પણ વધી ગયા છે. તો ચીચોડો હાંકીને પેટિયુ રળતા એક શ્રર્મજીવીએ કહ્યું શેરડીના ભાવમાં પણ રુ.૨૦નો વધારો થઈ ગયો છે. ફરસાણના વેપારીઓ કહે છે બેશન કે જે ફરસાણ અને કેટલીક મીઠાઈ માટેનો લોટ છે તેના ભાવ વધ્યા છે, મસાલા મોંઘા થયા અને મિઠાઈ માટે બદામ રુ.૧૦૦૦ની કિલો મળતી તે હવે રુ.૧૪૦૦૦એ પહોંચી ગઈ છે.

નવરાત્રિની પ્રાચીન ગરબીના આયોજકો કહે છે આયોજન માટે લ્હાણીથી માંડીને કલાકારોની ફી સહિત દરેક ચીજોમાં ભાવ વધારો છે. એકંદરે મોંઘવારીની ચક્કી એવી તીવ્ર રીતે ચાલી રહી છે કે ગરીબ-મધ્યમવર્ગ તેમાંથી બચવા ગમે તે ખરીદી ઘટાડે કે છોડે તો પણ બચી ન શકે. કારણ કે ખાધા વગર તો ચાલતુ નથી.

છે. ખાદ્યચીજોનું ઉત્પાદન એકંદરે જળવાવા છતાં ભાવમાં તોતિંગ વધારો સરકારની ભાવ નિયંત્રણમાં નિષ્ફળતાને ઉજાગર કરે છે.ભાવ સતત વધતા જતા હોય નફાનો ગાળો વધારવા ચીજવસ્તુનો સંગ્રહ કરાતો હોવાની પણ શંકા છે. પરંતુ, સરકારી તંત્ર તો સેવા અને વિકાસના સપના દેખાડતા કાર્યક્રમોમાં જ ગળાડૂબ છે.

**વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**
**- જાહેરખબર મેનેજર**

## ફાયર NOC વગર

(છેલ્લા પાનાનું ચાલુ)

અને પોલીસની પરમિશન ન હતી તો રવિવારે ગરબા યોજાયાં તેમાં કોના ઈશારે પોલીસ બંદોબસ્ત આપ્યો હતો? પોલીસે ગરબા કેમ બંધ કરાવ્યા નહી? ફાયરબ્રિગેડે ત્રણ દિવસ ધક્કા ખાધા પછી અપૂર્ણતાઓ હોવા છતાં રવિવારે ગરબા કેમ કરવા દીધા? એવા અનેક સવાલો ચર્ચામાં છે.


## જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ સબ-ડિસ્ટ્રીક્ટ અમદાવાદ ૧૪ (વસ્ત્રાલ) ના તાલુકા વટવા ના મોજે વસ્ત્રાલ ની સીમના સર્વે/બ્લોક નં.૭૪૭ ની ૧૫૫૮૨ ચો.મી. જમીનનો સમાવેશ ટી.પી. સ્કીમ નં.૧૧૪ માં થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં.૧૧ ની ૯૩૪૮ ચો.મી.ના ક્ષેત્રફળવાળી મલ્ટીપર્પઝ હેતુની બીનખેતીની જમીન અમીતકુમાર પ્રવિણભાઈ ઠક્કર (વ.વ. ૭૫ ટકાના હિસ્સેદાર), જયદેવસિંહ રાજેન્દ્રસિંહ કુશવાહ (વ.વ. ૨૫ ટકાના હિસ્સેદાર) નાઓની સંયુક્ત સહમાલિકી, સહકબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

**દિનેશ બી. પટેલ, એડવોકેટ**
ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફ્લોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ-૩૮૦૦૪૯.
મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

## જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રીક્ટ સાબરકાંઠા રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીક્ટ તથા તાલુકા વડાલીનાં ગામ મોજે મહોરની સીમનાં સર્વે નંબર-૧૨૨ (જુના સર્વે/બ્લોક નંબર-૪૯૦)નાં ખાતા નંબર- ૧૧૧૫ નાં ક્ષેત્રફળ- ૧૪૮૯૮ સમચોરસમીટર પૈકી ક્ષેત્રફળ- ૯૦૦૯ સમચોરસમીટર જુની શરતની ખેતીની જમીન, (૧) પ્રતાપજી મલાજી ઠાકરડા, (૨) વસંતબેન પ્રતાપજી ડાભી, (૩) ચેહરાજી પ્રતાપજી ડાભી, (૪) નાગજીજી પ્રતાપજી ડાભી, તથા (૫) ભારતીબેન પ્રતાપજી ડાભી, સર્વે ઠેકાણું : મહોર, તાલુકા વડાલી, જીલ્લા સાબરકાંઠાનાંએ તેઓનાં સંયુક્ત માલીકી કબજા ભોગવટા તથા ખુદખેડમાં તથા તમામ પ્રકારનાં બોજાઓથી મુક્ત આવેલ હોવાનું જણાવી અમારી પાસે ઉપરોક્ત જમીનનાં ટાઈટલ કલીયરન્સ સર્ટિફીકેટની માંગણી કરેલ છે. સબબ સર્વે શખ્સો, વ્યક્તિ, પેઢી, બેંક, નાણાંકીય સંસ્થા કે અન્ય કોઈપણ કે જેઓ વેચાણ, વારસો, ભેટ, લાયસન્સ, કબજો, ગીરો, લીયન, ચાર્જ, ભરણપોષાણ, ઈઝમેન્ટ, અદલાબદલો, ડેવલપર કે ફાઈનાન્સર તરીકે કે બાનાખત કરાર, પાવર ઓફ એટર્ની, કબજા કરાર, સમજૂતી કરાર, હુકમનામું કે અન્ય કોઈ લખાણ હેઠળ કે કોર્ટ કાર્યવાહી હેઠળ કે કુટુંબના સભ્ય કે વારસદાર તરીકે કે બીજી કોઈપણ રીતે ઉપરોકત જમીન પર હક્ક, દાવો કે અલાખો ધરાવતા હોય તેમણે તેની લેખિત જાણ પુરાવાની સર્ટીફાઈડ નકલ સાથે આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત)ની અંદર નીચેના સરનામે સ્પીડ પોસ્ટથી કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો ઉપરોક્ત જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો પોષાતો નથી અને પોષાતો હોય તો તે જતો યાને કે વેઈવ કરેલ છે તેમ સમજી મુદ્દત વિત્યે ઉપરોકત જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટિફીકેટ ઈશ્યુ કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં જેની આથી નોંધ લેવી.
તારીખ : ૧૨/૧૦/૨૦૨૬,
ફાઈલ નંબર- ૨૪૦૦૬/૧

**B R PATEL & Co.**
**Advocates, Solicitors & Corporate Attorney's**
15, Dolly Apartment, Ambawadi Circle, Ahmedabad-380006.
Phone: 26466400, 26466401

## જાહેર ચેતવણી

આથી અમારા અસીલ યુનુસભાઈ હસનભાઈ મેમણ, રહેવાસી : પટેલ વાસ, દાણીલીમડા ગામ, દાણીલીમડા, અમદાવાદનાંની સુચના અને ફરમાઈશથી આ જાહેર ચેતવણી કમ નોટીસ પ્રસિધ્ધ કરાવી જાહેર જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રીક્ટ ગાંધીનગર, રજીસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રીક્ટ ગાંધીનગર ઝોન- ૩ નાં તાલુકા ગાંધીનગરનાં ગામ મોજે ચિલોડા (નરોડા)ની સીમનાં સર્વે નંબર- ૯૦ નાં ક્ષેત્રફળ- ૨૨૭૪૬ સમચોરસમીટર પૈકી ક્ષેત્રફળ- ૧૧૩૭૩ સમચોરસમીટર જુની શરતની ખેતીની જમીન, (૨) સર્વે નંબર- ૧૧૭ નાં ક્ષેત્રફળ- ૭૭૯૦ સમચોરસમીટર પૈકી ક્ષેત્રફળ- ૩૮૯૫ સમચોરસમીટર જુની શરતની ખેતીની જમીન, (૩) સર્વે નંબર- ૧૨૧/૩ નાં ક્ષેત્રફળ-૨૧૨૫ સમચોરસમીટર જુની શરતની ખેતીની જમીન અમારા અસીલે તેના માલીકો પાસેથી બાનાખતનાં કરારથી વેચાણ રાખવાનું નક્કી કરેલ. પંરતુ, જમીન માલીકો સદરહુ જમીનનાં વેચાણ દસ્તાવેજ અમારા અસીલને કરી આપતા ના હોઈ તેમજ અન્ય ઈસમને વેચાણ કરવાની પેરવી કરી રહ્યા હોવાનું અમારા અસીલની જાણમાં આવતા અમારા અસીલે મે. ગાંધીનગરનાં પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં રે.દી.મુ.નંબર- ૩૪૬/૨૦૨૩ થી દાવો દાખલ કરેલ તે દાવામાં નામદાર કોર્ટ મારફતે તારીખ- ૧૬/૦૨/૨૦૨૬ ના રોજ દાવાનાં આખરી નિકાલ સુધી મનાઈ હુકમ ફરમાવવામાં આવેલ છે. ઉપરોકત હકીકતે ઉપરોકત જમીનમાં અમારા અસીલનાં હક્કો આવેલ તથા પોષાતા હોઈ કોઈપણ શખ્સ ઉપરોકત જમીનો અંગે કોઈપણ વ્યક્તિ, પેઢી કે સંસ્થાએ કોઈપણ જાતનાં વ્યવહારો કરવા કરાવવા નહીં અને તેમ છતાં જો તેવા કોઈ વ્યવહાર કરવામાં આવશે કે નિકળી આવશે તો તેવી વ્યક્તિ, પેઢી કે સંસ્થાનાં નાણાં ડુબશે તેમજ તેઓ સામે અમારા અસીલ દિવાની તેમજ ફોજદારી રાહે કાયદેસરની કાર્યવાહી હાથ ધરશે અને તેની તમામ જવાબદારી તેવા ગેરકાયદેસર કૃત્ય કરનાર શખ્સ, પેઢી સંસ્થાની અંગત રહેશે જેની જાહેર જનતાએ નોંધ લેવી.
તારીખ : ૧૨/૧૦/૨૦૨૬

**B R PATEL & Co.**
**Advocates, Solicitors & Corporate Attorney's**
15, Dolly Apartment, Ambawadi Circle, Ahmedabad-380006.
Phone: 26466400, 26466401

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ ગાંધીનગરનાં સબડીસ્ટ્રીક્ટ ગાંધીનગર ઝોન-૨ તથા તાલુકા ગાંધીનગરનાં ગામ મોજે સરગાસણની સીમનાં સર્વે નંબર-૩૭૨/૭ ની ૪૯૫૭ ચોરસમીટરની જમીન કે જેનો સમાવેશ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૨૯ (સરગાસણ-તારાપુર-અડાલજ-ઉવારસદ) માં થતાં તેની રૂઈએ ફળવાયેલ ફાઈનલ પ્લોટ નંબર-૮૧ ની ૨૯૭૪ ચોરસમીટરની બહુહેતુક વિષયક બીનખેતીની જમીન કે જેનો સમાવેશ હાલનાં રેવન્યુ રેકર્ડ મુજબ સર્વે નંબર-૩૭૨/ ૭/પૈકી ૧ માં કરવામાં આવેલ છે અને બાકી રહેતી ટાઉન પ્લાનીંગ સ્કીમની કપાતવાળી ૧૯૮૩ ચોરસમીટરની જમીન અન્વયે સર્વે નંબર-૩૭૨/૭ કાયમ રાખવામાં આવેલ છે તે રીતેની જમીન (૧) વિણાબેન તે પ્રવિણસિંહ લક્ષ્મણસિંહની વિધવા, (૨) નમીતાબેન પ્રવિણસિંહ તે અશોકસિંહ રાઠોડનાં પત્ની રહેવાસી-૩/૪, છ ટાઈપ, સેકટર-૨૧, ગાંધીનગર, (૩) કનકસિંહ પ્રવિણસિંહ, (૪) નેહલબા તે સુનીલસિંહ વાઘેલાની વિધવા તથા (૫) સગીર રણવીરસિંહ સુનિલસિંહ વાઘેલાનાં કુદરતી વાલી અને માતા તરીકે નેહલબા સુનિલસિંહ વાઘેલા નંબર-(૧) તથા (૩) થી (૫) સર્વે રહેવાસી-૩૦૯, દરબાર વાસ, સરગાસણ, તાલુકો તથા જીલ્લો ગાંધીનગરનાંએ તેમની સંપૂર્ણ, સંયુક્ત, સહીયારી માલિકી તથા કબજા ભોગવટાની બોજારહિત હોવાનું જણાવી વેચાણ કરવાનાં હેતુથી સદરહુ જમીન અંગેનાં ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે, તો સદરહુ જમીન ઉપર અન્ય જે કોઈપણ વ્યક્તિ, બેંક, પેઢી કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહીત લેખિત જાણ નીચેના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી.થી કરવી, જો તેમ કરવામાં નહિ આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલો છે, તેમ સમજી અમો સદરહુ જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને અમારા અસીલ દ્વારા સદરહુ જમીન ખરીદવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે, જેની નોંધ લેવી.
તારીખ : ૧૨-૧૦-૨૦૨૬

**વિનોદ સી. દરજી એડવોકેટ**
૨૨૩, સત્યમ મોલ, કામેશ્વર સ્કુલ પાસે, સમાન કોમ્પલેક્ષની સામે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન નં. ૦૭૯ ૨૬૭૬૦૭૮૬

## જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અમદાવાદ-૯(બોપલ)ના તાલુકા ઘાટલોડીયાના ગામ મોજે થલતેજની સીમના ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર-૧(થલતેજ)ના ફાઈનલ પ્લોટ નંબર-૩૨ (સર્વે/બ્લોક નંબર-૯૩/૨)ની કુલ ૧૫૦૯ ચોરસમીટરની જમીન પૈકી ૧૦૦૨.૮૭ ચોરસમીટરની બિનખેતીની જમીન ઉપર ઘનશ્યામ ઓનર્સ એસોસીએશન દ્વારા મુકવામાં આવેલ સ્કીમ કે જે ''સુરભી એપાર્ટમેન્ટ'' તરીકે ઓળખાય છે તેમાં આવેલ નીચે દર્શાવેલ જુદા જુદા ફ્લેટ હોલ્ડરોની તેમના નામ પછી વર્ણવેલ બાંધકામવાળી મિલકતો સોસાયટીના સભ્યપદ તરીકે પોત-પોતાની સંપુર્ણ, સ્વતંત્ર/સંયુક્ત માલિકી અને કબજા ભોગવટાની બોજારહિત હોવાનું જણાવી નીચે દર્શાવેલ ફ્લેટ હોલ્ડરોએ તેમના પોત- પોતાના ફ્લેટોના ટાઈટલ્સ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને Darman Hetul Buildcon LLP એ નામની મર્યાદીત જવાબદારી ધરાવતી ભાગીદારી પેઢીને રી-ડેવલપમેન્ટ માટે આપવાનું નક્કી કરેલ છે. આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવા જણાવેલ છે. (૧) ભરતભાઈ ગોરધનભાઈ પટેલની ફ્લેટ નંબર-૨૪ વાળી મિલકત (૨) સુશીલાબેન વસંતભાઈ પટેલની ફલેટ નંબર- ૨૬ વાળી મિલકત (૩) નિમિષ વસંતભાઈ પટેલની ફ્લેટ નંબર-૨૭ વાળી મિલકત (૪) મહેન્દ્રકુમાર અંબાલાલ પટેલની ફ્લેટ નંબર-૨૮ વાળી મિલકત (૫) પદ્માબેન સાંકાભાઈ પ્રજાપતિની ફ્લેટ નંબર-૩૩ વાળી મિલકત (૬) વર્મા સંતોષકુમારીની ફ્લેટ નંબર-૩૪ વાળી મિલકત (૭) પટેલ દિનેશકુમાર કેશવલાલની ફ્લેટ નંબર-૩૫ વાળી મિલકત (૮) દિલીપકુમાર વિનોદચંદ્ર મિસ્ત્રીની ફ્લેટ નંબર-૩૬ વાળી મિલકત (૯) દેસાઈ ઈશ્વરલાલ તાલજાભાઈની ફ્લેટ નંબર-૩૭ વાળી મિલકત તો સદરહુ મિલકતો ઉપર કોઈપણ શખ્સ, બેંક કે મંડળીનો બોજો, ચાર્જ, લીયન હોય કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો હોય કે સદરહુ મિલકતો ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭(સાત)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ મિલકતો ઉપરના તમામ હક્કો જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ મિલકતોના ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેના પ્રમાણપત્ર આપીશું તથા અમારા અસીલ દ્વારા રી-ડેવેલપમેન્ટ અંગેની કાર્યવાહી કરવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહિ. તેની નોંધ લેશો.
તારીખ ૧૨-૧૦-૨૦૨૬

**હિતેષ એમ. રાવલ**
**એડવોકેટ,**
**એચ. એમ. રાવલ એન્ડ કંપની,**
**એડવોકેટ્સ,**
ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફલોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪.
ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

## જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ અમદાવાદના સબ-ડિસ્ટ્રીકટ અને તાલુકા ધોળકાના ગામ મોજે રનોડાની સીમના રી-સર્વે અનુસાર બ્લોક નંબર-૭૭૮ (જુના બ્લોક નંબર-૫૦૬ પૈકી) ની કુલ ૧૫૬૨૪ ચોરસમીટરના ક્ષેત્રફળની જુની શરતની ખેતીની જમીન અમરીશ જયંતિભાઇ પટેલે તેઓની સંપૂર્ણપણે સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઇટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો . સદરહુ જમીન ઉપર જો કોઇનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઇપણ વ્યક્તિનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઇટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તકરાર ચાલશે નહી.
ફાઇલ નંબર-૧૦૩૬૩
તારીખ : ૧૩-૧૦-૨૦૨૬

**શરદ એન. દરજી**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**(એમ.કોમ., એલ.એલ.બી.)**
ઓફીસ : બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦
ફોન નંબર : ૦૭૯-૨૬૪૬૯૮૦૦

## જાહેર નોટીસ

**મોજે - કડી કસ્બા**

ડિસ્ટ્રીકટ મહેસાણા સબ-ડિસ્ટ્રીકટ કડી તાલુકાના મોજે - કડી કસ્બા ગામની સીમના રી-સર્વે મુજબ નવા (એ) સર્વે નં.૧૬૫૧ (જુના સર્વે નં.૮૩૪) ની ચો.મી. ૪૯૫૩, (બી) સર્વે નં.૧૬૬૦/૦૦૧ (જુના સર્વે નં.૮૧૭ પૈકી ૨ / પૈકી ૨) ની ચો.મી. ૨૮૯૫, (સી) સર્વે નં.૧૬૬૦/૦૦૨ (જુના સર્વે નં. ૮૧૮) ની ચો.મી. ૨૯૭૩, (ડી) સર્વે નં.૧૬૬૦/૦૦૩ (જુના સર્વે નં. ૮૩૩) ની ચો.મી. ૫૮૭૮ તથા (ઈ) સર્વે નં.૧૬૬૦/૦૦૪ (જુના સર્વે નં. ૮૩૩/ પૈકી ૧) ની ચો.મી. ૧૧૫૨૬ ની બિનખેતીની જમીન RASNA PROCESSORS PRIVATE LIMITED ની માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને તેના અધિકૃત વ્યક્તિ PAWANKUMAR MURARKA એ અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઇનો બોજો, ચાર્જ, બાનાહક્ક, ડેવલપમેન્ટ હક્ક કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઇનો કોઇપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને તે પછીથી કોઇનો કોઇપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.
તા.૧૩-૧૦-૨૦૨૬.

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો. ૯૮૭૯૩૪૪૩૩૩.

## જાહેર નોટિસ

**મોજે - હાજીપુર**

ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીક્ટ કલોલ તાલુકાના મોજે-હાજીપુર ગામની સીમના રી-સર્વે મુજબના બ્લોક નં. ૫૭૯ (જુના બ્લોક નં. ૧૦૨૮) ની હે.આરે.ચો.મી. ૩-૪૮-૩૭ પૈકી ઉત્તર દિશા તરફના ભાગની હે.આરે.ચો.મી. ૨-૬૮-૭૫ ની ખેતીની જમીન (૧) દેવ શશીકાન્તભાઈ પટેલ (૨૨% ના હિસ્સેદાર), (૨) નૈસર્ગ ગુણવંતભાઈ બારોટ બ્રહ્મભટ્ટ (૭% ના હિસ્સેદાર), (૩) પ્રિત જયપ્રકાશભાઈ પટેલ ગામી (૨૨% ના હિસ્સેદાર), (૪) દિપ ભરતભાઈ ગઢીયા (૨૨% ના હિસ્સેદાર), (૫) હસમુખભાઈ કાળુભાઈ ગઢીયા (૭% ના હિસ્સેદાર), (૬) મયંક શૈલેષભાઈ રાખોલીયા (૧૫% ના હિસ્સેદાર) તથા (૭) સંજયભાઈ ધીરૂભાઈ ઉર્ફે ધીરજલાલ સોરઠીયા (૫% ના હિસ્સેદાર)ની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ કલીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઇનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઇઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ કલીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઇનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.
તા.૧૩-૧૦-૨૦૨૬.

**મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,**
**ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,**
**હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,**
**BALCHANDBHAI ASSOCIATES**
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો. ૯૮૭૯૩૪૪૩૩૩.

## જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ, સબ-ડીસ્ટ્રીકટ અને તાલુકે સાણંદના મોજે - ગામ શેલાની સીમમાં આવેલ બ્લોક નંબર- ૧૨૪ (જુના સર્વે નંબર-૧૪૫/૧) ક્ષેત્રફળ ૬૫૭૬ સમચોરસમીટર જેના ટી.પી. સ્કીમ નંબર - ૩ (શેલા) ના ફાઈનલ પ્લોટ નંબર - ૧૦૪ ક્ષેત્રફળ ૩૯૪૬ સમચોરસમીટર મલ્ટીપર્પઝ બીનખેતીની જમીન અમારા અસીલો (૧) હીરલબેન તે ભુપેશભાઈ શાહનાં દીકરી તે ચિંતન જીતેન્દ્રભાઈ શાહનાં પત્ની (ક્ષેત્રફળ ૨૭૫૦.૪૦ સમચોરસમીટર) (૨) કૌશલ મહેશચંદ્ર દાણી (ક્ષેત્રફળ ૧૩૭૫.૨૦ સમચોરસમીટર) (૩) તેજસ કિશોરચંદ્ર દાણી (ક્ષેત્રફળ ૧૦૭૫.૨૩ સમચોરસમીટર) (૪) નિકુંજ કિશોરચંદ્ર શાહ (ક્ષેત્રફળ ૧૩૭૫.૨૦ સમચોરસમીટર) ની માલીકી કબજા ભોગવટાની આવેલ અને તેઓએ અગાઉ સદર જમીન તારીખ ૦૪/૧૦/૨૦૨૫ના રોજ ''એકલવ્ય સ્પેશ એલ.એલ.પી.'', એ નામની એક ભાગીદારી પેઢી જેની ઓફીસ ૪૨૩, ચોથોમાળ, અનિકેધ્ય કેપીટોલ, તપોવન સર્કલ, ચાંદખેડા, ગાંધીનગર-૩૮૨૪૨૪ મુકામે આવેલ છે તે ભાગીદારી પેઢીને વેચાણ આપેલ જે અંગેનો ધોરણસરનો વેચાણ દસ્તાવેજ મહેરબાન સબ-રજીસ્ટ્રાર સાહેબ, સાણંદની કચેરીમાં અનુક્રમ નંબર-૨૪૦૩૨ થી નોંધવામાં આવેલ પરંતુ સદર વેચાણ દસ્તાવેજમાં દર્શાવેલ કોઈ ચેકો મજકુર પેઢી બેંકમાં ક્લીયર કરાવી શકેલ નહીં તેમજ તેઓ સદર વેચાણ અવેજની રકમ ચુકવી વેચાણ દસ્તાવેજ પરીપૂર્ણ કરી શકે તેમ ન હોઈ સદર પેઢીએ અમારા અસીલોને વિનંતી કરતાં સદર વેચાણ દસ્તાવેજ તારીખ ૨૧/૦૬/૨૦૨૬ નાં રોજ રદ કરવામાં આવેલ જે વેચાણ દસ્તાવેજનાં કેન્સલેશનનો દસ્તાવેજ મહેરબાન સબ-રજીસ્ટ્રાર સાહેબ, સાણંદની કચેરીમાં તારીખ ૨૩/ ૦૬/૨૦૨૬ નાં રોજ અનુક્રમ નંબર-૧૭૧૯૬ થી નોંધવામાં આવેલ અને સદર ભાગીદારી પેઢીએ અમોને ખાત્રી આપેલ છે કે સદર ભાગીદારી પેઢીનાં ભાગીદાર તરીકે (૧) મિલન ગણેશભાઈ પ્રજાપતિ (૨) સંજય ગણેશભાઈ પ્રજાપતિ (૩) પાર્થ મહેશકુમાર મહેતા, (૪) મીત રતિલાલ ખાંટ તથા (૫) મેસર્સ હેપ્પી લાઈફસ્પેશ પ્રાઈવેટ લીમીટેડ આવેલ હતા અને તે સિવાય અન્ય કોઈ ભાગીદારો આવેલ નહોતા અને નથી એટલુ જ નહીં પરંતુ સદર ભાગીદારી પેઢીએ સદર જમીનમાં પ્રોજેક્ટ કરવાનાં હેતુસર સદર જમીન વેચાણ રાખેલ હતી પરંતુ વેચાણ પરીપૂર્ણ થઈ શકે તેમ ન હોઈ તેઓએ કોઈનાં પાસેથી કોઈ બુકીંગ રકમ સ્વીકારેલ નથી કે લેખીત કે મૌખિક સમજુતી કરેલ નથી કે સદર જમીનમાં કોઈ ત્રીજાપક્ષકારનો હક્ક, હિત, હિસ્સો ઉપસ્થિત કરેલ નથી તેમ ખાત્રી આપી વેચાણ દસ્તાવેજ રદ કરવામાં આવેલ છે અને હાલમાં સદર જમીન અમારા અસીલોની માલીકી કબજા ભોગવટાની આવેલ છે અને તે જમીન અમારા અસીલોએ તમામ પ્રકારનાં બોજાઓથી મુક્ત આવેલ હોવાનું જણાવી અમારી પાસેથી ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે તો સદર જમીનમાં કોઈનો બુકીંગ લેટર, બાનાચીઠ્ઠી, ગીરોખત, કોઈપણ પ્રકારનાં લખાણો, કરારોનાં આધારે કોઈપણ હક્ક, હિત, હિસ્સો આવેલ હોય તો દિન-૭ (સાત) ની અંદર પ્રમાણીત પુરાવા સહીત રજી.એ.ડી.થી જાણ કરવી (પુરાવા વગરના વાંધાઓ ધ્યાને લેવામાં આવશે નહી) અને જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો કોઈનો હક્ક, હિત, સબંધ નથી અને હોય તો તે વેવ કરેલ છે તેમ માનીને ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

**વિજય વાય. ચૌગુલે, એડવોકેટ**
**VIJAY Y. CHAUGULE & CO.**
૪૨૫ થી ૪૨૮, દેવનંદન મોલ, સન્યાસ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ ૩૮૦૦૦૬
ફોન નં.: ૮૭૮૦૬૪૮૯૪૩

## જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ, સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૧૧ (અસલાલી) અને તાલુકે વટવાના મોજે-ગામ લાંભાની સીમમાં આવેલ બ્લોક નંબર-૧૦૭ ક્ષેત્રફળ ૬૪૭૫ સમચોરસમીટર (ખાતા નંબર-૨૪) જેના ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નંબર - ૪૨૧/એ (લાંભા) ના ફાઈનલ પ્લોટ નંબર - ૬૬ ક્ષેત્રફળ ૩૮૮૫ સમચોરસમીટરની જુની શરતની ખેતીની જમીન (૧) ચંચીબેન સુરસંગભાઈ (૨) કૈલાશબેન સુરસંગભાઈ (૩) બાબુભાઈ સુરસંગભાઈ (૪) સજનબેન સુરસંગભાઈ (૫) ગંગાબેન રામસંગભાઈ (૬) પ્રતાપભાઈ રામસંગભાઈ (૭) મનુભાઈ રામસંગભાઈ (૮) વિનુભાઈ રામસંગભાઈ (૯) શારદાબેન રામસંગભાઈ (૧૦) સુબીબેન રામસંગભાઈ (૧૧) દિનાબેન રામસંગભાઈ (૧૨) અંદાબેન રામસંગભાઈ (૧૩) મંગુબેન અરજણભાઈ (૧૪) નાનીબેન અરજણભાઈ (૧૫) ચંદુભાઈ અરજણભાઈ (૧૬) સવિતાબેન અરજણભાઈ (૧૭) ભીખાભાઈ અરજણભાઈ (૧૮) કાંતીભાઈ અરજણભાઈ (૧૯) કમુબેન લીલાભાઈ (૨૦) દિનેશભાઈ લીલાભાઈ (૨૧) ગીતાબેન અમૃતલાલ (૨૨) અજય અમૃતલાલ (૨૩) અજીત અમૃતલાલ (૨૪) શાંતાબેન ડાહ્યાભાઈ (૨૫) જેણાભાઈ ડાહ્યાભાઈ (૨૬) આસુબેન ડાહ્યાભાઈ (૨૭) રાવજીભાઈ ડાહ્યાભાઈ (૨૮) લીલાબેન ડાહ્યાભાઈ (૨૯) વિમળાબેન ડાહ્યાભાઈ (૩૦) શારદાબેન ઈશ્વરભાઈ વાઘરી (૩૧) દશરથભાઈ ઈશ્વરભાઈ ચુનારા (૩૨) સરોજબેન ઈશ્વરભાઈ ચુનારા (૩૩) સતીશકુમાર ઈશ્વરભાઈ ચુનારા (૩૪) સુનીતાબેન ઈશ્વરભાઈ ચુનારા (૩૫) બિંદુબેન અરવિંદભાઈ ચુનારા (૩૬) સુરેશ અરવિંદભાઈ ચુનારા (૩૭) અશ્વિન અરવિંદભાઈ ચુનારા (૩૮) નિકિતા અરવિંદભાઈ ચુનારા (૩૯) રોશની અરવિંદભાઈ ચુનારા (૪૦) આશાબેન રામાભાઈ ચુનારા (૪૧) જ્યોતિબેન રામાભાઈ ચુનારા (૪૨) રાહુલ રામાભાઈ ચુનારા (૪૩) રંજન રામુભાઈ ચુનારા (૪૪) જનક રામાભાઈ ચુનારા (૪૫) રોહન રામાભાઈ ચુનારા (૪૬) માયાબેન ટિનાભાઈ ચુનારા (૪૭) અર્જુન ટિનાભાઈ ચુનારા (૪૮) રોશની ટીનાભાઈ ચુનારા (૪૯) રેશમા ટીનાભાઈ ચુનારા (૫૦) તનુજાબેન કિસનભાઈ ચુનારા (૫૧) સોનલ કિશનભાઈ ચુનારા (૫૨) સગીર વિધી કિશનભાઈ ચુનારા તથા (૫૩) સગીર સાક્ષી કિશનભાઈ ચુનારા, તમામ ઠેકાણુ અમદાવાદનાંએ તેઓની માલિકી કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારના બોજાઓથી મુક્ત આવેલ હોવાનુ જણાવી અમારી પાસે ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે તો સદર જમીનમાં કોઈનો હક્ક, હિત, હિસ્સો આવેલ હોય તો દિન-૭ (સાત) ની અંદર પ્રમાણીત પુરાવા સહીત રજી.એ.ડી.થી જાણ કરવી (પુરાવા વગરના વાંધાઓ ધ્યાને લેવામાં આવશે નહી) અને જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો કોઈનો હક્ક, હિત, સબંધ નથી અને હોય તો તે વેવ કરેલ છે તેમ માનીને ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

**વિજય વાય. ચૌગુલે, એડવોકેટ**
**VIJAY Y. CHAUGULE & CO.**
૪૨૫ થી ૪૨૮, દેવનંદન મોલ, સન્યાસ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ ૩૮૦૦૦૬
ફોન નં.: ૮૭૮૦૬૪૮૯૪૩

### હોસ્પિટલોમાં મેડિકલ ખામીઓને લઈને વધતી હાલાકી

# મેડિકલ કોલેજો-હોસ્પિટલોને પેશન્ટ સેફ્ટી સેલ રચવા કમિશનનો આદેશ

અમદાવાદ,સોમવાર

દેશની હોસ્પિટલોમાં દર્દીઓને અપાતી મેડિકલ સારવારમાં ખામીઓથી મેડિકલ-હેલ્થ બર્ડન વધતુ હોવાનું ભારત સરકારના ધ્યાને આવતા કેન્દ્રિય આરોગ્ય મંત્રાલયે મેડિકલ કમિશનને પેશન્ટ સેફ્ટી સેલની રચના કરાવવા આદેશ કર્યો હતો.જો કે કેન્દ્ર સરકારે આ પરિપત્ર કમિશનને કર્યાના પાંચ મહિના બાદ કમિશને દેશની તમામ મેડિકલ કોલેજોને પરિપત્ર કરીને કોલેજ કે સંલગ્ન હોસ્પિટલમાં પેશન્ટ સેફ્ટી સેલની રચના કરવા માટે આદેશ કર્યો છે.આ સેલમાં એક કમિટી રહેશે અને જેમાં ડીન કે ડિરેકટર કે મેડિકલ સુપ્રિ.અધ્યક્ષ રહેશે અને ૧૧ એક્સપર્ટ મેમ્બર નિમવાના રહેશે.

## દરેક કોલેજ કે સંલગ્ન હોસ્પિટલે ડિરેકટર કે ડીનની અધ્યક્ષતામાં ૧૧ એક્સપર્ટની સેફ્ટી કમિટી રચવી પડશે

દર્દીઓની સારવાર-સુવિધાને પ્રાથમિકતા આપવા માટે દર્દીની સલામતી-સુરક્ષા વધુ જળવાય તે માટે કેન્દ્ર સરકારની સૂચનાથી નેશનલ મેડિકલ કમિશને તમામ મેડિકલ કોલેજોને પરિપત્ર કરીને સંલગ્ન હોસ્પિટલમાં પેશન્ટ સેફ્ટી સેલની રચના કરવા આદેશ કર્યો છે.આ સેલમાં એક કમિટી રહેશે.જે કમિટીએ હોસ્પિટલમાં દર્દીઓની પડતી હાલાંકી,સારવારમાં થતી બેદરકારી સહિતના મુદ્દે મોનિટરિંગ કરવાનું રહેશે અને ચોક્કસ ગાઈડલાઈન-એસઓપીનું પાલન થાય તે નિશ્ચિત કરાવવાનું રહેશે.

કેન્દ્ર સરકારની સૂચના મુજબ કમિશને કોલેજોને આ કમિટી કે સેલમાં ૧૧ એક્સપર્ટને પણ નિમવા માટે આદેશ કર્યો છે અને કોલેજ-હોસ્પિટલે ખાસ પેશન્ટ સેફ્ટી નોડલ ઓફિસર પણ નિમવાના રહેશે.

પેશન્ટ સેફ્ટી સેલ કે કમિટીમાં અધ્યક્ષ તરીકે કોલેજ ડીન કે હોસ્પિટલ સુપ્રિ.રહેશે. આ ઉપરાંત વિવિધ ૧૧ વિષયોના એક્સપર્ટને મેમ્બર તરીકે કમિટીમાં મુકવાના રહેશે.

જેમાં મેડિકેશન સેફ્ટી, સર્જિકલ સેફ્ટી, બ્લડ ટ્રાન્સફ્યુઝન સેફ્ટી, મેડિકલ ડિવાઈસ સેફ્ટી, લેબોરેટરી એન્ડ ડાયગ્નોસ્ટિક સેફ્ટી, ઈન્ફેકશન પ્રીવેન્શન એન્ડ કંટ્રોલ સેફ્ટી, ફાયર સેફ્ટી, સ્ટ્રકચરલ સેફ્ટી, એન્વાયરોમેન્ટલ સેફ્ટી,પેશન્ટ એન્ડ ફેમિલી એન્ગેજમેન્ટ, વેક્સિન એન્ડ ઈન્જેકશન સેફ્ટી તથા ફેસિલિટી સેફ્ટી, મેડિકલ ડિવાઈસ સેફ્ટી સહિતના મુદ્દાઓને ધ્યાને રાખી આ બાબતોના એક્સપર્ટ કમિટીમાં મુકવાના રહેશે.

### મેડિકલ કેરમાં ખામીને લીધે દર વર્ષે અનેકના મૃત્યુ થાય છે

હાર્વડ સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થના ભારતીય ડોક્ટર દ્વારા તૈયાર કરાયેલા અને ૨૦૧૩માં જાહેર કરાયેલા રિપોર્ટને ધ્યાને રાખી ભારત સરકારે પેશન્ટ સેફ્ટી માટે તકેદારી વધારવા અને સેફ્ટી સેલ રચવા આદેશ કર્યો છે.આ રિપોર્ટ મુજબ દર વર્ષે ભારતમાં ૫૨ લાખ લોકોને મેડિકલ ખામીને લીધે કોઈને કોઈ તકલીફ થાય છે અને ભારતમાં મોટી સંખ્યામાં લોકો મેડિકલ સારવારની બેદરકારી કે આડઅસરને લીધે પડેલી મુશ્કેલીથી મૃત્યુ પણ પામે છે.જો કે ૨૦૧૩માં આવેલા આ રિપોર્ટના ૧૩ વર્ષ બાદ હવે કેન્દ્ર સરકારને હોસ્પિટલોમાં દર્દીઓની સુરક્ષા-સલામતીનો વિચાર આવ્યો છે.

### અમદાવાદમાં ૩૬.૮ ડિગ્રી તાપમાન નોંધાયું

અમદાવાદ, સોમવાર

અમદાવાદમાં ગરમીનું પ્રમાણ યથાવત્ રહેતાં આજે ૩૬.૮ ડિગ્રી સરેરાશ મહત્તમ તાપમાન નોંધાયું હતું. ગત રાત્રિના લઘુતમ તાપમાનનો પારો ૨૨.૮ ડિગ્રી હતો. આગામી ૩ દિવસ અમદાવાદનું તાપમાન ૩૮ ડિગ્રીની આસપાસ રહેવાની હવામાન વિભાગની આગાહી છે.

### કાલુપુરમાં ૪૫ લાખની ચોરીના કેસમાં બે આરોપીઓની ધરપકડ

અમદાવાદ, સોમવાર

કાલુપુરમાં લોઢાવાળા ચેમ્બરમાં આવેલી માંગીલાલ પાર્સલ સર્વિસ નામની પેઢીમાં નોકરી કરતા યશવીર પરમાર અને તેમા મોટાભાઈ દલવીર પરમાર કુલ ૪૫ લાખની રોકડની ચોરી કરી હતી. બાદમાં બને આરોપીઓ ઉત્તરપ્રદેશના આગ્રા નજીક તેના ગામમાં છુપાયાની બાતમી મળતા ડીસીપી ઝોન-૩ના સ્કવોડ દ્વારા વોચ ગોઠવીને બંનેની ધરપકડ કરીને રૂપિયા ૧.૮૦ લાખની રોકડ જપ્ત કરી હતી. આ અંગે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

### જીકાસની પ્રવેશ પ્રક્રિયા અંતે નવરાત્રી ટાણે પુરી થઈ

# ગુજરાત યુનિ.માં ૭૬ હજાર પ્રવેશ ઝેવિયર્સની ૫૦ ટકા બેઠકો ખાલી રહી

અમદાવાદ,સોમવાર

ગુજરાતની સૌપ્રથમ ઓટોનોમસ કોલેજ એવી અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કોલેજ માટે લંબાવવામા આવેલી જીકાસની પ્રવેશ પ્રક્રિયા અંતે આ વર્ષે પણ નવરાત્રી ટાણે પૂર્ણ થઈ છે.જેના લીધે ગુજરાત યુનિ.ના હજારો વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ-રજિસ્ટ્રેશન પણ અટકાયા હતા. ગુજરાત યુનિ.માં સેન્ટ ઝેવિયર્સ કોલેજના યુજી-પીજીના એડમિશન સાથે કુલ મળીને ૭૬ હજારથી વધુ પ્રવેશ થયા છે.જ્યારે બીજી બાજુ સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં યુજી-પીજીમાં માંડ ૫૦ ટકા પ્રવેશ થયા છે અને ૫૦ ટકા બેઠકો ખાલી રહી છે.

## યુજી કોર્સીસમાં ૫૭૦૭૫,પોસ્ટ બેઝિક નર્સિંગ ૧૦૯૩ અને પીજી કોર્સીસમાં ૧૮ હજાર જેટલા પ્રવેશ થયા

સેન્ટ ઝેવિયર્સ કોલેજે જીકાસની કોમન પ્રવેશ પ્રક્રિયામાં જોડાવાની ના પાડી હતી અને સરકાર સામે કોલેજે હાઈકોર્ટમાં પીટિશન કરી હતી.આ કોર્ટ કેસને પગલે સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં આ વર્ષે પ્રવેશ સમયસર ન થઈ શક્યા હતા. સેન્ટ ઝેવિયર્સ કોલેજમાં પ્રવેશ માટે કોલેજના પોર્ટલમાં ચાર હજારથી વધુ વિદ્યાર્થીએ ફોર્મ ભર્યા હતા.જેથી અંતે કોલેજે વિદ્યાર્થીઓના હિતમાં મોડે મોડે પણ જીકાસથી પ્રવેશનો નિર્ણય લીધો હતો.જો કે હાઈકોર્ટમાં હજુ જીકાસ પ્રવેશ મુદ્દેના કેસનો ચુકાદો પેન્ડિંગ છે.સેન્ટ ઝેવિયર્સ જીકાસમાં જોડાવાની હા પાડતા સરકારે જીકાસ પ્રવેશ પ્રક્રિયા લંબાવીને સેન્ટ ઝેવિયર્સ માટે ખાસ ત્રણ રાઉન્ડ કર્યા હતા અને ત્યારબાદ ૩ ઓક્ટોબરથી અન્ય કોલેજોને મોપ અપ રાઉન્ડની છુટ આપી હતી.

સેન્ટ ઝેવિયર્સ અને અન્ય કોલેજોને અપાયેલી ૮મી સુધીની મુદત પુરી થવા સાથે સંપૂર્ણ પ્રવેશ પ્રક્રિયા પુરી થઈ ગઈ છે.ગુજરાત યુનિવર્સિટી અને સંલગ્ન કોલેજોમાં બીએ, બીકોમ, બીબીએ, બીસીએ,બીએસસી અને ઈન્ટિગ્રેટેડ સહિતના યુજી કોર્સીસમાં કુલ મળીને ૫૭૦૭૫ જેટલી બેઠકો ભરાઈ છે. જ્યારે પોસ્ટ બેઝિક નર્સિંગમાં ૧૦૯૩ પ્રવેશ થયા છે. આ ઉપરાંત એમએ, એમકોમ, એમએસસી, એલએલબી, બીએડ સહિતના પીજી કોર્સમાં ૧૮ હજારથી વધુ પ્રવેશ થયા છે.આમ કુલ મળીને ૭૬૧૯૦ જેટલા પ્રવેશ થયા છે. ગત વર્ષ કરતા ચાર હજાર પ્રવેશ વધ્યા છે.જો કે યુનિ.ની ઈડબલ્યુએસ સાથેની અને આ વર્ષે વધેલી બેઠકો સાથે કુલ ૯૯ હજાર બેઠકો છે.મહત્વનું છે કે સેન્ટ ઝેવિયર્સમાં દર વર્ષે ૧૫ જુન સુધીમાં પ્રવેશ થઈ જતા હોય આ વર્ષે મોડું થતા યુજી-પીજીમાં ૨ હજાર બેઠકો સામે માંડ એક હજાર બેઠકો ભરાઈ છે.પ્રવેશ પ્રક્રિયા પુરી થતા હવે યુનિવર્સિટી દ્વારા યુજીમાં એનરોલમેન્ટ થશે અને પીજીમાં રજિસ્ટ્રેશન શરૂ કરાશે.પીજીમાં આ વર્ષથી એનઈપીની શરૂઆત થઈ છે ત્યારે મોડા પ્રવેશને લીધે એકેડેમિક પણ ખોરવાયુ છે અને હવે યુજી-પીજી સેમેસ્ટર-૧ની પરીક્ષા પણ મોડી લેવાશે.







# ગુજરાત સમાચાર

## વેઠ ઉતારતા શ્રીમંત માસ્તરો

એક જમાનામાં આપણા ગુજરાતની શાળાઓમાં એવા આચાર્ય હતા કે જે પોતાના શિક્ષકોનું નેતૃત્વ કરતા હતા. હવે તો આચાર્ય અને શિક્ષક બંને એક જ પાન-માવામાંથી અડધો અડધો મસાલો ખાય છે. જો કે બધી જગ્યાએ કદાચ આવું ન હોય તો પણ વ્યસનની ટકાવારી બહુ ઊંચી છે. ગુજરાતના તમામ આચાર્યોની એક સભા બોલાવવામાં આવે અને એમની લેખિત પરીક્ષા લેવામાં આવે, જેમાં એક જ પ્રશ્ન પૂછવામાં આવે કે તમારા પ્રિય પુસ્તકનો પરિચય આપો તો એંસી ટકા આચાર્યો નાપાસ થાય. કારણ કે તેમનામાં વાંચનની અભિરુચિ બિલકુલ નથી. આ આચાર્યોના ઘરે દરોડા પાડવામાં આવે તો બેંકોની પાસબુકો, ફિક્સ ડિપોઝિટના સર્ટિફિકેટ પોસ્ટલ પાસબુક, વીમાના કાગળિયા અને સોના-રૂપા મળે, પરંતુ તેઓના ઘરમાંથી દસ સારા પુસ્તકો ન મળે. આ આચાર્યો કે જેમને તેમના જ્ઞાનના વળતરરૂપે અને જ્ઞાનની સારી રીતે વહેંચણી કરવાના કૌશલ સ્વરૂપે ઊંચો પગાર આપવામાં આવે છે તે આચાર્ય પોતાના પગારની બે ટકા રકમ પણ જ્ઞાન સંપાદન પાછળ વાપરતા નથી. આજે શિક્ષકોને આત્મદર્શનની અને જાગ્યા ત્યારથી સવારની જરૂર છે.

આનું પરિણામ એ આવ્યું છે કે ગુજરાતના તમામ કૂવાઓમાં પાણી ખાલસા થઈ ગયું છે એટલે અવેડાઓમાં તો ક્યાંથી આવે? અને જો અવેડામાં ન આવે તો જેને આ શિક્ષકો બે પગા પશુથી વિશેષ કંઈ માનતા નથી તેઓના ભાગે અમૃત આવે એ તો કલ્પનાનો વિષય બની જાય છે. ખરેખર આપણા રાજ્યમાં એક જમાનામાં દરેક શાળામાં રમત ગમતના વીરપુરુષ કહેવાય એવા પીટી ટીચરો હતા, મહાન ચિત્રકાર જેવા કલા શિક્ષકો હતા અને ગ્રંથાલય અને લેબોરેટરીને સતત અપડેટ રાખનારા ગુરુજનો પણ હતા. હવે જે કંઈ છે તે પગારદારોની મોટી ફોઝ છે. વિદ્યાધરો નહિવત્ છે. તેમાંના મોટાભાગના તો આજની તારીખે અપડાઉનનિયા છે. આ લોકો જ્યાં તેમને રોટલો મળે છે તે ગામને ધિક્કારે છે એટલે નજીકના શહેરમાં વસવાટ કરે છે. જે સરકારના કાયદાથી વિરુદ્ધ છે.

હવે તો ગુજરાત સરકારે આ શિક્ષકોનો પીછો કરીને વિવિધ પરીક્ષાઓનું અને ઓનલાઈન મોનિટરિંગનું એવું વ્યવસ્થા તંત્ર ગોઠવ્યું છે કે અપડાઉનનિયા લોકો અગાઉની જેમ ડૂબકી દાવ રમી શકતા નથી. દરેક શાળામાં ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ તો આખા રાષ્ટ્રને ઉપયોગી થાય એવી પ્રતિભા ધરાવતા હોય છે. જન્મદરની તુલનામાં આ એવરેજ કુદરતે નક્કી કરેલી છે. દરેક ટોળામાં દસ ટકા તો વિદ્વાનો હોય છે. પરંતુ શાળાના શિક્ષકો એવી રીતે પોતાના વર્ગખંડોને હાંકે છે કે પ્રતિભાઓ હોય તો પણ એના પર અજ્ઞાનતાની ધૂળના એક પછી એક પડળ ચડાવી દે. પેલી પ્રતિભાને જિંદગીભર ખબર જ ન પડે કે કુદરતે એને ચોક્કસ વિષયોમાં કેવી ચોક્કસ બૌદ્ધિક ઊંચાઈ આપેલી છે. શિક્ષકોના વ્યવસાયમાં મનુષ્યની જિંદગી સાથે કામ પાડવાનું હોય છે અને એટલે એમાં જરાક જ બેદરકારીથી વિદ્યાર્થીઓની જિંદગી ઠેબે ચડી જાય છે.

અને એનું પાપ આ શિક્ષકોને લાગે છે. કોઈ પણ શિક્ષકે તેના નોકરીના સમયગાળા દરમિયાન પોતાના વિદ્યાર્થીઓને વાત્સલ્યપૂર્વક સારી રીતે વિદ્યા આપી છે કે નહીં તેનો હિસાબ આ શિક્ષકોના સંતાનોમાં પડઘા રૂપે જોવા મળે છે. જે શિક્ષકોએ પોતાને ખોળે સમાજે મૂકેલા વિદ્યાર્થીઓને ઘડવામાં વેઠ ઉતારેલી છે, તેમના પોતાના સંતાનો વેઠ ઉતારેલા જ દેખાય છે. આ કામચોર શિક્ષકોના સંતાનોને દુનિયામાં કોઈ રાખતું નથી અને જિંદગીના અંત સુધી તેઓ તેમના મૂર્ખ અને ફરજ શૂન્ય માતા પિતાના પેન્શન સામે તાકી રહેતા હોય છે. વડીલોના પેન્શનના ટુકડા પર પોતાની જિંદગી બેઠા ઘાટે બરબાદ કરનારા આવા શિક્ષક સંતાનો સમગ્ર ગુજરાતના ગામેગામ જોવા મળે છે, જે બતાવે છે કે પાછલા પચાસ વર્ષ આપણા એક એવા બદનસીબ વીતેલા છે કે અનેક આળસુના પીર અને અજ્ઞાની શિક્ષકોએ પ્રજાની નવી પેઢીનું ઘડતર કરવામાં ઘોર બેદરકારી દાખવી છે.

શિક્ષકો ધારે તો શાળા સિવાયના સમયમાં ઘણું ગહન અધ્યયન કરી શકે. આ દેશમાં એવા ઘણા શિક્ષકો છે કે જેઓ અભ્યાસ કરતા કરતા રાષ્ટ્રીય ક્ષિતિજે પોતાનું નામ બનાવી ચૂક્યા છે અને નામ ન થાય તો કંઈ નહીં અસલ શિક્ષક જીવનનો આનંદ તો એમને આઠે પહોર મળે. ખરેખર જ જો એમને શિક્ષક તરીકેનું યોગ્ય પર્ફોર્મન્સ ન કરવું હોય તો આ ક્ષેત્ર છોડી દેવું જોઈએ અને જીવનમાં કંઈક બીજું જ અને એ પણ ગમતું જ કરવું જોઈએ. કારણ કે જે કામ તમે હાથેથી કરો છો એનું કોઈ પરિણામ આવતું નથી, જે કામ દિલથી કરો એનું જ તમને અને સમાજને સારું પરિણામ મળે.

# દંડ, અપમાન, સજા દ્વારા ભય ફેલાવવાની રાજનીતિ

આજકાલ પાટનગર દિલ્હીમાં ઘડિયાળના કાંટા ઊંધા ફરી રહ્યા છે. સરકાર આજકાલ કોઈ એવા ઈલમની શોધમાં છે જેમાં આંદોલન થઈ જ ન શકે. વળી નવાઈ એ છે કે આવો વિચાર આંદોલનો કરીને સત્તા પર આવેલી સરકારનો મૌલિક વિચાર છે! ભાજપના નેતાઓની પ્રમુખ બદનામી એ છે કે સત્તામાં આવ્યા પછી કોઈ પણ સત્તાધારીને જે જે પ્રજાદમનના અને એકાધિકારના ખરાબ વિચારો આવે એ તમામ વિચારો આ નેતાઓને આવી ગયા છે અને એનું પ્રદર્શન પણ થઈ ગયું છે. શાસન વ્યવસ્થા કોઈ સામાન્ય વાત નથી. પ્રાચીનકાળથી દુનિયામાં અનેક સામ્રાજ્યોમાં અનેક પ્રકારની શાસન પ્રણાલિકાઓ માણસજાતે જોઈ છે અને ઈતિહાસમાં એ બધા પ્રયોગો અને અખતરાઓ વિસ્તારપૂર્વક આલેખાયેલા છે. જે જે શાસકોએ પ્રજા પર પોતાનું અધિકાધિક પ્રભુત્વ સ્થાપવાના મોહમાં વધુમાં વધુ અંકુશ રાખ્યા છે તે તમામ શાસકો તત્કાલીન પ્રજા માટે અને ઈતિહાસકારોની દ્રષ્ટિએ બહુ જ તિરસ્કૃત નીવડ્યા છે. કેટલાક જ શાસકો એવા હોય છે જે પ્રજાની સ્વતંત્ર સુખાકારીને ચાહતા હોય છે. એ સિવાય માત્ર પોતાની રાજસ્વીતાનું સુલતાની પ્રદર્શન કરનારા શાસકો સદાય વિવિધ રીતે પ્રજાને યાતના આપનારા સાબિત થયા છે. સૌથી નવાઈની વાત એ છે કે તેઓ જ્યારે પ્રજાને ઘોર પીડા આપે છે ત્યારે પણ તેઓ એવું જ સાબિત કરવાના પ્રયત્નમાં રહે છે કે અમે પ્રજાનું કલ્યાણ કરી રહ્યા છીએ. એટલું જ નહીં, પોતાના ત્રાસને પ્રજાકલ્યાણમાં ખપાવવા માટે તેઓ અસત્યગામી પ્રચારનો એક આખો સિલસિલો ચાલુ કરે છે.

છેલ્લા કેટલાક સમયથી ભાજપમાં એક નવી લોબી પરદા પાછળ તૈયાર થઈ રહી છે જે સૈદ્ધાંતિક રીતે એનડીએ સરકારના પ્રજાપીડનના નિર્ણયોનો ઉગ્ર વિરોધ કરે છે. સુબ્રમણ્યમ સ્વામીએ એમના પુસ્તકમાં ભલે કહ્યું કે મોદી અને શાહની આસપાસ સોનેરી-રૂપેરી ચમચા-ચમચીઓની ટોળકી ગોઠવાયેલી છે. પરંતુ મોદી-શાહની જાણ બહાર એક અલગ યુનિયન પણ આકાર લઈ રહ્યું છે જે કેન્દ્ર સરકારના વારંવારના કામચલાઉ, ઉભડક અને સાંધાટાંકા જેવા અલ્પબુદ્ધિયુક્ત નિર્ણયોની સતત ટીકા કરે છે. વારંવારના ખોટા અને ઉતાવળા નિર્ણયોથી ભાજપનું નેતૃત્વ હવે નબળું પડી ગયું છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પણ અનેક મહત્ત્વની રાષ્ટ્રીય બાબતોમાં પોતાનો અભિપ્રાય ગુપ્ત રાખે છે. સંઘ વડા મોહન ભાગવત સંઘને વફાદાર છે કે ભાજપને ? એ મોટી સમસ્યા છે. ભાજપ પાસે સંઘની દશા બાપ મટીને દીકરો થવા જેવી થઈ ગઈ છે. અથવા તો એમ કહેવાય કે સંઘનું વાઘછાપ અસ્તિત્વ જળવાયું છે પણ એના વાઘનખ



મોદીએ કોઈ દીન અને દયાળુ મ્યુઝિયમમાં મોકલી આપ્યા છે.

ટ્રાફિક સંબંધિત નવા તઘલખી અધિનિયમોનો વિરોધ રાષ્ટ્રવ્યાપી છે. અને કેન્દ્ર સરકાર એમ માને છે કે જે રીતે લોકોએ નોટબંધી સહન કરી લીધી, પ્રજાએ જીએસટીનો ત્રાસ સહન કર્યો, સરકારે અનેક બાબતોમાં ચલાવેલી અઠંગ ગપ્પાબાજી પણ સાંભળી લીધી, તેમ ગડકરીના ટ્રાફિક સંબંધિત તરંગો પણ પ્રજા સહન કરી લેશે. પરંતુ એ શક્યતા દેખાતી નથી. કારણ કે વ્યાવહારિક રીતે નવા નિયમોનો અમલ શક્ય જ નથી. કેન્દ્રની એનડીએ સરકારની દાનત હવે લોકો સમજવા લાગ્યા છે કે આ સરકારને વારંવાર આખા દેશને ઠેબે ચડાવવાની

**અલ્પવિરામ**

> **ભાજપ પાસે સંઘની દશા બાપ મટીને દીકરો થવા જેવી થઈ ગઈ છે. અથવા તો એમ કહેવાય કે સંઘનું વાઘછાપ અસ્તિત્વ જળવાયું છે પણ એના વાઘનખ મોદીએ કોઈ દીન અને દયાળુ મ્યુઝિયમમાં મોકલી આપ્યા છે**

ટેવ છે. કોઈ ને કોઈ બહાને જનજીવન ડહોળવાનો ભાજપને શોખ હોય એમ દેખાય છે. ઘરેથી ન્હાઈધોઈને તૈયાર થઈ હરિનામ લઈ, પૂજાપાઠ કરી ઓફિસે જવા નીકળેલા એક્ઝિક્યુટિવને ચાર રસ્તે જે તુમાખીથી ટ્રાફિક પોલીસ અટકાવે છે એના કડવા ઘૂંટડા પી રહેલી પ્રજાએ હવે મિસ્ટર મોદી પ્રત્યેનો આદર ગુમાવી દીધો છે. નમો સરકાર મેમો સરકાર બની ગઈ છે. વિકાસ પાગલ થયો છે એ તો લોકોનો જુનો અનુભવ છે પરંતુ એ પાગલ વિકાસ હવે રસ્તા પર આવી ગયો છે.

બોર્ડર જેવી વોર-ફિલ્મને કારણે 'કવર' કરવાના નુસખાથી પ્રજા પરિચિત છે. જ્યારે દુશ્મનની હરોળ વિંધીને એમાં ઘુસવા માટે કોઈ સૈનિક આગેકૂચ કરતો હોય ત્યારે દુશ્મનનું ધ્યાન આડે પાટે ફંટાવવા માટે બીજી દિશામાં સખત ગોળીબાર કરવામાં આવે. આ ક્રિયાને 'કવર કરવું' એમ કહેવાય. સર્જીકલ સ્ટ્રાઈકને ચૂંટણીપ્રચારમાં પણ વાપરનારી સરકાર હવે કવર કરવામાં માસ્ટર બની ગઈ છે. પ્રજાનું ધ્યાન અન્યત્ર કેમ ફંટાવવું એ કળા દિલ્હી સરકારને હસ્તગત થઈ ગઈ છે. દેશમાં મંદી છે, ઘણી ફેક્ટરીઓ બંધ થાય છે, કોર્પોરેટ સેક્ટરમાંથી કર્મચારીઓને છુટ્ટા કરવામાં આવે છે એવા સમયે સરકાર એના એકાદ ઉચ્ચાધિકારીના રાજીનામા પર વટ કરે છે ને આંદોલનકારીઓને હવા આપે છે. થોડાક જ દેખાવમાં લોકો કેટલા બધા સળગતા પ્રશ્નો વીસરી જાય છે. સરકારી વાજિંત્ર બની ગયેલા મહત્ મીડિયા સત્તાની આરતી ઊતારવામાંથી ઊંચા આવતા નથી.

મોદી સરકાર જ્યારથી સત્તામાં આવી છે ત્યારથી તે એવા જ ત્રણયો લે છે જેની સીધી અસર દરેકે દરેક માણસને થાય. નિર્ણય એવો જ લેવાનો કે તે નિર્ણયની ઝપટમાં છેવાડાનો માણસ પણ આવી જાય એ જ સરકારની નેમ છે. નોટબંધીએ એકેએક માણસને લાઈનમાં ઉભો રાખી દીધા. બધાએ પોતાની તિજોરીમાંથી, ખિસ્સામાંથી, પાકીટમાંથી કે રસોડાની બરણીમાં છુપાવીને રાખેલા બચતના પૈસા જમા કરાવવા દોડવું પડ્યું. એના પછી જીએસટીના અણઘડ અમલીકરણે કરોડો વેપારીઓને મુશ્કેલીમાં મુક્યા. આ દરમિયાન જ દબાતા પગલે એવો નિયમ પણ અમલમાં મુકવામાં આવ્યો કે દરેક ટુ-વ્હીલરની હેડલાઈટ ફરજિયાત ચાલુ રહે. પબ્લિકને સરકારી નિર્ણયમાં સતત કેમ એન્ગેજ રાખવી એ જ સરકાર વિચારે છે.

સરકાર સતત પ્રજા માટે કંઈક કરી રહી છે એ ખ્યાલ લોકમાનસના અર્ધજાગૃત મનમાં ઠસાવી દેવા માટે મોદી સરકાર તત્પર છે. બધી ચલણી નોટોની નવી ડિઝાઈન બનાવવા પાછળ સિક્યોરિટી ફીચર્સના ઉમેરાને કારણ તરીકે દર્શાવાય છે પણ ચલણી નોટોની નવી ડિઝાઈનમાં ઈન્ડિયન એસ્થેટિક્સ એટલે કે ભારતીય સૌંદર્યશાસ્ત્રનો સંપૂર્ણ લોપ છે અને આંતરરાષ્ટ્રીય સ્તર ઉપર બિલકુલ આકર્ષક ન લાગે એવા રંગરૂપ છે. પ્રજાને સતત અદ્રશ્ય ટાંકણી ભોંકવી એ મોદી પ્રચારનું સાયલન્ટ સ્વરૂપ છે. ભાજપના જ કોઈ નેતા ગુરુત્વાકર્ષણની શોધ માટે આઈનસ્ટાઈનને ક્રેડિટ આપે કે નિર્મલા મેડમ ઓટો સેક્ટરની મંદી માટે ટેક્સી સર્વિસને જવાબદાર ઠેરવે. પણ અનેક તુઘલખી નિર્ણયના હાઉ નીચે મંદીને ભુલાવવાના પ્રયાસો થઈ રહયા છે. તે જ રીતે મોદી સરકારની સમસ્યા મંદી નથી. લોકોને મંદી કેમ ભૂલવાડવી એને તેઓ સમસ્યા માને છે અને એ જ દેશની સૌથી મોટી કરૂણતા છે. દરેક અન્ય શાસકોની જેમ હવે ભાજપ પણ માને છે કે પ્રજાને ક્યાં કંઈ ખબર પડે છે ! દરેક રાજનેતા આજકાલ પ્રજાને બેવકૂફ બનાવવા માટેનું સખત હોમવર્ક કરીને પછી જ માઈક પર આવે છે.

દેશના મોટાભાગના વાહનચાલકો મેમોના ભાર નીચે દબાઈ ગયા છે. દુબઈ કે ન્યુઝીલેન્ડ કે સિંગાપોર જેવા શહેરો-દેશો પ્રમાણમાં નાના છે, ત્યાં દ્વિચક્રીય વાહનોની સંખ્યા બહુ જ ઓછી છે અને ટ્રાન્સપોર્ટેશનનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર બહુ જ મજબૂત છે. ભારતમાં ઘણા સિગ્નલો બગડેલા હોય છે, દર ચોમાસે રસ્તા ધોવાઈ જાય છે, રોડ ઉપરની સાઈનો દોરેલી નથી કે ઝાંખી થઈ ગઈ છે. રસ્તા વચ્ચે ઉભા કરેલા દબાણોનો ઉકેલ આવ્યો નથી. વ્યસ્ત રસ્તાઓ ઉપર કે મુખ્ય માર્કેટમાં પાર્કિંગની જગ્યા ફાળવવામાં આવી નથી. ચાર રસ્તાઓ ઉપર અકસ્માત નિવારવા માટે જરૂરી એવા સર્કલ પૂરતી સંખ્યામાં બનાવવામાં આવ્યા નથી. સાયકલ સવારો માટે અલાયદો રસ્તો છે નહીં. ફૂટપાથ ઉપર કેબીનો છે. ચાલીને જનારા રાહદારીઓને અગ્રીમતા આપવા માટે કોઈ જોગવાઈ નથી.

# વિપક્ષી શંભુમેળો જ્ઞાનેશ કુમારના લોહીનો તરસ્યો કેમ થયો છે એ જાણવા જેવું છે

ચીફ ઈલેક્શન કમિશનર (સીઈસી) જ્ઞાનેશ કુમાર સામે કોંગ્રેસ અને એના મળતિયા કહેવાતા સેક્યુલર પક્ષો છેલ્લા થોડા દિવસથી એકધારું આંદોલન ચલાવી રહ્યા છે. એ કોઈ પણ હિસાબે જ્ઞાનેશ કુમારને સીઈસી પદેથી હટાવવા મરણિયા થયા છે. લગભગ રોજ પાટનગર નવી દિલ્હીના જંતર મંતર પર હજારો કહેવાતા વિપક્ષી કાર્યકરો દેખાવો કરે છે.

આંદોલનમાં પોલીસ અને સિક્યોરિટી પર હુમલા પણ થતા રહ્યા છે. ૮મી ઓક્ટોબરે તો જંતર મંતરની આસપાસ એટલો ટ્રાફિક જામ થયેલો કે ઓછામાં ઓછા પાંચ હજાર પ્રવાસીઓ નવી દિલ્હીથી ઊપડતી પોતાની ટ્રેન ચૂકી ગયા એવા અહેવાલો મિડિયામાં પ્રગટ થયા હતા. થોડા આકરા શબ્દોમાં કહીએ તો આ લોકો જ્ઞાનેશ કુમારના લોહીના તરસ્યા થયા છે. એની પાછળ કયાં કારણો છે એ શાંતિથી સમજવા જેવું છે.

**ટુ ધ પોઇન્ટ**

**અજિત પોપટ**

જ્ઞાનેશ કુમારે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર-સર) દ્વારા લાખ્ખો મતદારોને ચૂંટણીમાં મત આપતાં રોક્યા છે, એ રીતે લોકશાહીની હત્યા કરવાનું દુષ્કૃત્ય કર્યું છે એવો આક્ષેપ આ આંદોલનકારીઓ સતત કરતા રહ્યા છે. કેટલાંક રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી ફરી કરાવવાની માગણી પણ આ લોકો કરી રહ્યા છે. જ્ઞાનેશ કુમાર રાજીનામું નહીં આપે ત્યાં સુધી આ આંદોલન ચાલુ રહેશે એવી જાહેરાત પોલિટિકલ પાર્ટીઓ ઉપરાંત કોક્રોચ અને કાનખજુરિયા જેવી ટોળકીઓ પણ કરી રહી છે.

વાત થોડી જુદી છે. આ લોકો જ્ઞાનેશ કુમારના લોહીના તરસ્યા કેમ થયા છે એ સમજવા જેવું છે. એકડે એકથી વાતની શરૂઆત કરીએ. ૨૦૧૯ના ઓગસ્ટની પાંચમીએ મોદી સરકારે જમ્મુ કશ્મીરને અપાયેલો ખાસ દરજ્જો અર્થાત્ બંધારણની ૩૭૦મી કલમ રદ કરી. યાદ છે ને ? આ આખી પ્રક્રિયાના નિયમો અને બાયલાત્ઝ કોણે તૈયાર કરેલા, વારુ ? નંબર બે, અયોધ્યામાં રામ મંદિર મોદી સરકારે બનાવ્યું. પરંતુ શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટનો ડ્રાફ્ટ અને એના ધારાધોરણો કોણે તૈયાર કર્યાં, વારુ ? ભારતીય હવાઈ દળ માટે રૂપિયા ૫૮,૮૯૧ કરોડના ખર્ચે ફ્રાન્સ પાસેથી ખરીદાયેલા ૩૬ રાફાલ ફાઈટર વિમાનના વિવાદમાં મોદી સરકારે આપેલા જવાબનો ડ્રાફ્ટ કોણે તૈયાર કરેલો, વારુ ? દેશના વિવિધ રાજ્યોમાં ગેરકાયદે ઘુસી જઈને મતદાર બની બેઠેલા રોહિંગ્યા કે બાંગ્લાદેશી નાગરિકોનાં નામ મતદાર યાદીમાંથી હટાવવા જોઈએ, આવા ઘુસણખોરોને તગેડી મૂકવા જોઈએ એવો મૂળ વિચાર અને એનો અમલ કરવાની યોજના કોણે તૈયાર કરેલી, વારુ ?

આ તમામ સવાલોનો જવાબ એક જ છે- જ્ઞાનેશ કુમાર. કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, ડાબેરીઓ, તૃણમૂલ કોંગ્રેસ અને બીજા ફુટકળિયા સેક્યુલર પક્ષોને આ માણસ આંખમાં કણાની જેમ ખૂંચે એમાં કોઈ નવાઈ ખરી ? વિપક્ષી શંભુમેળો ફક્ત સર કે ચૂંટણીમાં કહેવાતી ગોલમાલ માટે જ્ઞાનેશ કુમારની પાછળ નથી પડ્યા. એક કરતાં વધુ કારણે આ માણસ વિપક્ષોની આંખમાં હતો. આપણે સદ્ગત વડા ચૂંટણી કમિશનર ટી એન શેષન સાથે કોઈની તુલના નથી કરવી. આમ છતાં જ્ઞાનેશ કુમારને પિછાણવા આજની તારીખે અનિવાર્ય છે. આવો, જાણીએ એમના વિશે.

જ્ઞાનેશ કુમાર કેરળ કેડરના સનદી અધિકારી છે. કાનપુરની ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઑફ ટેક્નોલોજી (આઈઆઈટી)માંથી તેઓ બી ટેક (બેચલર ઑફ ટેક્નોલોજી) થયા છે. આટલેથી નહીં અટકતાં હાર્વર્ડ બિઝનેસ સ્કૂલમાં ભણ્યા છે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે. એ જે કંઈ કરે છે એ પૂરતી પૂર્વતૈયારી સાથે અને આયોજનપૂર્વક કરે છે. કોઈથી ડરતા નથી. એમણે કરેલા કાર્યને સુપ્રીમ કોર્ટે પણ બહાલી આપી છે. પોતે જે કંઈ કરે છે એ દેશના હિતમાં કરે છે એ અંગે જ્ઞાનેશ કુમાર ખુલ્લા મનના છે. એટલે જ એ વિપક્ષી આંદોલનથી જરાય અપસેટ નથી.

વિપક્ષી શંભુમેળાને દુઃખે છે પેટ અને કૂટે છે માથું. બેલટ પેપરથી નવેસર બિહાર અને પશ્ચિમ બંગાળમાં ચૂંટણી કરાવો એવી વિપક્ષોની માગણીને સુપ્રીમ કોર્ટ સ્વીકારવાની નથી. સાવ સાચી વાત કરો તો જ્ઞાનેશ કુમાર તો મહોરું છે. વિપક્ષોને હવે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત મોદીનું માથું જોઈએ છે. બંને વરિષ્ઠ નેતાઓ આ વાત બરાબર જાણે છે એટલે જ જરાય ઉતાવળ કર્યા વિના શાંતિથી પોતાનું કામ કર્યે જાય છે.

### એક કિલો વાળની કિંમત અંદાજે ૮૫,૦૦૦ રૂપિયા

# ભારત પાસે વાળ, ચીન પાસે વિગ ૯૪૦ મિલિયનના ડોલરનો વેપાર

લાંબાં વાળ વાળી મહિલા કે ચોટલો અને અંબોડા સાથેની મહિલાઓ ભાગ્યે જ જોવા મળે છે.

તૈયાર અંબોડા ને ચોટલા બંને બજારમાં મળે છે. માથાના વાળનું બજાર ગરમ છે. નાના બાળકની બાબરી ઉતરાવાય તેના વાળથી માંડીને લાંબાવાળ કાપતા સલૂનો સુધી કપાયેલા વાળની ડિમાન્ડ છે. દક્ષિણના રાજ્યોમાં મહિલાઓ વાળ નથી કપાવતી. તેને આભૂષણ ગણે છે



સૌથી લાંબા વાળને રેકોર્ડ ધરાવનાર રેણુ ધારીયા અને ચીનમાં વેચાતી વિગ

જ્યારે ગુજરાત, મહારાષ્ટ્ર, દિલ્હી, કર્ણાટક વગેરેમાં લાંબાવાળ વાળી મહિલા ખાસ કરીને જોબ કરતી મહિલાઓ લાંબા વાળને સમસ્યા ગણતી આવી છે. કુદરતી વાળ કાપી નખાવવા એ કમનસીબી છે પરંતુ કેટલાક માટે તે શોખનો વિષય હોય છે. કોઈ મહિલા વાળ વેચવા માટે નથી કપાવતી પરંતુ ક્યાંતો શોખ માટે વાળ કપાવે છે કે મંદિરોમાં વાળ અર્પણ કરીને પોતાની ભકિતના દર્શન કરાવે છે. આપણે ત્યાં એવી માન્યતા છે કે તમને ગમતી વસ્તુ ભગવાનને દાનમાં આપી દેવી. અહીં વાત શ્રધ્ધાની છે. લોકો પહેરેલા ઘરેણાની સાથે વાળ પણ ઉતારી નાખે છે.

ભારતની મહિલાઓના વાળની ડિમાન્ડ વૈશ્વિક બજાર ખાસ કરીને ચીનમાં બહુ મોટા પાયે છે. ભારતમાં લાંબા વાળ વાળી મહિલાઓની સ્પર્ધામાં માંડ ૨૦૦ મહિલાઓ ભાગ લે છે કેમ કે લાંબા વાળ કપાવવાની ફેશન ચાલે છે. અહીં ઉલ્લેખનીય છે કે ભારતમાં સૌથી લાંબા વાળ વાળી મહિલાનું નામ રેણુ ધારીયા છે. તે ઉત્તરાખંડના છે. તેમના વાળ ૮ ફૂટ ૧૦ ઈંચ લાંબા છે. વાળની સાચવણી અને તેને ચોખ્ખા રાખવા વગેરે બહુ સમય લેતી વાત છે.

ચીનમાં દાણચોરીના માર્ગે ભારતના વાળ ઘૂસાડાય છે. જાણકારો કહે છે કે ભારતના વાળની વિગ બનાવવામાં બહુ ઉપયોગ બને છે. ચીનના વાળ થીકનેસમાં ભારતના વાળની સરખામણીમાં બહુ નબળા હોય છે. ભારતીય વાળ તેના મૂળ રંગો અને ઉચ્ચ ગુણવત્તા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે ખૂબ જ માંગવાળી ચીજવસ્તુ તરીકે ઉભરી આવ્યા છે. ભારતમાં વિગનું બજાર બહુ મર્યાદીત છે.

**પ્રસંગપટ**

ભારતમાં લાંબાવાળની ફેશન ભલે ભૂલાતી હોય પરંતુ વિગની ફેશન પણ ભારતમાં પ્રવેશી ચૂકી છે. વાળના મોટા જથ્થાનું સપ્લાયર ભારત હોવા છતાં તેની વિગ જેવી બાય પ્રોડક્ટ બનાવવામાં તે ચીન કરતાં પાછળ છે.

આજે પણ ટાઉન લેવલે અને શહેરોમાં મહિલાઓની વાળની ગૂંચ વેચાતી લેનારા લોકો ફરતા જોવા મળે છે. વિગ બનાવવા જોઈતા કાચાવાળની ડિમાન્ડ ઉભી થઈ છે. કાચા વાળ દુર્લભ બની રહ્યા છે તો બીજી તરફ વીગની ડિમાન્ડ વધી છે. વર્ષ ૨૦૨૬માં ભારતે ૯૦૦૦ કરોડ રૂપિયાની કિંમતના વાળની નિકાસ કરી છે. અહીં દાણચોરીથી ચીનમાં મોકલાતા વાળની ગણત્રી નથી કરી.

તમિલનાડુ, આંધ્રપ્રદેશ અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોના ગ્રામીણ વિસ્તારો અને કુટીર ઉદ્યોગોમાં હજારો મોટાભાગની મહિલા કામદારો દ્વારા છૂટા પાડીને તેને સીધા કરવામાં આવે છે.

ચીનના હેનાન પ્રાંતના એક શહેરને ઘણીવાર વિશ્વની વિગ રાજધાની કહેવામાં આવે છે, જે તૈયાર વાળના ઉત્પાદનોના લગભગ ૬૦% ઉત્પાદન કરે છે. વાળનો કાચો માલ કાંસકામાં ગૂંચવાયેલા વાળ જે ઘરો, સલૂનમાંથી એકત્રિત કરવામાં આવે છે. કાપેલા વાળનો મોટો જથ્થો તિરુપતિમાં વેંકટેશ્વર મંદિર જેવા તીર્થસ્થાનોમાં શ્રદ્ધાળુઓ દ્વારા દાનમાં આપવામાં આવે છે. વાચકોને જાણીને આશ્ચર્ય થશે કે સામાન્ય રીતે વાળની કિંમત પ્રતિ કિલો અંદાજે ૮૫,૦૦૦ રૂપિયા છે.

તિરૂપતિ મંદિરમાંથી હરાજી મારફતે ગ્રેડ સાથેના વાળ મળે છે. જેમકે શ્રેષ્ઠ, ગ્રેડ-૧ કાળા વાળા-૨૭ ઈંચ કે તેથી વધુ લાંબા - જે ભક્તો દ્વારા દાનમાં આપવામાં આવ્યા હતા. ગયા મહિને આવા અંદાજે ૯૦૦ કિલો પ્રીમિયમ વાળની હરાજી કરવામાં આવી હતી. લાંબા વાળ ધરાવતી મહિલાઓ જ્યારે ભગવાનને વાળ અર્પણ કરે છે ત્યારે તે વાળની વધુ કિંમત ઉપજતી હોય છે.

નિકાસકારો દાવો કરે છે કે ચીન ભારતીય વાળ ખરીદે છે અને દાણચોરી પણ કરે છે. અમેરિકન અને યુરોપિયન બજારોમાં પ્રીમિયમ કિંમતે તૈયાર વિગ વેચાય છે. ખરેખર, ભારત પાસે વાળ છે પરંતુ વિગ બનાવવાની ટેકનીક નથી.

> **તિરૂપતિમાં વાળની હરાજી થાય છે. ગયા મહિને આવા અંદાજે ૯૦૦ કિલો પ્રીમિયમ વાળની હરાજી કરવામાં આવી હતી**

# ભલે નેતાઓ શેકે રોટલી પણ પ્રજાના હાથમાં એમની ચોટલી

રાજકારણમાં સહુ શેકે પોતપોતાની રોટલી, પણ એને કોણ સમજાવે કે જનતાના હાથમાં છે તમારી ચોટલી. ચૂંટણી ટાણે વોટ મેળવવા ઉમેદવારો ભલે ખુલ્લી મૂકે પૈસાની પોટલી, પણ સમજદાર જનતા બરાબર જાણે છે કે પૈસાની પોટલી ખુલ્લી મૂકી ચૂંટણી જીત્યા પછી એ જ જીતેલાઓ આમ-જનતાને આમ (કેરી)ની જેમ ચૂસીને પછી ફગાવી દેશે સમજીને ગોટલી. એટલે ટૂંકમાં વોટના ખેલમાં સહુ પોતપોતાની રીતે રોટલી શેકે એટલે રોટલીને બદલે શું કહેવાય ખબર છે? વોટલી...

રોટલી અને વોટલીની આ મનોમન તુકબંધી કરતો કરતો બપોરે પથુકાકાના ઘરે પહોંચ્યો. કાકા તો હિંચકા પર બેઠાં બેઠાં પેટ ઉપર હાથ ફેરવતાં ફેરવતાં જોર જોરથી ઓડકાર ખાતા હતા. મેં પૂછ્યું 'કાકા શું થાય છે? આમ અચાનક મોટા નેતાની જેમ વાયુ-પ્રવચન કેમ આપવા માંડ્યા? પ્રાણવાયુને બદલે મોઢેથી ઓડકાર ખાઈને ''ઘાણવાયુ'' કેમ છોડવા માંડ્યા?'

પથુકાકા બોલ્યા કે 'કોઈ ઓમકારનો નાદ ગજાવે તો કોઈ મારી જેમ ઓડકારનો નાદ ગજાવે. એમાં એવું થયું કે તારી આ કાઠિયાવાડી (હો) બાળાકાકીએ એવું ટેસ્ટી અને તીખ્ખું તમતમતું બટેટાનું વડી નાખેલું શાક બનાવ્યું કે રોજ છ રોટલી ખાતો હોઉં છું એને બદલે આઠ-નવ રોટલી ઝાપટી ગયો. એમાં આ પેટમાં સીએનજી (કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ) ભરાઈ ગયો અને પેટ ચડયું છે. મને લાગે છે કે મને આ વડી નડી અને ભારે પડી. એટલે પછી ઓડકાર ખાઈને દૈશ ભક્તિને બદલે ગેસ-ભક્તિ ન દેખાડું તો બીજું શું કરૂં?'

'મેં હળવાશથી કહ્યું કે કાકા વડી તમને એકલાને જ નડી, પણ ઓલી પશ્ચિમ બંગાળની વડી આખા રાજ્યને કેટકેટલા વર્ષ નડી?' પથુકાકા ઔર એક ઓડકાર ખાઈને બોલ્યા કે 'એ વડી ખરેખરી નડી એની ના નહીં, પણ આપણાં 'વડા'એ પૂરેપૂરી તાકાત અજમાવતા ઈવડી ઈ વડી કેવી ગાદી પરથી ઊથલી પડી? વડાની સામે પડી વડી ઈ હરકત નડી.'

મેં કહ્યું 'કાકા કોઈ અકરાંતિયાની જેમ ધાન ખાય આરાંતિયાની જેમ ધન ખાય ઈ વહેલા મોડું નડે તો ખરૂંને? એટલે જ તો અવારનવાર ઝડપાતા ખાઈકીબાજોને જોઈને કહેતા રહું છું કે ખાઈકી ખાણાંની હોય કે પછી નાણાંની, અતિરેકથી નૌબત આવે ગમગીન ગાણાંની...

પથુકાકા સોડા પીને મોઢેથી વધુ એક વિસ્ફોટક ઓડકાર ખાતા બોલ્યા કે 'અરે મને આઠ-નવ રોટલી ખાઈને આટલું વસમું લાગ્યું તો ઝારખંડમાં રોટલી ખાવાની હરિફાઈમાં એક પરમ પરાક્રમી ''પેટુ'' એક્સો રોટલી અને શાક ઝાપટી જીતી ગયો એનાં પેટમાં ગેસ થવાથી પેલા ગેસના ફુગ્ગાની જેમ ઉડી ન જાય માટે એનો એક પગ પલંગ સાથે દોરીથી બાંધવો પડયો હશે, ખરૂં કે નહીં?'

**બોજ વિનાની મોજ**

**અક્ષય અંતાણી**

મેં કાકાને મોબાઈલમાં અજબની રીલ દેખાડી. એક ફાંદાળો માણસ પોતાની ફાંદ ઉપર લોટના ગોયણા મૂકીને પછી વેલણથી ટેસથી રોટલી વણતો જોવા મળ્યો હતો. આ જોઈને કાકા હસીને બોલ્યા કે મારે આ રીલ સરકારને ફોરવર્ડ કરીને એક મેસેજ મોકલવો છે કે:

**પેટની અંદર જાય રોટી**  
**પેટની બાહર થાય રોટી**  
**કોઈને કરવા ન પડે આવાં ખેલ**  
**માટે ઝટ પૂરી પાડો રોજી-રોટી.**

સ્ત્રી ભલે રસોડાની રાણી કહેવાતી હોય પણ દુનિયામાં ટોચના રસોઈયાઓ મોટે ભાગે પુરૂષો જ હોય છે. એટલે એને રસોડાના રાણા (કે મ-રાણા) કહેવા



પડે. તમે જોજો રોજ સવારમાં મેલ કૂકડા કેવી બાંગ પોકારે છે? કૂક... રે...કૂક અને ટીવીના રસોઈના શોમાં મેલ કૂક જાતજાતની નવી નવી વાનગીઓ કૂક કરીને શીખવતા હોય છેને? પ્રેશર કૂકર શબ્દનો અર્થ શું છે ખબર છે? મારી જેવાં આજીવન વાંઢાઓએ પ્રેશર વચ્ચે જેવું કૂકિંગ કરવું પડતું હોય છે. એટલે મારી જમાતના વાંઢા-જનક સ્થિતિમાં રહેતા હોય ઈ બધા પ્રેશર કૂકર જ કહેવાય.

આજનો જમાનો કાંધોતર દીકરાનો નહીં પણ રાંધોતર ધણીનો છે, જે રાંધી જાણે રોટલીનો લોટ બાંધી જાણે. આ બધું હું શીખી ગયો, પણ એક રોટલી વણતા ન આવડે. મારી વણેલી રોટલી જુઓ તો તમને આકાર અને નિરાકારનો ભેદ સમજાઈ જાય.

વર્ષો પહેલાં અમે અને પથુકાકાનું ફેમિલી રાજકોટના મનહર પ્લોટમાં રહેતા ત્યારે રાતના સમયે દાતણ વેંચવાવાળાની બૂમ સંભળાય એ... ટાઢીસૂકી રોટલી આપજો ને દાતણ લેજો... દાતણ લેજો...

પથુકાકાના ધરપમપત્ની અને મગજના ગરમપત્ની (હો) બાળાકાકી પહેલેથી દાંત તોડી નાખે એવી ચવડ રોટલી બનાવે. પછી એ વાસી રોટલી દાતણવાળી બાઈને આપે. ત્યારે એ બાઈ કાયમ દાઢમાંથી કાકીને કહે કે 'કાકી માઠું ન લગાડતા પણ તમારી આવી ચવડ રોટલી ખાધા પછી પણ કાકાના દાંત અમારા આ અસલ બાવળના દાતણથી જ ટકી રહ્યા છે હો?'

પથુકાકામાં પહેલેથી જ વાઈડાઈ બહુ અને અટકચાળા કરી પોતાના બેટર-હાફ કાકીને માટે કહે પણ ખરા કે આ કાકી જેવાં હાફ જ બેટર... આખેઆખા તો ઊંધા પાડી દે. એકવાર (હો) બાળાકાકીનો બર્થ-ડે હતો. ઉજવણીની પાર્ટીમાં કાકાને કોણ જાણે શું સૂઝ્યું કે એમણે કાકીની રોટલીનું ટ્યૂકડું રોટી કાવ્ય હિંમત કરી પેશ કર્યું. કાવ્ય આખું તો યાદ નથી પણ ''બેટર-હાફ'' યાદ રહ્યું એ કંઈક આ પ્રમાણેનું હતું.

**તાણી તૂટે નહીં એવી**  
**રબ્બરસમ છે રોટલી**  
**શું કરીએ? રોટલી વણનારીના**  
**હાથમાં જ છે અમારી ચોટલી**

**હવે તો શેરીના શ્વાન પણ**  
**સાભાર પરત કરે છે**  
**થોડું હસીને, થોડું ભસીને**  
**તમારા કાકીની રોટલી.**

પથુકાકાએ ૧૮૫૭ના બળવાને યાદ કરી કહ્યું ક 'તમને ખબર છે? ૧૮૫૭ના બળવા વખતે ક્રાંતિ કારીઓ ગુપ્ત સાંકેતિક સંદેશાની આપલે માટે રોટલીનો ઉપયોગ કરતા? કદાચ એટલે જ આ તમારી એકની એક કાકી કાયમ બળેલી રોટલી ખવડાવે છે. હું જો વિરોધ કરૂં તો શું કહે છે ખબર છે? કહે છે કે બળવાની સ્મૃતિ કાયમ રહે માટે રોટલીમાં બળવાની વાસ તો આવવા દો?'

વર્ષો પહેલાં ધોરાજીમાં મારા એક વોરાજી દોસ્ત રહેતા, એમણે સરસ વાત કરેલી. દાઉદી વોહરા કોમ્યુનિટીમાં એમના રિવાજ પ્રમાણે લગ્ન થાય ત્યારે વરરાજા અને નવવધૂએ ભેગા મળીને રોટલી વણવાની હોય. આનો મર્મ એ છે સંસારમાં હળી મળીને અને એકબીજાને મદદરૂપ બનીને સંસારી જીવન આગળ વધારશે. આ રીતે બંને મળીને જે રોટલી વણે એને નામ પણ કેવું સરસ અપાયું છે? 'મોહબ્બત કી રોટી.'

કાકાએ આ વાત સાંભળીને છણકો કરીને કહ્યું 'વાહ, મોહોબ્બત કી રોટી એ તો બહુ સારી વાત કહેવાય બાકી મારા ઘરે તો કાકીની રોટલી ખાધા પછી કાયમ રોટી રમખાણ થાય છે...'

મને વિચાર આવ્યો કે મારી જેમ વાંઢાજનક સ્થિતિમાં રહેતા હોય અને સરખી રોટલી વણતા આવડતી ન હોય એને કેવી તકલીફ પડતી હશે? મેં કાકાને આ સવાલ કર્યો ત્યારે તેમણે મને ધબ્બા મારી કહ્યું કે તું કંઈ દુનિયામાં વસે છે? હવે તો રોટલી વણવાના અને શેકવાના મશીન આવી ગયા છે. મશીન ખરીદવું ન હોય તો માર્કેટમાં પાપડની જેમ રોટલી પણ તૈયાર મળે છે. પહેલાં કહેવાતું કે રોટી-બેટીનો વ્યવહાર છે, પણ તમારા ભાગ્યમાં ભલે બેટી ન હોય પણ રેડિમેડ રોટીનો વ્યવહાર શરૂ થઈ ગયો છે.

**અંત-વાણી**

**માના હાથની રોટલી કેવી મીઠી લાગે? એટલે જ કચ્છીમાં રોટલી માટે કેવો મીઠો શબ્દ છે માની. આના પરથી તીન-લાઈના કહેવી પડે:**

**માની વાત માની**  
**ફાસ્ટ-ફૂડને બદલે ખાવ**  
**માની મીઠી માની.**

**કલ્પવૃક્ષ**

તમારું કામ પ્રેમને શોધવાનું નથી, પરંતુ તમારા પોતાના મનની અંદર એવા અવરોધોને શોધવાનું છે જે તમે પ્રેમની આડે ઊભા કર્યા છે.

**- રૂમી**

*

કોઈના તરફથી સુદ્રઢ પ્રેમ મળે તો તે તમને શક્તિ આપે છે અને તમે કોઈને સુદ્રઢ પ્રેમ પ્રદાન કરો ત્યારે તમે દિવ્યતાનો અનુભવ કરો છો.

**- લાઓ ત્ઝુ**

*

જો તમે કોઈ ફૂલને પ્રેમ કરો છો તો તેને ચૂંટશો નહિ. કારણ કે જો તમે તેને તોડશો તો તે કરમાઈ જશે અને તેનો અંત આવશે. માટે જો તમે ફૂલને પ્રેમ કરતા હો તો એને એમ જ રહેવા દો. પ્રેમ કબજો નથી લેતો, તે સ્વતંત્રતા આપે છે. ગરિમાનો આદર કરે છે.

**- ઓશો**

*

માત્ર બાહ્ય આચાર કે કર્મકાંડથી ઈશ્વર મળતા નથી. તેના માટે અહંકાર દૂર કરવો પડે. અને અહંકાર દૂર કરવા પ્રેમ અને પ્રજ્ઞાન (આત્મજ્ઞાન) જરૂરી છે. પ્રેમ એ અદ્વૈત અનુભૂતિનો પાયો છે.

**- અખા ભગત**

*

સ્વનિર્ભર કે આત્મ સાક્ષાત્કાર પામેલી વ્યક્તિમાં પ્રેમ સહજ અને સરળ હોય છે, જ્યાં કંઈ છુપાવવાપણું હોતું નથી. ઈશ્વર પ્રીતિ એ માણસની પોતાની એકલતામાંથી મુક્ત થઈને પરમાત્મા સાથે એક થવાની ભાવના છે.

*

પ્રેમ એ જ જીવનનો એકમાત્ર કાયદો છે. જે પ્રેમ કરે છે તે જીવે છે, જે સ્વાર્થી છે તે મૃત્યુ તરફ જઈ રહ્યો છે. તેથી પ્રેમ માટે જ પ્રેમ કરો. કારણ કે, શ્વાસ લેવાની જેમ પ્રેમ કરવો એ જીવન માટે અનિવાર્ય છે.

**- સ્વામી વિવેકાનંદ**

*

પ્રેમ એ કોઈ ચોક્કસ વ્યક્તિને શોધવાનું નામ નથી, પરંતુ આપણી અંદર રહેલી સુંદરતાથી આખી સૃષ્ટિને સજાવવાનું નામ છે.

*

જ્યારે આપણે પ્રેમ કરીએ છીએ ત્યારે આપણે આપણી જાતને ઓળખીએ છીએ અને આપણું અસ્તિત્વ પૂર્ણ બને છે.

**- રવીન્દ્રનાથ ટાગોર**

# સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

ભારતીય ઓપનર છેલ્લા બે વર્ષમાં સાતત્યપૂર્ણ દેખાવ સાથે હરિફ બોલરો પર છવાયો

## અભિષેકનો ટી-૨૦માં આક્રમક બેટિંગ સાથે દબદબો આઠ વખત ૨૦ કે ઓછા બોલમાં અડધી સદી



ઈન્દોર, તા.૧૨

ભારતીય ઓપનર અભિષેક શર્માએ તેની વિસ્ફોટક બેટિંગથી આંતરરાષ્ટ્રીય ટી-૨૦ ક્રિકેટમાં આગવો દબદબો પ્રસ્થાપિત કરી દીધો છે. અભિષેક આંતરરાષ્ટ્રીય ટી-૨૦માં ૨૦ કે ઓછા બોલમાં આઠ વખત અડધી સદી ફટકારનારો વિશ્વનો સૌપ્રથમ બેટ્સમેન બની ગયો છે. અભિષેકે વિન્ડિઝ સામેની શ્રેણીની ત્રીજી ટી-૨૦માં માત્ર ૧૮ બોલમાં અડધી સદી નોંધાવતા ભારતની જીતનો પાયો નાંખ્યો હતો. ટી-૨૦ના ઈતિહાસમાં ઓછા બોલમાં અડધી સદી ફટકારનારા બેટ્સમેનોની યાદીમાં સૌથી વધુ વખત જે નામનું પુનરાવર્તન જોવા મળે છે, તે નામ અભિષેક શર્મા છે.

### ટી-૨૦ના દિગ્ગજ બેટ્સમેનોમાં આગળ

ટી-૨૦ના રેપિડ ફાયર ફોર્મેટમાં અભિષેક શર્માની વિસ્ફોટક બેટિંગ હરિફ ટીમ પર દબાણ સર્જવા માટે ઉપયોગી બની રહે છે. તેનો સાતત્યભર્યો દેખાવ તેને ટી-૨૦ના દિગ્ગજ વિસ્ફોટક બેટ્મસેનોમાં આગવું સ્થાન અપાવે છે. આંતરરાષ્ટ્રીય ટી-૨૦ના ઈતિહાસમાં સૌથી વધુ વખત ૨૦ કે ઓછા બોલમાં અડધી સદી ફટકારવાની સિદ્ધિ મેળવનારા બેટસમેનોમાં અભિષેક શર્મા બીજા ક્રમે રહેલા દિગ્ગજો કરતાં ક્યાંય આગળ છે. આ યાદીમાં અભિષેકના ગુરુ અને ભારતના વિસ્ફોટક બેટ્સમેન યુવરાજ સિંઘ, ન્યુઝીલેન્ડનો કોલીન મુનરો તેમજ ઓસ્ટ્રેલિયાનો ડેવિડ વોર્નર સંયુક્તપણે બીજા ક્રમે છે. યુવરાજ, વોર્નર અને કોલીન મુનરોએ ત્રણ-ત્રણ વખત ૨૦ કે ઓછા બોલમાં અડધી સદી ફટકારવાની સિદ્ધિ મેળવી છે.

### છેલ્લા બે વર્ષમાં આક્રમક બેટિંગ સાથે રેકોર્ડ

અભિષેકનો સાતત્યભર્યો દેખાવ તેની કુશળતા અને ટી-૨૦ના ઈતિહાસના મહાન ખેલાડીઓની હરોળમાં પણ આગવું સ્થાન મેળવી લીધું છે. ભારતીય ઓપનરે છેલ્લા બે વર્ષમાં જ ૨૦થી ઓછા બોલમાં આઠ વખત અડધી સદી પૂરી કરવાની સિદ્ધિ મેળવી છે. જેના કારણે આગળ જતાં તે તેના આ જ રેકોર્ડને વધુ મુશ્કેલ બનાવતા બોલરોને પરેશાન કરશે. ચાલુ વર્ષે તે આગવા ફોર્મમાં જોવા મળી રહ્યો છે અને આઠમાંથી છ વખત તેણે ૨૦ કે ઓછા બોલમાં અડધી સદી ફટકારવાનો રેકોર્ડ ૨૦૨૬માં નોંધાવ્યો છે. જ્યારે તેની બે અડધી સદી ગત વર્ષની પણ છે.

### અન્ય બેટ્સમેનો પર નજર

આંતરરાષ્ટ્રીય ટી-૨૦માં અભિષેક જેટલી સાતત્યતાથી આક્રમક અડધી સદી ફટકારનારો બીજો કોઈ બેટ્સમેન જોવા મળતો નથી. યુવરાજ, વોર્નર અને મુનરો પછી બે-બે વખત આવી સિદ્ધિ મેળવનારા બેટ્સમેનોની યાદી લાંબી છે. જેમાં ડી કૉક, મેક્સવેલ, ફિન એલન વગેરે બેટ્સમેનોનો સમાવેશ થાય છે.

**અભિષેકની ટી-૨૦માં ૨૦ કે ઓછા બોલમાં અડધી સદી**

| બોલ | હરિફ | સ્થળ | તારીખ |
|---|---|---|---|
| ૧૪ | ન્યુઝીલેન્ડ | ગુવાહાટી | ૨૫.૧.૨૬ |
| ૧૬ | અફઘાનિસ્તાન | દિલ્હી | ૧૭.૯.૨૬ |
| ૧૭ | ઈંગ્લેન્ડ | વાનખેડે | ૦૨.૦૨.૨૫ |
| ૧૮ | ન્યુઝીલેન્ડ | અમદાવાદ | ૦૮.૦૩.૨૬ |
| ૧૮ | વિન્ડિઝ | ઈન્દોર | ૧૧.૧૦.૨૬ |
| ૨૦ | ઈંગ્લેન્ડ | કોલકાતા | ૨૨.૦૧.૨૫ |
| ૨૦ | ઈંગ્લેન્ડ | ચેસ્ટર-લી-સ્ટ્રીટ | ૦૧.૦૭.૨૬ |
| ૨૦ | પાકિસ્તાન | નિશિન | ૦૩.૧૦.૨૬ |

'ફિલ્ડિંગ પ્લેસમેન્ટ જોઈને સ્ટ્રોક ફટકારું છું'

## વિન્ડિઝ સામે મારી પાસે ચઢિયાતો પ્લાન તૈયાર હતો : અભિષેક શર્મા

ઈન્દોર, તા.૧૨

ભારતીય ટીમના વિસ્ફોટક બેટ્સમેન અભિષેક શર્માએ વિન્ડિઝ સામેની ત્રીજી ટી-૨૦ બાદ કહ્યુ કે, હરિફ ટીમ મારી સામે ચોક્કસ પ્રકારનો પ્લાન બનાવીને ઉતારી હતી. જોકે મારી પાસે તો તેમના કરતાં પણ ચઢિયાતો પ્લાન હતો અને તેને હું સફળતાપૂર્વક અમલમાં મુકવાના કારણે ખુશ છું. અભિષેકે ૩૦ બોલમાં ૬૯ રન ફટકારતાં જંગી સ્કોરનો પાયો નાંખ્યો હતો.

ઓફ સાઈડના સ્ટ્રોક્સ અંગેના સવાલનો જવાબ આપતાં અભિષેકે કહ્યુ કે, મને લાગતું હતુ કે, તેઓ મારા માટે ચોક્કસ પ્લાન બનાવીને ઉતર્યા હતા. ઓફ સ્પિનર ચેઝને ઓપનિંગ બોલિંગ આપવાની સાથે તેમણે જે પ્રકારે ઓફ સાઈડમાં ફિલ્ડિંગ ગોઠવી હતી. તેના કારણે હું વધુ આક્રમક સ્ટ્રોક પ્લે માટે પ્રેરાયો હતો. તેણે શ્રેણીમાં ઘણો સારો દેખાવ કર્યો છે એટલે પ્રથમ ઓવરમાં મેં તેને આદર આપ્યો. જોકે ત્યારે પાવરપ્લે હતો અને તેમનું ફિલ્ડિંગ પ્લેસમેન્ટ જોયા બાદ મેં શોટ ફટકારવાનું નક્કી કર્યુ હતુ.

## યુવરાજ સિંઘ, ડેવિડ વોર્નર અને કોલીન મુનરો ત્રણ-ત્રણ વખત ૨૦ કે ઓછા બોલમાં અડધી સદી નોંધાવી શક્યા છે

શ્રીલંકાની ટીમ ભારત પ્રવાસમાં ત્રણ વન ડે અને ત્રણ ટી-૨૦ રમશે

## ભારત અને શ્રીલંકા વચ્ચે ૧૩મી ડિસેમ્બરે દિલ્હીમાં જ વન ડે રમાશે : બીસીસીઆઈ



નવી દિલ્હી, તા.૧૨

શ્રીલંકાની ટીમ ડિસેમ્બરમાં યોજાનારા ભારતના વ્હાઈટબોલ પ્રવાસમાં ત્રણ વન ડે અને ત્રણ ટી-૨૦ની શ્રેણી રમવાની છે. જે અંતર્ગત તારીખ ૧૩મી ડિસેમ્બરે શ્રેણીની પ્રથમ વન ડે દિલ્હીમાં જ રમાશે તેમ બીસીસીઆઈએ ભારપૂર્વક જણાવ્યું હતુ. છેલ્લા કેટલાક સમયથી અટકળો ચાલી રહી હતી કે, ભારત અને શ્રીલંકા વચ્ચે ૧૩મી ડિસેમ્બરે રમાનારી શ્રેણીની પ્રથમ વન ડે દિલ્હીને બદલે અમદાવાદમાં આયોજીત થશે. જોકે બીસીસીઆઈએ આ અટકળો પર પૂર્ણવિરામ મુકી દીધું છે.

નવી દિલ્હીમાં આવેલા અરૂણ જેટલી સ્ટેડિયમમાં ચાલી રહેલા નિર્માણ કાર્યને કારણે ત્યાં ભારત-શ્રીલંકા વચ્ચેની શ્રેણીની પ્રથમ મેચ રમાડી શકાય તેમ નથી. આ કારણે બોર્ડે સ્ટેન્ડબાય તરીકે અમદાવાદની પસંદગી કરી હોવાનું મનાતું હતુ. બોર્ડના સેક્રેટરી દેવજીત સૈકિયાએ કહ્યું કે, ભારત અને શ્રીલંકા વચ્ચેની વન ડે મેચ દિલ્હીના બદલે અમદાવાદ ખસેડવામાં આવશે તેવા અહેવાલો ખોટા છે. બોર્ડે આવો કોઈ નિર્ણય લીધો જ નથી. બીસીસીઆઈ તેની પ્રસ્થાપિત નીતિ અનુસાર શ્રીલંકાના વ્હાઈટબોલ શ્રેણીનો કાર્યક્રમ અગાઉ જાહેર થયા મુજબ જ આગળ ધપાવશે.

પાડોશી દેશ શ્રીલંકાની ટીમ ડિસેમ્બરમાં બે સપ્તાહના ભારત પ્રવાસમાં ત્રણ વન ડે અને ત્રણ ટી-૨૦ની શ્રેણી રમશે. વન ડે શ્રેણી ૧૩મી ડિસેમ્બરથી દિલ્હીમાં શરૂ થશે. ત્યાર બાદ ૧૬મી ડિસેમ્બરે બેંગલુરુમાં અને ૧૯મી ડિસેમ્બરે અમદાવાદમાં અનુક્રમે બીજી અને ત્રીજી વન ડે રમાશે. આ પછી ટી-૨૦ શ્રેણીનું આયોજન થશે. રાજકોટમાં ૨૨મી ડિસેમ્બરે શ્રેણીની પ્રથમ ટી-૨૦ મેચ રમાશે.ત્યાર બાદ ૨૪મી ડિસેમ્બરે કટકમાં બીજી ટી-૨૦ અને ૨૭મી ડિસેમ્બરે પૂણેમાં ત્રીજી ટી-૨૦ રમાશે.

ભારતીય ટીમ હાલમાં વિન્ડિઝ સામે પાંચ ટી-૨૦ની શ્રેણી રમી રહી છે. આ શ્રેણીની આખરી મેચ ૧૭મી ઓક્ટબરે આયોજીત થશે. ત્યાર બાદ ભારતીય ટીમ ન્યુઝીલેન્ડ પ્રવાસે જવા રવાના થશે. ભારતીય ટીમ ન્યુઝીલેન્ડમાં પાંચ ટી-૨૦, પાંચ વન ડે અને બે ટેસ્ટની શ્રેણી રમશે. ત્યાર બાદ તેઓ પરત ફરીને ઘરઆંગણે શ્રીલંકાનો સામનો કરશે. શ્રીલંકાની ટીમ હાલમાં પાકિસ્તાન પ્રવાસે છે.

**અગાઉ શ્રેણીની પ્રથમ વન ડે અમદાવાદમાં રમાવાની હોવાના અહેવાલો વહેતા થયા હતા**

### પંતને ઈજા : ઈન્ડિયા-એ તરફથી શરૂઆતની બે મેચ નહીં રમે

બેંગુલુરુ : ભારતીય વિકેટકિપર બેટ્સમેન રિષભ પંતઈજામાંથી બહાર આવી શક્યો નથી અને આ કારણે તે ઈન્ડિયા-એ ટીમ તરફથી ન્યુઝીલેન્ડ પ્રવાસમાં રમાનારી શરૂઆતની બે મલ્ટીડેઈઝ મેચમાં રમી શકે નથી. તેના સ્થાને કુમાર કુશાગ્રને ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો. પંતને ઈરાની ટ્રોફી દરમિયાન ડાબા પડખાના સ્નાયુ ખેંચાઈ જતાં ઈજા થઈ હતી, ત્યારથી તે બોર્ડની મેડિકલ ટીમની દેખરેખ હેઠળ છે.

### ડેનમાર્ક ઓપન બેડમિંટન ટુર્નામેન્ટમાં ભારતની પી.વી. સિંધુ અને લક્ષ્ય સેનની સામે મુશ્કેલ પડકાર

ઓડેન્સે : ભારતની દિગ્ગજ બેડમિંટન ખેલાડી સિંધુ અને પુરુષ ખેલાડી લક્ષ્ય સેનને ડેનમાર્ક ઓપન ટુર્નામેન્ટમાં મુશ્કેલ ડ્રો મળ્યો છે. સિંધુને આ સુપર ૭૫૦ ટુર્નામેન્ટમાં પ્રથમ રાઉન્ડમાં જ વર્લ્ડ નંબર વન સાઉથ કોરિયાની એન સે-યંગનો સામનો કરવો પડશે. જ્યારે લક્ષ્ય સેન મેન્સ સિંગલ્સના પ્રથમ રાઉન્ડમાં ત્રીજો ક્રમાંક ધરાવતા ચોઉ ટિઈન ચેન સામે ટકરાશે.ભારતનો આયુષ શેટ્ટી ઈન્ડોનેશિયાના અલ્વી ફરહાન સામે, કિદામ્બી શ્રીકાંત ફ્રાન્સના મેર્કલ સામે ટકરાશે. મહિલા સિંગલ્સમાં તન્વી શર્મા, અસ્મિતા ચાહિલા, દેવિકા સિહાગ અને ઉન્નતી હૂડા પણ સ્પર્ધામાં ઉતરવાના છે.

### એફવન : વર્સ્ટાપ્પને સિંગાપોર ગ્રાં પ્રિ રેસ જીતી



મારિના બે સર્કિટ : રેડબુલના મેક્સ વર્સ્ટાપ્પને ફોરમ્યુલા વન કાર રેસિંગની સતત બીજી ગ્રાં પ્રી રેસ જીતવાની સિદ્ધિ મેળવતા સિંગાપોર ટાઈટલ જીતી લીધું હતુ. ચાર્લેસ લેક્લર્સ બીજા ક્રમે રહ્યો હતો. જ્યારે મર્સિડિસના એન્તોનેલીને ત્રીજો ક્રમ મળ્યો હતો. એફ વનની ચાલુ સિઝનની રેસર્સ ચેમ્પિયનશિપમાં એન્તોનેલી ટોચના ક્રમે છે અને ૧૭ રેસ પછી તે બીજા ક્રમે રહેલા રસેલ કરતાં ૧૦૨ પોઈન્ટ આગળ છે. હવે ૨૫મીએ યોજાનારી યુએસ ગ્રાં પ્રિમાં તે રેસર્સ ચેમ્પિયનશિપ જીતી લે તેવી શક્યતા પ્રબળ છે.

### પાકિસ્તાને શ્રીલંકા સામેની ટી-૨૦ શ્રેણી જીતી લીધી

રાવલપિંડી : પ્લેયર ઓફ ધ મેચ સદાકતના ૫૧ બોલમાં ૯૬ (૬ ચોગ્ગા, ૭ છગ્ગા) અને ઓપનર ફરહાનના ૪૪ બોલમાં ૭૩ (૪ ચોગ્ગા, ૫ છગ્ગા)ની મદદથી પાકિસ્તાને બીજી ટી-૨૦માં શ્રીલંકાને ૮૨ રનથી હરાવ્યું હતુ. પાકિસ્તાનના ૨૧૫/૩ના સ્કોર સામે શ્રીલંકા ૭ વિકેટે ૧૩૩ રન જ કરી શક્યું હતુ, જેમાં તિક્ષાનાના ૩૨* રન મુખ્ય હતા. મોહમ્મદ ઈમરાને ૧૧ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી. પાકિસ્તાને આ સાથે ત્રણ ટી-૨૦ની શ્રેણી ૨-૦થી જીતી લીધી હતી.

વિદાય સમારંભના ચાર દિવસ પછી પણ

## પેરા એશિયન ગેમ્સ માટેની સત્તાવાર ટીમની જાહેરાત ન કરાતા આશ્ચર્ય



નવી દિલ્હી, તા.૧૨

જાપાનમાં યોજાનારી પેરા એશિયન ગેમ્સ માટેની ભારતની સત્તાવાર ટીમની જાહેરાત હજુ સુધી કરવામાં ન આવતા ભારે આશ્ચર્ય ફેલાયું છે. રસપ્રદ બાબત એ છે કે, પેરા એશિયન ગેમ્સમાં ભાગ લેનારા ભારતીય ખેલાડીઓને વિદાય આપવા માટેનો સત્તાવાર સમારંભ ચાર દિવસ પહેલા યોજાઈ ગયો હતો, પણ હજુ સુધી ખેલ મંત્રાલયે ખેલાડીઓના નામ જાહેર કર્યા નથી. તારીખ ૮મી ઓક્ટોબરે યોજાયેલા પેરા એશિયન ગેમ્સના ખેલાડીઓના વિદાય સમારંભમાં જ પસંદ ન થયેલા બે પેરા શૂટરોએ પસંદગીની પારદર્શિતા સામે સવાલ ઉઠાવ્યા હતા. તેમણે પેરા શૂટિંગની ટીમમાં લાંચ આપવાની શરતે ખેલાડીઓની પસંદગી થઈ હોવાનો આક્ષેપ મૂક્યો હતો અને મેરિટ છતાં તેમને બહાર રાખવામાં આવ્યા હોવાની રજુઆત કરી હતી. દરમિયાનમાં પ્રાપ્ત વિગતો અનુસાર એશિયન ગેમ્સ માટેની ટીમમાં સામેલ કેટલાક ખેલાડીઓ તો જાપાન જવા માટે રવાના થઈ ચૂક્યા છે. ભારતે તારીખ ૧૮મી ઓક્ટોબરે યોજાનારી પેરા એશિયન ગેમ્સના ઉદ્ઘાટન સમારંભમાં ભારતના ધ્વજવાહક તરીકે ગુજરાતની ટેબલ ટેનિસ ખેલાડી ભાવિના પટેલ અને પેરા બેડમિંટન સ્ટાર પ્રમોદ ભગતની પસંદગી કરી છે.

વિરોધનો વંટોળ માત્ર પેરા શૂટર સુધી જ સિમિત નથી. ભારતીય ટીમમાં સ્થાન ન અપાતા છ પેરા સાઈક્લિસ્ટે પણ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના હેડ ક્વાર્ટરની બહાર દેખાવો કર્યા હતા.

**પેરા શૂટિંગમાં પસંદગી અંગે વિવાદ સર્જાયો હતો**

પ્રેરક માંકડ-જાડેજાની સદી : સૌરાષ્ટ્રની ટીમ મજબુત સ્થિતિમાં

## રણજી ટ્રોફીમાં ઓડિશાના ૩૨૪ સામે ગુજરાતના પ્રથમ ઈનિંગમાં ૨૦૫/૨

અમદાવાદ, તા.૧૨

અર્ઝાન નાગવાસવાલાની ત્રણ વિકેટ બાદ ડેબ્યુ કરી રહેલા વેદાંત ત્રિવેદીએ નોટઆઉટ ૯૪ અને આર્ય દેસાઈએ પણ ૯૪ રન નોંધાવતા ગુજરાતે ઓડિશા સામેની રણજી ટ્રોફીની મેચમાં મક્કમ શરૂઆત કરી હતી. ઓડિશાએ પ્રથમ ઈનિંગમાં ૩૨૪ રન નોંધાવ્યા હતા. જવાબમાં ગુજરાતે બીજી ઈનિંગના અંતે બે વિકેટે ૨૦૫નો સ્કોર કર્યો હતો. રમતના અંતે વેદાંત (૯૪*)ની સાથે મનન હિંગરાજીયા ૧૩ રને નોટઆઉટ હતો.

અમદાવાદમાં ચાલી રહેલી રણજી મેચમાં ઓડિશાએ ૨૭૨/૩ (ગૌરવ ચૌધરી ૧૨૧* અને સંદીપ પટ્ટનાઈક ૬૯*)થી આગળ રમતાં વધુ બાવન રનમાં બાકીની સાત વિકેટ ગુમાવી હતી. ગૌરવ ૧૩૭ રને અને સંદીપ ગઈકાલના સ્કોરે જ આઉટ થયો હતો. અર્ઝાન નાગવાસવાલાએ ૩ અને ચિંતન ગજા, હર્ષલ પટેલ તેમજ સિદ્ધાર્થ દેસાઈએ ૨-૨ વિકેટ મેળવી હતી. ગુજરાતની ઈનિંગમાં આર્ય દેસાઈના ૯૪ (૧૦૭ બોલમાં ૧૧ ચોગ્ગા, ૩ છગ્ગા) અને વેદાંતના ૯૪* (૧૬૦ બોલ, ૧૧ ચોગ્ગા, ૧ છગ્ગો) રન મુખ્ય છે.

**ગોવા સામે બરોડાએ ૪૭૨/૮ પર ઈનિંગ ડિકલેર કરી**

### સૌરાષ્ટ્રે ૩૯૨નો સ્કોર ખડક્યો

પ્રેરક માંકડે ૧૫૦ બોલમાં ૧૫ ચોગ્ગા અને એક છગ્ગા સાથે ૧૨૯ રન તેમજ જાડેજાએ ૨૦૯ બોલમાં સાત ચોગ્ગા સાથે ૧૦૨ રન નોંધાવતા સૌરાષ્ટ્રની ટીમે રાજકોટમાં ચાલી રહેલી છત્તીસગઢ સામેની રણજી મેચમાં ૩૯૨નો સ્કોર કર્યો હતો. દેવ આદિત્યએ છ વિકેટ ઝડપી હતી. છત્તીસગઢે બીજા દિવસના અંતે પ્રથમ ઈનિંગમાં ૧૨૨/૩ સ્કોર કર્યો હતો. અનુજ તિવારી ૭૨ અને મયંક વર્મા ૩૨ રને ક્રિઝ પર હતા.

### અતીત શેઠ એક રન માટે સદી ચૂક્યો

અતીત શેઠ ૧૪૫ બોલમાં ૯ ચોગ્ગા અને ૧ છગ્ગા સાથે ૯૯ રને આઉટ થતાં એક રન માટે સદી ચૂક્યો હતો. તેની સાથે મિતેશ પટેલ (૮૧), શાશ્વત રાવત (૬૯), શિવાલિક શર્મા (૬૨), દીપક હૂડા (૫૨)એ પણ અડધી સદી ફટકારતાં બરોડાએ યજમાન ગોવા સામે પ્રથમ ઈનિંગ ૮ વિકેટે ૪૭૨ રને ડિકલેર કરી હતી. ગોવાએ બીજા દિવસના અંતે ૧ વિકેટે પાંચ રન કર્યા હતા.

### દેશપાંડેની હેટ્રિક : મુંબઈ જીત તરફ અગ્રેસર



મુંબઈ : તુષાર દેશપાંડેએ છત્તીસગઢની પ્રથમ ઈનિંગની ૧૧મી ઓવરના ત્રીજા બોલે અર્જુન આઝાદ (કો.ડિસોઝા ૨૦), ચોથા બોલે શિવમ ભામ્બરી (બોલ્ડ ૦) અને પાંચમા બોલે દીપેન્દર કુશ (કો.જયસ્વાલ ૦)ને આઉટ કરતાં હેટ્રિક ઝડપી હતી. આ સાથે મુંબઈના ૪૨૯ના સ્કોર સામે છત્તીસગઢ ૭૮ રનમાં સમેટાતા ફોલોઓન થયું હતુ. દેશપાંડેએ ૧૭ રનમાં પાંચ વિકેટ ઝડપી હતી. ફોલોઓન થયા બાદ છત્તીસગઢે બીજી ઈનિંગમાં ૦માં એક વિકેટ ગુમાવી હતી અને તે વિકેટ પણ દેશપાંડેને મળી હતી.

**ટેસ્ટ : બાંગ્લાદેશ સામે જીતવા માટેના ૪૭૯ના ટાર્ગેટ સામે અફઘાન ટીમના ૧૩૨/૩**

રેનશૉના બીજી ઈનિંગમાં ૮૨ રન : હેઝલવૂડની બે વિકેટ

## ઓસ્ટ્રેલિયા પ્રથમ ટેસ્ટમાં જીત તરફ : ૪૨૧ના ટાર્ગેટ સામે સાઉથ આફ્રિકાના ૪ વિકેટે ૧૦૨



ડરબન, તા.૧૨

રેનશૉની બીજી ઈનિંગમાં ૮૨ રન બાદ બોલરોએ અસરકારક દેખાવ કરતાં ઓસ્ટ્રેલિયાએ સાઉથ આફ્રિકા સામેની પ્રથમ ડરબન ટેસ્ટમાં જીતનો તખ્તો તૈયાર કરી દીધો હતો. પ્રથમ ઈનિંગને સહારે ૧૦૬ રનની સરસાઈ મેળવ્યા બાદ ઓસ્ટ્રેલિયાએ બીજી ઈનિંગ છ વિકેટે ૩૧૪ના સ્કોર પર ડિકલેર કરી હતી. આ સાથે જીતવા માટે મળેલા ૪૨૧ના ટાર્ગેટ સામે સાઉથ આફ્રિકાએ ચોથા દિવસની રમતના અંતે ચાર વિકેટે ૧૦૨ રન કર્યા હતા. માર્કરામ ૪૫ અને મુલ્ડર પાંચ રને રમતમાં હતા. સાઉથ આફ્રિકાની બીજી ઈનિંગમાં હેઝલવુડે બે અને કમિન્સ-રેનશૉએ ૧-૧ વિકેટ મેળવી હતી. રિકેલ્ટન બે, બેડિંગહામ ૪૬, બવુમા ૧ અને સ્ટબ્સ ૧ રને આઉટ થયા હતા. અગાઉ ચોથા દિવસે સવારે વિના વિકેટે ૩૩ રનથી આગળ રમતાં ઓસ્ટ્રેલિયા તરફથી હેડે ૧૧, મેડિન્સને ૪૮, લાબુશૅને ૩૭, સ્મિથે ૨૭, રેનશૉએ ૮૨, કેરીએ ૨૪, વેબસ્ટરે ૩૯* અને કમિન્સે ૩૨* રન નોંધાવ્યા હતા. નોર્ટ્જે અને મહારાજે ૫૬-૫૬ રન આપીને બે-બે વિકેટ મેળવી હતી.

**ઓસ્ટ્રેલિયાની બીજી ઈનિંગ ૩૧૪/૬ પર ડિકલેર**

મુરાદે ૪૦૦ મીટરની દોડમાં ગોલ્ડ જીત્યો

## નેશનલ ઓપન એથ્લેટિક્સ : ગુજરાતનો મુરાદ સિરમન બેસ્ટ એથ્લીટ જાહેર





અમદાવાદ, તા.૧૨

ગુજરાતના એથ્લીટ મુરાદ સિરમને નવી દિલ્હીમાં યોજાયેલી ૬૫મી નેશનલ ઓપન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ૪૦૦ મીટરની દોડમાં ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. તેને ચેમ્પિયનશિપનો બેસ્ટ પુરુષ એથ્લીટ પણ જાહેર કરવામાં આવ્યો હતો.ગુજરાતની વંદના મોરીએ પણ આ ચેમ્પિયનશિપમાં સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીત્યા હતા.

ભારતીય સૈન્યમાં સેવા આપી રહેલા મુરાદ સિરમને એસએસસીબી તરફથી આ ચેમ્પિયનશિપમાં ભાગ લીધો હતો અને ૪૦૦ મીટરની દોડમાં ૪૯.૮૬ સેકન્ડનો સમય આપ્યો હતો. તે મુંબઈમાં રિલાયન્સના હાઈપર્ફોર્મન્સ સેન્ટર ખાતે તાલીમ મેળવી રહ્યો છે. ગુજરાતની વંદના મોરીએ ૩૦૦૦ મીટરની સ્ટીપલચેઝ ઈવેન્ટમાં ૧૦:૦૦.૦૨ ના સમય સાથે સિલ્વર જીત્યો હતો. જ્યારે તેને ૫૦૦૦ મીટરની દોડમાં ૧૬:૫૬.૬૨ના સમય સાથે બ્રોન્ઝ મળ્યો હતો. તે એસએજીની નડિયાદ ખાતેની સ્ટેટ એથ્લેટિક્સ એકેડમીમાં તાલીમ મેળવે છે.

**વંદના મોરીને સિલ્વર અને બ્રોન્ઝ મેડલ**

બોરિસ બેકર પછી પહેલીવાર જર્મન ખેલાડી ટોચ પર

## બેર્ગ સામે અલકારાઝ હાર્યો : ઝ્વેરેવ કારકિર્દીમાં પ્રથમ વખત વર્લ્ડ નંબર વન



બેઈજિંગ, તા.૧૨

બેલ્જીયમના ઝિઝોઉ બેર્ગે કારકિર્દીનો યાદગાર વિજય મેળવતા સેકન્ડ સીડ ધરાવતા સ્પેનના દિગ્ગજ ખેલાડી અલકારાઝને સીધા સેટોમાં ૭-૫, ૭-૬(૭-૪)થી હરાવીને શાંઘાઈ માસ્ટર્સના ત્રીજા રાઉન્ડમાં મેજર અપસેટ સર્જયો હતો. અલકારાઝની હાર થતાં જ જર્મનીનો ટેનિસ સ્ટાર ઝ્વેરેવ કારકિર્દીમાં પહેલીવખત મેન્સ સિંગલ્સમાં વર્લ્ડ નંબર વન બની ગયો હતો. આ સાથે સિનરે તાજ ગુમાવ્યો હતો.

ઝ્વેરેવ ૧૯૯૧ પછી ટેનિસના વર્લ્ડ રેન્કિંગની મેન્સ સિંગલ્સ કેટેગરીમાં ટોચનું સ્થાન મેળવનારો પ્રથમ જર્મન ખેલાડી બન્યો હતો. છેલ્લે આ સન્માન બોરિસ બેકરે મેળવ્યું હતુ. તે સિઝનના અંતે વર્લ્ડ નંબર વનનો તાજ જાળવી રાખનારો જર્મનીનો પહેલો ખેલાડી બની જશે. ઝ્વેરેવે સૌથી મોટી ઉંમરે સિઝનના અંતે વર્લ્ડ નંબર વનનો તાજ જાળવી રાખવાનો રેકોર્ડ પોતાના નામે કરવાનો તખ્તો ઘડી કાઢ્યો છે. એટીપી યર એન્ડ રેન્કિંગ ૨૩મી નવેમ્બરે જાહેર થશે અને ત્યારે ઝ્વેરેવ ૨૯ વર્ષ અને ૨૧૭ દિવસનો હશે. અગાઉ આ રેકોર્ડ અગાસીના નામે હતો, જેણે ૧૯૯૯માં ૨૯ વર્ષ અને ૨૧૪ દિવસની ઉંમરે આ સિદ્ધિ મેળવી હતી.

દરમિયાનમાં શાંઘાઈ માસ્ટર્સના ડિફેન્ડિંગ ચેમ્પિયન વાચેરોટને પોલે ૪-૬, ૨-૬થી હરાવીને બહાર કરી દીધો હતો. વાન ડે ઝેન્ડસ્કૂલ્પે ૭-૫ ,૬-૪થી ફિલ્સના પડકારનો અંત આણ્યો હતો. મેડ્વેડેવે ૬-૨, ૬-૩થી સ્વર્સીનાને, સિત્સિપાસે ૩-૬, ૭-૫, ૬-૩થી ફ્રિટ્ઝને અને જોડારે લેહેકાને ૪-૬, ૭-૬ (૭-૨), ૬-૪થી પરાજીત કર્યો હતો. આલિયાસિમ ૬-૩ ,૪-૬, ૬-૧થી કારેનો સામે વિજેતા બન્યો હતો.

# આખેઆખું દિલ્હી જંતર મંતર બન્યું







જંતર મંતર તો બંધ કરાવી દીધું પણ રાજધાની દિલ્હીના રસ્તા પર જંતર મંતર જોવા મળ્યું. એટલી મોટી સંખ્યામાં લોકો કે, ગણવા મુશ્કેલ. રસ્તા પર જ્યાં, નજર કરો ત્યાં લોકો જ લોકો. તમામ વિરોધ કરી રહ્યા છે. કહી રહ્યા છે કે, ચૂંટણી પંચમાંથી જ્ઞાનેશ કુમારે રાજીનામું આપી દેવું જોઈએ. આ ભારતના ઈતિહાસમાં પહેલી વખત છે જ્યારે, ચૂંટણી પંચ સામે આટલી હદે નારાજગી જોવા મળી રહી છે. એક સમય હતો જ્યારે, ટી.એન.શેષન ચૂંટણી કમિશનર હતા. તેમણે દેશની લોકશાહીને મજબૂતી આપી હતી. અહીં, તો દેશની લોકશાહીને વેન્ટિલેટર પર મૂકવાની તૈયારીઓ થઈ રહી છે. જનતા કહી રહી છે કે, અંગ્રેજોથી મળેલી આઝાદીને આવી રીતે ગુમાવીશું નહીં. લડી લઈશું.

### કેસની આગામી સુનાવણી ૨૭ ઓક્ટોબરે

## કેન્સરની જેમ અન્ય દવાઓનાં ટ્રેડ માર્જિન કેમ મર્યાદિત નહીં : સુપ્રીમનો કેન્દ્રને સવાલ

(પીટીઆઇ) નવી દિલ્હી, તા. ૧૨

કેન્સર વિરોધી દવાઓનાં ટ્રેડ માર્જિનને એમઆરપીનાં ૩૦ ટકા સુધી મર્યાદિત કરવાનાં કેન્દ્રનાં જવાબથી ખુશ થવા જેવી કોઇ વાત નથી તેમ સુપ્રીમ કોર્ટે એક નિવેદનમાં જણાવ્યું છે. સુપ્રીમ કોર્ટે વધુમાં પ્રશ્ન કર્યો છે કે સરકાર બીજી દવાઓનાં ટ્રેડ માર્જિનને કેમ મર્યાદિત કરી શકતી નથી? ઉલ્લેખનીય છે કે આ અગાઉ હોસ્પિટલો દ્વારા દર્દીઓ પાસેથી કેન્સર વિરોધી દવાઓ ઉંચી કીંમત વસુલ કરવા બદલ કેન્દ્રને સુપ્રીમ કોર્ટની ભારે ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો.

### કેન્સરની દવાઓનાં ટ્રેડ માર્જિનને ૩૦ ટકા સુધી મર્યાદિત કરવાનાં નિર્ણયથી ખુશ થવા જેવી કોઈ વાત નથી : સુપ્રીમ કોર્ટ

કેન્દ્રે જણાવ્યું છે કે સરકારે કેન્સર વિરોધી દવાઓ પર ટ્રેડ માર્જિનને એમઆરપીનાં ૩૦ ટકા સુધી મર્યાદિત કરવાનો એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. જેના કારણે દર્દીઓને વાર્ષિક ૨૫૦૦ કરોડ રૂપિયા બચત થવાની આશા છે.

જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની ખંડપીઠે જણાવ્યું હતું કે સરકારનો જવાબ અપૂરતો હતો અને એ વાતની તરફ ઈશારો કર્યો કે બજારમાં એક સેલાઇન ડ્રિપ ૨૭૦ રૂપિયામાં વેચવામાં આવી હતી. જ્યારે તેની વાસ્તવિક પડતર ૧૧ રૂપિયા હતી.

ખંડપીઠે જણાવ્યું હતું કે ખુશ થવા જેવી કોઇ વાત નથી. વાસ્તવમાં દર્દીઓનાં ફાયદા માટે કશું જ નથી. જસ્ટિસ નાથે સોલિસિટર જનરલ તુષાર મહેતાને જણાવ્યું હતું કે કોર્ટને એ સમજ પડી રહી નથી કે જો સરકાર કેન્સર વિરોધી દવાઓનાં ભાવ મર્યાદિત કરી શકે છે તો તે તમામ દવાઓને આ દાયરામાં કેમ લાવી શક્તી નથી. ખંડપીઠે ટિપ્પણી કરી હતી કે અમે સમજીએ છીએ કે ટ્રાન્સપોર્ટ ખર્ચ, કાચા માલનો ખર્ચ, આર એન્ડ ડી ખર્ચ અને અન્ય તમામ સહાયક ખર્ચાઓ હોય છે પણ આ તમામ એમઆરપીમાં સામેલ હોય છે. વાસ્તવિક ખર્ચથી ૪૦૦ ગણી વધારે કીંમતે વેચવાની મંજૂરી આપવા પાછળનો તર્ક શું છે? તમે આ અંગે મંજૂરી કઇ રીતે આપો છો? એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીએ ખંડપીઠને જણાવ્યું હતું કે ભારતમાં દવાઓનાં ભાવ વિશ્વમાં સૌથી ઓછા છે અને આ જ કારણ છે કે વિદેશમાંથી અનેક લોકો સારવાર માટે ભારત આવે છે. તુષાર મહેતાએ જણાવ્યું હતું કે દવાઓની કીંમત પર એક મર્યાદાથી વધારે રોક લગાવી શકાય તેમ નથી કારણકે વધારે માર્જિનને કારણે જ તે દૂરનાં અંતરિયાળ વિસ્તારો સુધી પહોંચી શકે છે.

### વર્લ્ડ બેન્કનો ચોંકાવનારો અહેવાલ

## અમેરિકા-કેનેડાના ગરીબ લોકો પણ ભારતના અમીરો કરતાં વધુ કમાય છે

નવી દિલ્હી, તા. ૧૨

અમેરિકા, કેનેડા, જર્મની અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોના સૌથી ગરીબ તેવા ૧૦ ટકા લોકોનો રોજનો ખર્ચ પણ ભારતના સૌથી અમીર તેવા ૧૦ ટકા લોકોના દૈનિક ખર્ચ કરતા ઓછો છે. દુનિયાના અમીર દેશો અને ભારતના લોકોનાં જીવનસ્તરમાં કેટલું મોટુ અંતર છે તે વર્લ્ડ બેન્કના આંકડા ઉપરથી જાણી શકાય તેમ છે.

### વર્લ્ડ બેન્કના ૨૦૨૬ના પોવર્ટી એન્ડ ઈન ઈક્વોલિટી પ્લેટફોર્મના આંકડા ભારતનાં અર્થતંત્ર માટે પ્રચંડ પડકાર રૂપ બની રહ્યા છે

વર્લ્ડ બેન્ક જણાવે છે કે આ પરિસ્થિતિ ભારતીય અર્થતંત્ર માટે પડકારરૂપ છે. ભારતમાં સૌથી ગરીબ તેવા ૧૦ ટકા લોકોની રોજની કમાણી કે ખર્ચ વ્યક્તિદીઠ આશરે ૩ ડોલર છે. અમેરિકામાં એ આંકડો ૨૫ ડોલર છે, જ્યારે કેનેડામાં તે ૩૧ ડોલર છે. જર્મની અને ઓસ્ટ્રેલિયામાં સૌથી ગરીબ તેવા ૧૦ ટકા લોકોનો દૈનિક ખર્ચ ૨૮ ડોલર છે. બીજી તરફ ભારતમાં સૌથી અમીર તેવા ૧૦ ટકા લોકોની રોજની કમાણી અને ખર્ચ આશરે ૧૦ ડોલર છે. અમેરિકામાં તે આંક ૧૭૩ ડોલર, કેનેડા અને ઓસ્ટ્રેલિયામાં ૧૨૯ ડોલર અને જર્મનીમાં ૧૨૮ ડોલર સુધી પહોંચ્યો છે. ભારતીય સર્વેક્ષણ પ્રમાણે જે દર મહિને ૮૦ હજાર રૂ. કમાય છે તે દેશના સૌથી વધુ કમાનારા ૧૦ ટકા લોકોના વર્ગમાં આવે છે. પરંતુ તે આંકડા વિકસિત અર્થતંત્રોમાં સૌથી ઓછી આવકવાળા લોકોની તુલનામાં ઘણા નીચે છે. ફાઉન્ડેશન ફોર ઈકોનોમિક ડેવલપમેન્ટના પ્રોગ્રામ એસોસિએટ અરોના દત્તા ગુપ્તાએ પત્રકારોને જણાવ્યું હતું કે, આ ભારત માટે એક બહુ મોટી સમસ્યા બની રહી છે. તેમાં માત્ર ગરીબી જ નહીં પરંતુ સમગ્ર અર્થતંત્રમાં જ આવક ઓછી છે. ભારતમાં રોજના ૧૦ ડોલર ખર્ચ કરનારી વ્યક્તિ સૌથી અમીર તેવા ૧૦ ટકા લોકોમાં સામેલ થઇ જાય છે. જ્યારે કેનેડા, અમેરિકા, જાપાન, દક્ષિણ કોરિયા, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ જેવા દેશોમાં તો રોજના ૧૦ ડોલર (૮૫૦ રૂ. આશરે) ખર્ચ કરનારા સૌથી ગરીબ તેવા ૧૦ ટકા લોકોમાં ગણવામાં આવે છે.

### રોબર્ટ-માઈકલની થિયરી કોરોના મહામારી વખતે ઉપયોગી નીવડી

## અમેરિકાના અર્થશાસ્ત્રી રોબર્ટ હોલ અને માઈકલ વુડફોર્ડને અર્થશાસ્ત્રનું નોબેલ

સ્ટોકહોમ, તા. ૧૨

નોબેલ સપ્તાહના અંતે છેલ્લું અર્થશાસ્ત્રનું નોબેલ પારિતોષિક જાહેર થયું હતું. બે અમેરિકન અર્થશાસ્ત્રીઓને ૨૦૨૬નું અર્થશાસ્ત્રનું નોબેલ એનાયત થશે. નોબેલ કમિટીએ તેમના નામની જાહેરાત કરતા કહ્યું હતું કે રોબર્ટ હોલ



અને માઈકલ વુડફોર્ડની પોલિસીની મદદથી દુનિયાભરમાં કેન્દ્ર સરકારો અને કેન્દ્રીય બેંકો મોંઘવારી કાબૂમાં રાખે છે. આર્થિક ચઢાવ-ઉતાર સાથે કેવી રીતે કામ પાર પાડવું તે આ બંને અર્થશાસ્ત્રીઓએ સમજાવ્યું છે અને તેમના એ કામ બદલ સન્માન આપવામાં આવશે. અર્થશાસ્ત્રના નોબેલ પારિતોષિકની જાહેરાત સાથે જ તમામ નોબેલ પારિતોષિકની ઘોષણા પૂરી થઈ ચૂકી છે. મેડિસીનના નોબેલથી શરૂ થતું નોબેલ સપ્તાહ ઈકોનોમિક્સના નોબેલની જાહેરાત સાથે જ પૂરું થાય છે. આ વર્ષનું અર્થશાસ્ત્રનું નોબેલ અમેરિકાના બે અર્થશાસ્ત્રીઓ - રોબર્ટ ઈ. હોલ અને માઈકલ વુડફોર્ડને મળશે. આ બંને અર્થશાસ્ત્રીઓએ માઈક્રો-ઈકોનોમિક્સ નામનો વિચાર આપ્યો હતો, જે અર્થશાસ્ત્રના ચઢાવ-ઉતાર દરમિયાન ખૂબ ઉપયોગી સાબિત થાય છે.

### બંનેની થિયરી કેવી રીતે ઉપયોગી છે?

રોબર્ટ-માઈકલની થિયરીને સંયુક્ત રીતે જોઈએ તો એમાં અર્થતંત્રમાં વર્તમાન પ્રવાહો કરતાં ભવિષ્યની અપેક્ષા પર વધારે ભાર મૂકાયો છે. રોબર્ટ હોલ માને છે કે લોકો આજની આવક જોઈને ખર્ચ નથી કરતાં, ભવિષ્યની આવક, ભવિષ્યની અપેક્ષાને ધ્યાનમાં રાખીને ખર્ચ કરે છે.

જો કેન્દ્રીય બેંકો કે સરકારો તેમને ભવિષ્યની આશા બંધાવે તો મોંઘવારી કે મંદી તેમના રોકાણથી જ કાબૂમાં લાવી શકાય. માઈકલ વુડફોર્ડ આ જ વાતને આગળ વધારતા થિયરી આપે છે કે ભવિષ્યના વ્યાજદાર કાબૂમાં રાખવાથી લોકો રોકાણ કરે છે. એ રોકાણથી અર્થતંત્રને વેગ મળે છે. આ રીતે મંદ પડેલું અર્થતંત્ર વેગવંતુ બને છે. બંને આ માટે મોટા ફેરફારો કરવાને બદલે નાના-નાના ફેરફારો કરવાની ભલામણ કરે છે.

### બંનેએ અર્થતંત્રમાં આવતા ચઢાવ-ઉતાર કંટ્રોલમાં કરવા માટે માઈક્રો-ઈકોનોમિક્સનો મહત્ત્વપૂર્ણ વિચાર આપ્યો

### ઓમરે રેડ રાજકારણથી પ્રેરિત પગલું ગણાવી

## ટ્રમ્પની ટીકાકાર સાંસદ ઓમરના ઘરે ફેડરલ એજન્ટના દરોડા

વોશિંગ્ટન,તા.૧૨

અમેરિકન ફેડરલ એજન્ટ્સે ટ્રમ્પની ટીકાકાર ડેમોક્રેટ સાંસદ ઈલ્હન ઓમરને ત્યાં દરોડા પાડ્યા છે. હોમલેન્ડ સિક્યોરિટી વિભાગે ઈમિગ્રેશન ફ્રોડની તપાસના ભાગરૂપે ડેમોક્રેટ સાંસદને ત્યાં દરોડા પાડ્યા છે.

### ડેમોક્રેટ સાંસદ ઈલ્હાન ઓમર પર ઈમિગ્રેશન ફ્રોડનો હોમલેન્ડ સિક્યોરિટીનો આક્ષેપ

હોમલેન્ડ સિક્યોરિટી ઈન્વેસ્ટિગેશન્સ (એચએસઆઇ)ના એજન્ટોએ ડેમોક્રેટિક કોંગ્રેસવુમનને ત્યાં દરોડો પાડ્યો છે. ઓમર પર ઈમિગ્રેશનને લગતા પેપરવર્કમાં સંડોવણીનો આરોપ છે, આ પેપરો જો કે તેના મૃતક પિતાએ તે નાની હતી ત્યારે તૈયાર કરાવ્યા હતા. જો કે સત્તાવાળાઓએ તેના અંગેની પૂરેપૂરી વિગતો આપી નથી.

ન્યાયાધીશ વિભાગે જણાવ્યું હતું કે હોમલેન્ડ સિક્યોરિટી વિભાગના એજન્ટ્સ વોશિંગ્ટન ડીસીના ન્યાય વિભાગે જારી કરેલા વોરંટની બજાવણી કરી હતી. આ પગલું ફેડરલ ક્રિમિનલ ઈન્વેસ્ટિગેશનની તપાસનો હિસ્સો છે, એમ વિભાગે જણાવ્યું હતું. ૪૪ વર્ષની ઓમર મિનેસાટા જિલ્લાનું પ્રતિનિધિત્વ કરે છે. તે ૨૦૧૮માં પહેલી વખત ગૃહમાં ચૂંટાઈ હતી.

તે પહેલેથી જ ટ્રમ્પની આકરી ટીકાકાર રહી છે. ટ્રમ્પ પણ તેને સતત ગેરકાયદે વસાહતી કહીને ઉતારી પાડતા આવ્યા છે. બંને વચ્ચે અગાઉ કેટલીય વખત શાબ્દિક ટપાટપી થઈ ચૂકી છે. ઓમર ઈમિગ્રેશન, ફ્રોડ અને સોમાલી અમેરિકનો પ્રત્યે થતા વ્યવહારને લઈને સતત ટ્રમ્પની ટીકા કરતી આવી છે.

## કાશ્મીરમાં માઈન બ્લાસ્ટમાં તોઈબાના કમાન્ડર સહિત ચાર આતંકીના મોત

નવી દિલ્હી,તા.૧૨

જમ્મુ-કાશ્મીરમાં પૂંચમાં એલઓસી નજીક થયેલા જબરદસ્ત વિસ્ફોટમાં કૃષ્ણા ઘાટીમાં ઝોરો લાઇનની જોડે નંગી ટેકરીમાંથી ઘૂસવાનો પ્રયત્ન કરી રહેલા ચાર આતંકવાદીઓના આ માઈન બ્લાસ્ટમાં મોત થયા છે. તેમા લશ્કર-એ-તૈયબાના ટોચના કમાન્ડરનો પણ સમાવેશ થાય છે. આ વિસ્ફોટ એન્ટિ ઈન્ફિલ્ટ્રેશન ગ્રિડ હેઠળ લગાવવામાં આવેલી માઈન્સના વિસ્ફોટના ફાટવાથી થયો. તેના લીધે ઘૂસણખોરોના ઘટનાસ્થળે જ મોત થયા. આ વિસ્ફોટ પછી સુરક્ષા દળોએ આખા સેક્ટરમાં એલર્ટ કરી દીધું છે. તેમણે કોઈપણ ઘૂસણખોરી રોકવા માટે સરહદ પર તકેદારી વધારી દીધી છે. આ વિસ્ફોટમાં માર્યા ગયેલા એક શખ્સની ઓળખ લશ્કરના ટોચના કમાન્ડર મોહમ્મદ ફૈજાન તરીકે થઈ છે. બાકીના ત્રણ આતંકવાદીઓની ઓળખ વકાસ, ઈશ્તિયાક અને આસિમના સ્વરૂપમાં થઈ છે.

### છેલ્લા કેટલાક મહિનાઓમાં આ પ્રકારની બીજી ઘટના

## સુદાનમાં સોનાની ખાણો પર એર સ્ટ્રાઈક : ૭૨ લોકોનાં મોત

ખાર્તુમ, તા. ૧૨

ઉત્તર સુદાનમાં એક હવાઈ હુમલામાં નાના પાયે માઈનિંગ કરનારા લગભગ ૭૨ લોકોનાં મોત થયા છે તેમ એક માનવાધિકાર જૂથે એક નિવેદનમાં જણાવ્યું છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં આ પ્રકારની આ બીજી ઘટના છે.

### માનવાધિકાર સંસ્થા ઈમરજન્સી લોયર્સે આ હુમલા માટે ઈજિપ્તની એરફોર્સને જવાબદાર ઠેરવી

માનવાધિકાર સંસ્થા ઈમરજન્સી લોયર્સે આ હુમલા માટે ઈજિપ્તની એરફોર્સને જવાબદાર ઠેરવી છે. જો કે ન્યૂઝ એજન્સીઓએ આ દાવાને સમર્થન આપ્યું નથી.

ઈજિપ્તની સેનાએ આ ઘટના અંગે કોઈ ટિપ્પણી કરી નથી અને ઈજિપ્તનાં વિદેશ મંત્રાલયે પણ આ અંગે પૂછવામાં આવેલા પ્રશ્નનો જવાબ આપ્યો નથી. સોશિયલ મીડિયા અને સ્થાનિક અધિકાર જૂથો દ્વારા શેર કરવામાં આવેલા ફોટાઓમાં કાટમાળમાં દટાયેલા મૃતદેહો અને કફનમાં લપટાયેલા અન્ય મૃતદેહો જોવા મળી રહ્યાં છે. જો કે ન્યૂઝ એજન્સીએ આ ફોટાઓને સમર્થન આપ્યું નથી. ઈમરજન્સી લોયર્સનાં જણાવ્યા અનુસાર સરહદ પારથી કરવામાં આવેલો આ પ્રકારનો હુમલો આંતરરાષ્ટ્રીય કાયદાનો ભંગ ગણાશે.

## બલોચ આર્મીનો પાકિસ્તાની કોસ્ટગાર્ડ પર હુમલો, ૧૩નાં મોત

ઈસ્લામાબાદ, તા. ૧૨

બલોચ લિબરેશન આર્મીએ નવી દરિયાઈ વિંગ હમ્માલ મેરીટાઈમ ડિફેન્સ ફોર્સ બનાવી છે. તેણે પહેલું ઓપરેશન પાર પાડીને પાકિસ્તાની કોસ્ટગાર્ડને નિશાન બનાવી હતી. બલોચ આર્મીના આ હુમલામાં પાકિસ્તાન કોસ્ટગાર્ડના ૧૩ જવાનોના મોત થયા હતા.

### ગ્વાદર નજીક જિવાણીમાં કોસ્ટગાર્ડની બે બોટ પર બલોચ આર્મીની નવી બનેલી દરિયાઈ વિંગ ત્રાટકી

બલોચ લિબરેશન આર્મીના પ્રવક્તા જીયંદ બલોચે દાવો કર્યો હતો કે બલોચ લિબરેશન આર્મીની નવી બનેલી દરિયાઈ આર્મીએ ગ્વાદર જિલ્લાના જિવાણી પાસે પાકિસ્તાનની કોસ્ટગાર્ડની બે બોટ પર હુમલો કર્યો હતો. આ હુમલામાં કોસ્ટગાર્ડના ૧૩ જવાનો માર્યા ગયા હતા.

બલોચ લિબરેશન આર્મીએ દરિયાઈ વિંગના આ પહેલા ઓપરેશનની સફળતા અંગે જણાવ્યું હતું કે આ તો હજુ શરૂઆત છે. આગામી દિવસોમાં પાકિસ્તાન નેવી અને કોસ્ટગાર્ડને વધુ નુકસાન પહોંચાડીશું. ગ્વાદર બંદર અને તેની આસપાસ ચીનનો બીઆરઆઈ પ્રોજેક્ટ ચાલી રહ્યો છે. બલોચ લિબરેશન આર્મી તેનો વિરોધ કરે છે. બલૂચિસ્તાનની માંગણી કરી રહેલા આ સંગઠને તાત્કાલિક ગ્વાદરમાંથી ચીનની કંપનીઓને પીછેહઠ કરવાની ધમકી આપી છે. બલોચના મતે આ પ્રોજેક્ટથી સ્થાનિક બલોચ લોકોને કોઈ ફાયદો મળતો નથી એટલે આ પ્રોજેક્ટ બંધ થવો જોઈએ.

### અમૃતસરમાં મહિનામાં બીજી વખત શંકાસ્પદ ડ્રોન દેખાયા

## અમૃતસર એરપોર્ટ પર ડ્રોન દેખાતા એરસ્પેસ બંધ, ફ્લાઈટો ડાયવર્ટ કરાઈ

અમૃતસર, તા. ૧૨

પંજાબના અમૃતસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ આસપાસ શંકાસ્પદ ડ્રોન જોવા મળ્યા હતા, જેને પગલે થોડા સમય માટે એરપોર્ટની એરસ્પેસ બંધ કરવી પડી હતી. સાથે જ કેટલીક ફ્લાઈટને દિલ્હી અને ચંડીગઢ તરફ ડાયવર્ટ કરવી પડી હતી. રવિવારે રાત્રે ૧૦ વાગ્યા આસપાસ એરપોર્ટ ઉપર શંકાસ્પદ ડ્રોન દેખાયા હતા.

### રનવેને પણ થોડા સમય માટે બંધ કરવો પડ્યો, ડ્રોન ક્યાંથી આવ્યા તેની તપાસ માટે પોલીસ દોડતી થઈ

ડ્રોન દેખાયા બાદ તાત્કાલીક એરપોર્ટનો રનવે બંધ કરી દેવામાં આવ્યો હતો. એટલુ જ નહીં બાદમાં એરસ્પેસ પણ બંધ કરવી પડી હતી. આ ઉપરાંત ત્રણ ફ્લાઈટો ડાયવર્ટ કરવી પડી હતી. એર ઈન્ડિયાની એક ફ્લાઈટને દિલ્હી પરત મોકલવામાં આવી હતી. જ્યારે મુંબઈથી અમૃતસર આવી રહેલી ઈન્ડિગોની ફ્લાઈટને ચંડીગઢ, અને કુઆલાલંપુરથી આવી રહેલી મલેશિયન ફ્લાઈટને દિલ્હી ડાયવર્ટ કરી દેવામાં આવી હતી. ઉડાનનો માર્ગ બદલી નાખવામાં આવતા અનેક મુસાફરો એરપોર્ટ પર ફસાયેલા રહ્યા હતા. અચાનક ટિકિટો રદ થઈ જેને કારણે પણ તેઓ નિરાશ થયા હતા. આ પહેલા પણ છ સપ્ટેમ્બરના રોજ રનવે અને ઓપરેશનલ એરિયા આસપાસ ડ્રોન જોવા મળ્યા હતા. તે સમયે પણ ઉડાનનું સંચાલન ૯૦ મિનિટ સુધી રોકવુ પડ્યું હતું. પોલીસને એવી શંકા છે કે આ ડ્રોન નજીકના એક ગામમાં કબડ્ડી ટુર્નામેન્ટની વીડિયોગ્રાફી કરી રહ્યા હોઈ શકે છે. અમૃતસર ગ્રામીણ એસએસપી કવલપ્રીતે કહ્યું હતું કે હાલમાં આ ડ્રોન ક્યાંથી આવ્યા હતા અને કોણ તેનો ઉપયોગ કરી રહ્યું હતું તેની તપાસ ચાલી રહી છે. પોલીસની ટીમો આસપાસના વિસ્તારમાં સઘન તપાસ કરી રહી છે.

### રશિયાના ૧૬૦૦ લોકો, ડ્રોન-મિસાઈલની કંપનીઓ પર યુરોપનો પ્રતિબંધ

## યુક્રેન ચૂંટણી યોજે તો એક દિવસનો યુદ્ધવિરામ કરવા રશિયાની તૈયારી

નવી દિલ્હી, તા.૧૨

રશિયાએ જણાવ્યું હતું કે જો યુક્રેન પ્રમુખપદની ચૂંટણી યોજતું હોય તો તેઓ એક દિવસનો યુદ્ધવિરામ કરવા તૈયાર છે, પરંતુ ઝેલેન્સ્કીએ રશિયાની વાત ફગાવી દેતા જણાવ્યું હતું કે તેઓ ૬૦ દિવસના યુદ્ધવિરામ પર અડગ છે. તેની સાથે તેમની વાતનો પુનરોચ્ચાર કર્યો છે કે તેઓ યુક્રેનમાં ચૂંટણી યોજવા તૈયાર છે, પરંતુ તે રશિયા યુદ્ધવિરામ કરે ત્યારે જ શક્ય છે. તેની સામે મોસ્કોનું કહેવું છે કે તેઓ આટલા લાંબા યુદ્ધવિરામના બદલે કાયમી ધોરણે શાંતિ સ્થપાય તેવું ડીલ કરવા માંગે છે.

### રશિયા હજી પણ યુક્રેનની રિફાઈનરીઓ પર હુમલા કરી રહ્યું છે, પુતિને ટ્રમ્પની ટ્વીટ વાંચી લાગતી નથીઃ ઝેલેન્સ્કી

ક્રેમલિનના પ્રવક્તા દમિત્રી પેસ્કોવે જણાવ્યું હતું કે પ્રમુખપદની ચૂંટણી યોજાતી હોય તો પુતિન તેમના લશ્કરને એક દિવસ માટે યુદ્ધવિરામનો આદેશ આપવા તૈયાર છે. તેમણે જણાવ્યું હતું કે અમે યુક્રેન સાથે કામચલાઉ યુદ્ધવિરામ ઈચ્છતા નથી. અમે લાંબા ગાળાની શાંતિ ઈચ્છીએ છીએ.

ટ્રમ્પે જણાવ્યું હતું કે યુક્રેનને હવે નવા પ્રમુખની જરૂર છે તેના જવાબમાં ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે રશિયાને કહો કે તે બે મહિના યુદ્ધવિરામ કરે. અમે ચોક્કસ ચૂંટણી યોજીશું. ઝેલેન્સ્કી ૨૦૧૯માં પ્રમુખપદે ચૂંટાયા હતા અને તેમની મુદત ૨૦૨૪માં પૂરી થઈ હતી.

આ દરમિયાન ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે ટ્રમ્પની રશિયા-યુક્રેન એકબીજાના એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલો ન કરે તેવી ટ્વીટ છતાં પણ રશિયાએ યુક્રેનના એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલા કરવાનું ચાલું રાખ્યુ છે. આ બતાવે છે કે ટ્રમ્પની ટ્વીટ પુતિને જોઈ લાગતી નથી. તેમણે ઉમેર્યુ હતું કે તેમણે તો મીડિયા દ્વારા જાણ્યું હતું કે રશિયા-યુક્રેન એકબીજાના એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલા કરવા તૈયાર થઈ ગયા છે. અમે પણ આ વાતના સમર્થનમાં છીએ, પરંતુ રશિયાએ તેના માટેની તૈયારી દાખવી નથી.

જો કે ટ્રમ્પ આ પહેલા ૧૪ સપ્ટેમ્બરના રોજ આ પ્રકારની જ પોસ્ટ કરી ચૂક્યા છે. આ પોસ્ટમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે યુક્રેન-રશિયા તે વાત સાથે સંમત થયા છે કે બંને દેશ એકબીજાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલો નહીં કરે, પરંતુ તેમણે તેની વિગતો આપી ન હતી.

યુરોપીયન યુનિયનના ટોચના રાજદ્વારીએ પણ યુક્રેન-રશિયા વચ્ચે આવી કોઈ સમજૂતી સધાય તો તેને આવકાર્ય ગણાવી હતી, પરંતુ રશિયા આ બાબતને સન્માન આપે તેવું તેમને જરા પણ લાગતું નથી.

ડીઝલને લઈને ટ્રમ્પના પુતિન સાથે ડીલ કરવાના નિર્ણયથી અમેરિકા, યુરોપ અને યુક્રેન ત્રણેયમાં અસંતોષ ફેલાયો છે. એસ્ટોનિયાના પ્રધાને જણાવ્યું હતું કે ટ્રમ્પના પુતિન સાથેના ડીલના લીધે આંતરરાષ્ટ્રીય સ્તરે ભાવમાં કોઈ ફેર નહીં પડે, બહુ-બહુ તો અમેરિકાના સ્થાનિક ભાવમાં ઘટાડો નોંધાઈ શકે.

### ડીઝલ માટે ટ્રમ્પના પુતિન સાથેના ડીલના લીધે અમેરિકા, યુરોપ અને યુક્રેનમાં જબરદસ્ત નારાજગી

### આધુનિક વિજ્ઞાન લુપ્ત પ્રજાતિઓને પુનર્જીવિત કરશે

## એઆઈની મદદથી જુરાસિક પાર્ક ઊભુ કરવાના પ્રયાસ

નવી દિલ્હી, તા.૧૨

અમેરિકાની બાયોટેકનોલોજીકલ કંપની કોલોસલ બાયોસાયન્સિસ એઆઈ, ક્રિસ્પર જનીન સંપાદન અને પ્રાચીન ડીએનએની મદદથી લુપ્ત થઈ ગયેલા જીવોને ફરી પૃથ્વી પર લાવવાનો પ્રયાસ કરી રહી છે. કંપનીનો હેતુ માત્ર વિજ્ઞાનની નવી સિદ્ધિઓ હાંસલ કરવાનો નથી, પણ જૈવવિવિધતાનું સંરક્ષણ, પર્યાવરણીય સંતુલન અને આબોહવા પરિવર્તન સામે લડવામાં પણ યોગદાન આપવાનો છે.

### હિમયુગના જીવોનું પુનરાગમન અને પર્યાવરણ સંરક્ષણની આશા જાગી, જો કે ડાયનાસોરનું પુનર્જીવિત થવું અશક્ય

કંપનીના સહસ્થાપક અને સીઈઓ બેન લેમના જણાવ્યા અનુસાર ડાયનાસોરનું પુનર્જીવન શક્ય નથી, કારણ કે લાખો વર્ષ જૂનું તેમનું ડીએનએ નાશ પામ્યું છે. જો કે ડાયર વુલ્ફ, ઊની મેમથ, ડોડો પક્ષી અને તાસ્માનિયન વાઘ જેવી તાજેતરમાં લુપ્ત થયેલી પ્રજાતિઓ પર સંશોધન ચાલી રહ્યું છે. પ્રાચીન અશ્મિઓમાંથી મળેલા ડીએનએને એઆઈ દ્વારા ફરી રચીને વિજ્ઞાનીઓ આ દિશામાં આગળ વધી રહ્યા છે.

ડાયર વુલ્ફના અવશેષોમાંથી મળેલી આનુવંશિક માહિતીના આધારે આધુનિક ગ્રે વુલ્ફના કોષોમાં જનીન સંપાદન કરવામાં આવ્યું. ત્યાર પછી સરોગેટ શ્વાનોની મદદથી રોમ્યુલસ, રેમસ અને ખાલીસી નામના ત્રણ બચ્ચા જન્મ્યા. ટીકાકારો તેમને અસલ ડાયર વુલ્ફની બદલે જનીન-સંશોધિત વુલ્ફ માને છે. કંપની એશિયન હાથીના કોષોમાં મેમથના ઠંડી સહન કરવાના લક્ષણો દાખલ કરીને ૨૦૩૦ના દાયકામાં પ્રથમ મેમથ જન્માવવાનું લક્ષ્ય ધરાવે છે.

આ સંશોધનનો એક મહત્વપૂર્ણ હેતુ આર્કટિક પર્યાવરણનું સંરક્ષણ છે. મેમથ જેવા વિશાળ પ્રાણીઓ બરફને દબાવીને ઠંડી હવાને જમીન સુધી પહોંચાડવામાં મદદ કરી શકે છે, જેથી પર્માફ્રોસ્ટ એટલે કે કાયમી થીજેલી જમીન ઓગળતી અટકાવવામાં મદદ મળે.

વૃક્ષો અને ઝાડીઓને નુકસાન પહોંચાડીને તેઓ જંગલોને ઘાસના મેદાનોમાં ફેરવવામાં પણ યોગદાન આપી શકે છે. જો કે, આ પર્યાવરણીય લાભો વધુ વૈજ્ઞાનિક તપાસ અને મૂલ્યાંકનને આધીન રહેશે.

## જામનગરમાં અગ્નિની સાક્ષીએ શક્તિની ભક્તિ, અદ્ભૂત સ્વસ્તિક મશાલ રાસ



જામનગરમાં નોરતાના પ્રારંભ સાથે ઉત્સાહ છવાયો છે. રણજીતનગરમાં યોજાતી પટેલ યુવક ગરબી મંડળની ગરબીમાં આગ સાથેનો રાસ આકર્ષણરૂપ બન્યો છે. ખેલૈયાઓએ પરંપરાગત પોશાક સાથે સ્વસ્તિક મશાલ રાસ પ્રસ્તુત કરી દર્શકોને રોમાંચિત કરી દીધા હતાં. હિન્દુ સનાતન ધર્મમાં અગ્નિ એ દેવતા છે, જેની સાક્ષીએ શુભકર્મો કરવામાં આવે છે. અને, સ્વસ્તિક એ શુભતાનું પ્રતીક છે ત્યારે, સ્વસ્તિક મશાલ રાસ વડે અગ્નિની સાક્ષીએ શક્તિની ભક્તિ કરી શુભત્વની ભાવના પ્રસરાવી હતી.

### હવે મોંઘી દાળ-રોટી ખાઓ અને નેતાઓના ગુણ ગાઓ!

# તુવેરના ભાવમાં કિલોએ વધુ રૂા.૩૦નો વધારો, દાળ ગત વર્ષથી ૫૦ ટકા મોંઘી

રાજકોટ,સોમવાર

જીવનજરૂરી ખાદ્યપદાર્થોમાં ભાવ વધારો ડામવામાં સરકારની સુસ્તી વચ્ચે મોંઘવારી ઉંચા કૂદકા લગાવી રહી છે અને સામાન્ય લોકોની હાલત કફોડી થઈ ગઈ છે. અનેકવિધ ખાદ્યચીજો બાદ હવે તુવેરના ભાવમાં તોતિંગ ભાવ વધારો ઝીંકી દેવાયો છે. તાજેતરમાં જ પ્રતિ કિલો તુવેરદાળના ભાવમાં રૂ.૩૦નો તોતિંગ વધારો ઝીંકી દેવાતા તુવેરદાળનું પેકેટ હવે રૂ.૧૮૦-૧૯૦એ પહોચ્યું છે. જેના ભાવ અગાઉ રૂ.૧૩૦ હતા. આશરે એક વર્ષ કરતા ઓછા સમયમાં તુવેરદાળના ભાવમાં ૫૦ ટકાનો વધારો થયો છે.

ગુજરાતમાં તુવેરનું વાવેતર નોર્મલ ૨.૫૬ લાખ હેક્ટરમાં થાય છે તે સામે ગત વર્ષે ૩.૧૦ લાખ હેક્ટર અને ચાલુ વર્ષે આજ ૧૧ ઓક્ટોબર સુધીમાં ૩.૩૭ લાખ હેક્ટરમાં થયું છે, અર્થાત વાવેતરમાં ૩૧ ટકાનો મોટો વધારો થયો છે. ગત વર્ષે રાજ્યમાં વિક્રમી ૪.૪૦ટન ઉત્પાદન ઉપરાંત બાદ ચાલુ વર્ષે પણ ૩.૭૧ લાખ ટન ઉત્પાદનનો પ્રાથમિક અંદાજ છે.સમગ્ર દેશમાં

(અનુસંધાન ૪થે પાને)

### અછતના માનસનો લાભ લેવા નફાખોર લોબી સક્રિય

## સિંગતેલમાં વધુ રૂા.૨૦ વધ્યાઃ ૩ દિવસમાં રૂા. ૭૫નો વધારો

રાજકોટ,સોમવાર

વરસાદનો અભાવ નહીં પણ અપુરતા વરસાદથી સર્જાયેલા અછતના માનસને સરકારની મુક સંમતિ માનીને પ્રોફિટનો ગાળો વધારવાના અવસરમાં પરિવ તત કરાતો હોય તે રીતે અનેકવિધ ખાદ્યચીજો સાથે સિંગતેલના ભાવમાં તેજીનો કૃત્રિમ તોફાન શરુ થયું છે. આજે સૌરાષ્ટ્ર સિંગતેલ ડબ્બે વધુ રૂ.૨૦ના વધારા સાથે ગત ત્રણદિવસમાં જ રૂ.૭૫નો એટલે કે કિલોએ રૂ.૫નો વધારો ઝીંકી દેવાયો છે.

રાજકોટ સિંગતેલ રૂ.૨૯૩૫-૨૯૮૫ની આ વર્ષની સૌથી વધુ ઉંચાઈ પર પહોંચાડી દેવાયું છે. આ જ તેલ હજુ ગત ગુરુવારે રૂ.૨૮૬૦-૨૯૧૦ના ભાવે સોદા પડતા હતા.

(અનુસંધાન ૪થે પાને)

### સરકારે જેમાં કસ્ટમ ડ્યુટી ઘટાડી તે સૂર્યમુખી તેલમાં પણ ઘટાડાને બદલે રૂા.૨૦ વધારી દેવાયા

### તુવેરના જથ્થાબંધ ભાવ ગત વર્ષે દિવાળી પૂર્વે ગત રૂ.૯૦૦-૧૩૦૦, બે સપ્તાહ પહેલાં ૧૩૦૦-૧૮૦૦ હવે પ્રતિ મણ ભાવ ૧૪૦૦-૨૦૨૨

### ગરબા આયોજકોની એન્ટ્રી પાસને નામે બેફામ લૂંટ

# GSTની ચોરી કરતાં ગરબા આયોજકો પર સરકાર-અધિકારીઓની કૃપાદ્રષ્ટિ

(પ્રતિનિધિ તરફથી) અમદાવાદ,સોમવાર

અમદાવાદમાં એકથી એક મોટા ગરબા આયોજકો દ્વારા દૈનિક પાસના રુ. ૧૨૦૦થી માંડીને રુ. ૨૫૦૦ વસૂલવામાં આવતા હોવા છતાંય અમદાવાદ અને ગુજરાતના ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ અધિકારીઓ ગરબા આયોજકોની જીએસટીની ચોરી સામે આંખ આડા કાન કરી રહ્યા છે. જીએસટીના નિયમ મુજબ રુ. ૫૦૦થી વધુના મૂલ્યના ગરબાના પાસ પર ૧૮ ટકા જીએસટી લાગુ પડે છે. પરંતુ આ ચોરી પકડવામાં અમદાવાદ અને ગુજરાતના જીએસટી અધિકારીઓને રસ જ ન હોય અને મફતિયા પાસ મેળવીને મજા કરવામાં જ રસ હોય તેવી સ્થિતિ પ્રવર્તી રહી છે.

## 'સાચી નવરાત્રી', 'પરંપરાગત નોરતાં', 'રંગ મોરલા'ના નામે અમદાવાદમાં આયોજીત ગરબામાં જીએસટીની બેફામ ચોરી

ગોપાલ ફાર્મમાં કીર્તિદાન ગઢવીની પરંપરા નવરાત્રિના ૧૩મી તારીખના એક વ્યક્તિના પાસના રુ. ૯૯૯, ૧૩૯૯ અને ૨૪૯૯ના ભાવ બોલાઈ રહ્યા છે. કાયદાકીય જોગવાઈ મુજબ રુ. ૫૦૦થી વધુના મૂલ્યના પાસ ઉપર ૧૮ ટકા ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ લાગે છે. આ જ રીતે આદિત્ય ગઢવીને શીલજ પાસે સવાન્ના પાર્ટી પ્લોટમાં યોજાતા ૧૩મી ઓક્ટબરના ગરબાના પાસના રુ. ૨૦૦૦, ૫૦૦૦ (વીઆઈપી પાસ) અને ૭૫૦૦ (પાંચ વ્યક્તિના ગ્રુપ પાસના)બોલાઈ રહ્યા છે. શનિવારે આદિત્ય ગઢવીના ગરબાના એક દિવસના પાસના રુ. ૧૦૦૦ લેવામાં આવ્યા હતા.

સાયન્સ સિટી રોડ પર જિગરદાન ગઢવીની સાચી નવરાત્રિમાં ૧૩મી ઓક્ટોબરના ગરબાના રુ. ૧૨૦૦, ૧૫૦૦ અને રુ. ૨૫૦૦ના ભાવ બોલાઈ રહ્યા છે. આ જ રીતે શહેરની જુદી જુદી ક્લબોમાં યોજાઈ રહેલા ગરબીના એન્ટ્રી પાસના બહુ જ મોટા પૈસા લેવાય છે. તેઓ તેના પાસ પર તેની કિંમત લખતા નથી. પરંતુ તે કિંમત લઈને વેચવામાં આવી રહ્યા છે. પરિણામે તે પણ જીએસટીને પાત્ર જ બને છે. છતાંય તેઓ આ છટકબારીનો ઉપયોગ કરીને જીએસટીની ચોરી કરી રહ્યા છે. આમ છતાં જીએસટી વિભાગ કુંભકર્ણ નિદ્રામાં પોઢી રહ્યું છે. ગરબાના આ ભવ્ય આયોજનમાં 'નામ બડે ઓર દર્શન ખોટે' નો ઘાટ સર્જાયો છે. ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સના એન્ફોર્સમેન્ટ અધિકારી કિરણ સોલંકીને આ સંદર્ભમાં સંપર્ક કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું હતું કે અમારા ધ્યાનમાં આવશે તો અમે જરુર પગલાં લઈશું.

### ડોમ માટે બમણાં પૈસા ચૂકવનાર ખેલૈયાઓમાં રોષ

# કિર્તીદાનના ગરબામાં ટિકિટની કિંમત અડધી થઈ, લોકો છેતરાયા

અમદાવાદ,સોમવાર

એસ પી રીંગ રોડ પર આવેલા ગોપાલ ફાર્મમાં કિર્તિદાન ગઢવીના પંરપરા ગરબાનો એસી ડોમ ધરાશાયી થતા બીજા નોરતેથી ગરબા શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારે મોટાભાગના ખેલૈયાઓએ એડવાન્સમાં બે હજાર રૂપિયા પ્રતિદિનની કિંમતના ટિકિટના નાણાં ચુકવ્યા હતા. પરંતુ, હવે ટિકિટની કિંમત અડધી કરવામાં આવતા બમણાં નાણાં ચુકવનારાઓએ રીફંડની માંગણી કરી છે. જો કે આયોજકોએ નાણાં પરત આપવાનો ઈન્કાર કરતા ભારે હોબાળો થયો હતો. કિર્તિદાન ગઢવીના પંરપરાના નામે

(અનુસંધાન ૪થે પાને)

### અનેક આયોજકોએ ક્ષમતા કરતાં વધારે ટિકિટ વેચતા ગ્રાઉન્ડમાં ખેલૈયાઓ રમી ન શક્યા

નવરાત્રીમાં નફો કમાવવા માટે કેટલાક આયોજકોએ નિયમોનો સરેઆમ ભંગ કર્યો હતો. આયોજકો માટે મહત્વના નિયમો બનાવાયા છે. જે પૈકી તેમની ગ્રાઉન્ડ ક્ષમતા કરતા વધારે લોકોને ટિકિટનું વેચાણ ન કરવું અને ગ્રાઉન્ડમાં નક્કી કરેલી મર્યાદા કરતા વધારે લોકો એકઠા થાય તો ખેલૈયાઓ રમી ન શકે તેમજ ભાગદોડમાં જાનહાની થવાની પણ શક્યતા રહે છે. પરંતુ, તેમ છતાંય, કેટલાંક ગરબાના આયોજકોએ રોકડી કરવા માટે નિયત મર્યાદા કરતા વધારે પ્રવેશ આપ્યો હતો. જેના કારણે સાત થી આઠ જેટલા ગ્રાઉન્ડ પર હોબાળો થયો હતો અને લોકો ગરબે રમી શક્યા નહોતા.

### એસી ડોમના રૂપિયા બે હજારના પાસ એડવાન્સમાં લીધા બાદ હવે ખેલૈયાઓ અડધા નાણાં રીફંડ લેવા માટે દોડ્યા

### સ્ટેજ આસપાસ જીવતા વાયરો છતાં જોખમી સ્થિતિમાં ગરબા રમાયા

# ફાયર NOC વગર પહેલાં દિવસે જીગરદાન ગઢવીના ડોમમાં ગરબા : પોલીસે ખેલ જોયો

અમદાવાદ, સોમવાર

જીગરદાન ગઢવીના ડોમમાં ફાયર એન.ઓ.સી. ન અપાઈ હોવા છતાં પહેલાં નોરતે ગરબા યોજાયા હતાં. લોકોના જીવ જોખમાય તેવી રીતે જીવતા વાયરો હોવા છતાં ગરબા રમાડાયાં હતાં અને પોલીસે ખેલ જોયો હતો. ન્યુ સાયન્સ સિટી રોડ ઉપર જીગરદાન ગઢવીના એસી ડોમ ગરબામાં ચકાસણી માટે ચાર વખત ફાયર ટીમ ગઈ હતી.રાત્રે એક સુધી ગરબા ચાલુ હોવાનું જણાતાં ફાયર એનઓસી વગર ડોમમાં ગરબા યોજાતાં ખેલૈયાઓ પાસેથી ધરખમ ફી વસુલ્યા પછી ખેલૈયાઓ ઉપર જોખમની સ્થિતિ હોવાની ચર્ચા વચ્ચે પોલીસ, તંત્રનું મૌન ભેદી છે. પરમિશન ન હોવાથી મંગળવારે રાત્રે ગરબા બંધ રખાવ્યાનું પોલીસે જણાવ્યું હતું.

## પરમિશન વિના ડોમ પાસે કોના ઈશારે બંદોબસ્ત? ફાયર બ્રિગેડે ૩ દિવસ ધક્કા ખાધા પછી ગરબા કરવા દીધા! મંગળવારે ગરબા બંધ રખાવ્યા

અમદાવાદમાં ડોમના ગરબામાં કડક નિયમપાલનની મોટી-મોટી વાતો વચ્ચે છેવટે તંત્રએ કુલડીમાં ગોળ ભાંગી લીધો હોય તેમ જીગરદાન ગઢવીના ગરબા સામે શિર્ષાસન કર્યું હતું. એ.સી.ડોમમાં સરકારે બહાર પાડેલી ગાઈડ લાઈન મુજબ આયોજકોએ ફાયર બ્રિગેડની પરમિશન લીધી ન હતી જેના કારણે ફાયરે એન.ઓ.સી ન આપી ન હોવાથી પોલીસ પરમિશન આપી શકે તેમ ન હોવાથી આયોજકોએ પોલીસ કમિશનર કચેરીની લાયસન્સ બ્રાંચમાં અરજી કરી ન હતી. ફાયર ઓફિસરોએ ત્રણ દિવસ સુધી સ્થળ તપાસ કરી તેમાં આવવા જવા માટે રસ્તા ખુલ્લા ન હતા, જ્યાં ત્યાં કચરાના ઢગલા હોવાથી ગંદકી હતી. ખેલૈયાઓ પાસેથી ધરખમ ફી વસુલ્યા પછી પણ કોઈ સેફટી ન હતી. રવિવારે ગરબા સ્થળે ડોમ નીચે અને પાછળ ઈલેકટ્રીકના ખુલ્લા જીવતા વાયરો હતા તે ફાયર બ્રિગેડની સુચના છતાં કન્સિલ્ડ કરાયાં નહોતાં. આવી જોખમી સ્થિતિ વચ્ચે રવિવારે રાત્રે એક વાગ્યા સુધી ગરબા રમાડાયા હતા.

ફાયર એસ્ટિંગ્યુસર, ઈમરજન્સી એક્ઝીટ, સંપૂર્ણ એ.સી.ડોમમાં લગાડેલા કપડા અને એ.સી. ડોમના ગ્રાઉન્ડની કાર્પેટ પર ફાયર રેઝિસ્ટન્સ સ્પ્રે કરવા કહ્યું હતું તેમ છતાં ગઈકાલે રાત સુધી કામગીરી પૂર્ણ કરી ન હતી. જેથી આગ લાગે તો ગ્રાઉન્ડ ફ્લોર પર કપડામાં આગ લાગવાની સંભાવના વ્યક્ત કરી ફાયર બ્રિગેડે નોટિસ આપી હતી. ગરબાની ફાયર બ્રિગેડે એન.ઓ.સી

(અનુસંધાન ૪થે પાને)


